ॐ

શ્રી આત્મપ્રભા.

સંગ્રાહક

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ કાપડિયા.

ભાવનગરબંદર.

પ્રકાશક

એક દાની ગૃહસ્થ.

વીર સં ૨૪૫૪. વિ. સં. ૧૯૮૪.

મૂલ્ય-નિત્ય સ્વાધ્યાય.

બે બોલ.

આ પુસ્તકમાં મુખ્યત્વે સદ્ગત પરમ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રની કૃતિયોનો સંગ્રહ છે, તે ઉપરાંત દિગંબર આચાર્ય શ્રી પદ્મનન્દિ મુનિ તથા પંડિતશ્રી બનારસીદાસ, પંડિતશ્રી ટોડરમલ્લજી જેવા અધ્યાત્મી પુરુષોની ઉત્તમ કૃતિયોપરથી મુમુક્ષુ ભાઈશ્રી સોમચંદ અમથાલાલ શાહે કરેલા ગુજરાતી અનુવાદોનો તેમજ મુમુક્ષુ ભાઈશ્રી સોભાગચંદના અને સ્વ૦ શ્રી સુખલાલભાઈના પદ્યાનુવાદોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

આ આધ્યાત્મિક વિષયો ઉત્તમ જ્ઞાન આપશે તે ઉપરાંત સંસાર દાવાનલમાં સપડાયેલા જનોને શાન્ત્વન આપશે. આવી ઉત્તમ કૃતિયોના રચયિતાનો તથા અનુવાદકોનો ઉપકાર માનું છું.

એક દાની (જેમણે પોતાનું નામ પ્રકટ નહિ કરવાની આજ્ઞા કરી છે તેવા એક) ગૃહસ્થે આ પુસ્તક છપાવી લક્ષ્મીનો જ્ઞાનદાનમાં ઉપયોગ કર્યો છે તે પ્રશંસનીય છે. અન્ય જ્ઞાનપ્રેમી ગૃહસ્થો પોતાને પ્રાપ્ત થયેલ લક્ષ્મીનો સદુપયોગ આવા અધ્યાત્મજ્ઞાન-પ્રચારના કાર્યમાં કરે તેવી વિનતિ છે.

આ ગ્રંથ તેના 'આત્મપ્રભા' નામ પ્રમાણે દરેક વાચક મુમુક્ષુના આત્માની પ્રભાને તેજોમય કરે એમ હૃદયપૂર્વક ભાવના ભાવતો અને આ પુસ્તકમાં રહેલ સ્ખલના માટે ક્ષમા યાચતો—

ભાવનગર
૧૯૯૪-અનંત ચતુર્દશી

સતસેવક,
ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.

અનુક્રમણિકા.

અર્પણ:—

પૂજ્ય તીર્થસ્વરૂપ.

પરમકૃપાળુશ્રીગુરૂદેવને.

સેવક—

હરિલાલ.

"જે તીર્થંકરે જ્ઞાનનું ફળ વિરતિ કહ્યું છે તે તીર્થંકરને અત્યંત ભક્તિએ નમસ્કાર હો."

⚜ ⚜ ⚜

"વિશાળ બુદ્ધિ, મધ્યસ્થતા, સરળતા અને જિતેંદ્રિયપણું–આટલા ગુણો જે આત્મામાં હોય તે તત્ત્વ પામવાનું ઉત્તમ પાત્ર છે."

⚜ ⚜ ⚜

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાય;
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

⚜ ⚜ ⚜

જ્ઞાન, ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવપાર.

⚜ ⚜ ⚜

"આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. આ સૃષ્ટિને વિષે એવો કોઈ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહિ અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય."

અમૃત પ્રિન્ટિંગ પ્રેસ—સોનગઢ

વિનયભક્તિ એ મુમુક્ષુઓનો ધર્મ છે.

* * *

સાચી મુમુક્ષુતા મહત્ પુરુષના ચરણકમલની ઉપાસનાથી પ્રાપ્ત થાય છે.

મુમુક્ષુ થવા માટે પ્રાથમિક કર્ત્તવ્ય.

૧ સાત વ્યસન [જૂગટુ, માસ, મદિરા, વેશ્યાગમન, શિકાર, ચોરી, પરસ્ત્રી] નો ત્યાગ

૨ રાત્રિભોજનનો ત્યાગ

૩ કંદમૂળનો ત્યાગ

૪ અમુક સિવાય સર્વ વનસ્પતિનો ત્યાગ

૫ અમુક તિથિએ અત્યાગ વનસ્પતિનો પણ પ્રતિબંધ, અમુક રસનો ત્યાગ, અબ્રહ્મચર્યનો ત્યાગ

૬ પરિગ્રહ પરિમાણ

૭ અભક્ષ્યનો ત્યાગ.

૮. હંમેશા સત્સમાગમ અને સત્શાસ્ત્રનુ સેવન.

* * *

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ ઘટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનુ અભિમાન મંદ પરિણામને પામે છે તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે.

નિત્યનિયમ.

૧. સવારમાં ઊઠી ઈર્યાપથિકી પ્રતિક્રમી, રાત્રિ-દિવસ જે કંઈ અઢાર પાપસ્થાનકમા પ્રવૃત્તિ થઈ હોય, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સબધી તથા પચપરમપદ સબધી જે કંઈ અપરાધ થયો હોય, કોઈ પણ જીવ પ્રતિ કિચિત્ માત્ર પણ અપરાધ કર્યો હોય, તે જાણતા અજાણતાં થયો હોય તે સર્વ ક્ષમાવવા, તેને નિદવા, વિશેષ નિદવા, આત્મામાથી તે અપરાધ વિસર્જન કરી નિશલ્ય થવુ

૨ રાત્રિએ શયન કરતી વખતે પણ એ જ પ્રમાણે કરવુ

૩ શ્રી સત્પુરુષના દર્શન કરવા.

૪. ચાર ઘડી માટે સર્વ સાવદ્ય વ્યાપારથી નિવર્તી એક આસન પર સ્થિતિ કરવી

૫ "પરમ ગુરુ" એ શબ્દની પાચ માળાઓ ગણવી

૬ સત્શાસ્ત્રનુ અધ્યયન કરવુ

૭ એક ઘડી કાયોત્સર્ગ કરી શ્રીસત્પુરુષોના વચનોનુ તે કાયોત્સર્ગમા રટણ કરી સદ્વૃત્તિનુ અનુસધાન કરવુ.

૮ અરધી ઘડી ભક્તિની વૃત્તિ ઉજમાળ કરનારાં એવા પદો [આજ્ઞાનુસાર] ઉચ્ચારવા

૯. ભક્તિ-રહસ્ય દુહાનુ પઠન-મનન

૧૦. ક્ષમાપનાનો પાઠ

૧૧ અરધી ઘડીમા "પરમગુરુ" શબ્દનુ કાયોત્સર્ગરૂપે રટણ કરવુ અને "સર્વજ્ઞદેવ" એ નામની પાચ માળા ગણવી.

મંગળાચરણ.

ओंकारबिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमोनमः ॥ १ ॥

પ્રાતઃવિચારણા.

પ્રભાતમાં વહેલા ઉઠવાનો અને એકાંતમાં
સ્થિર બેસવાનો પરિચય રાખજો

શ્રીમદ્ રાજચંદ્ર.

भीसण नरय गइए, तिरिय गइए कुदेव मणुय गइए
पत्तो सि तीवदुःखं, भावहि जिणभावणा जीव ! ॥

અર્થ:— ભયંકર નરક ગતિમાં, તિર્યંચ ગતિમાં અને માઠી દેવ તથા મનુષ્ય ગતિમાં હે જીવ! તું તીવ્ર દુઃખને પામ્યો, માટે હવે તો જિન ભાવના (જિન ભગવાન જે પરમ શાંતરસે પરિણમી સ્વરૂપસ્થ થયા તે પરમ શાંતસ્વરૂપ ચિંતવના) ભાવ, ચિંતવ.

ૐ શાંતિ શાંતિ શાંતિ

આત્મભાવનારૂપ આરાધના મંત્ર.

શ્રીસદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ
માર્ગનો સદા આશ્રય રહો;
હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી,
પુત્રાદિ કોઈ પણ મારાં નથી,
શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અવિનાશી
એવો હું આત્મા છઉં.

:૭:

જીવને હિતશિક્ષા.

અંતરમાં સુખ છે. બહારમાં નથી. સત્ય કહું છું.

હે જીવ ! તું ભૂલ મા

સુખ અંતરમા છે, તે બહાર શોધવાથી નહી મળે

અંતરનું સુખ અંતરની સ્થિતિમા છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.

સ્થિતિ (સમશ્રેણિ) રહેવી બહુ વિકટ છે, નિમિત્તાધીન ફરી ફરી વૃત્તિ ચલિત થઇ જાય છે. એનો દૃઢ ઉપયોગ રાખવો જોઇએ

એ ક્રમ યથાયોગ્ય ચલાવ્યો આવીશ તો તું મૂંઝાઇશ નહી, નિર્ભય થઇશ

હે જીવ ! તું ભૂલ મા

વખતે વખતે ઉપયોગ ચૂકી કોઇને રંજન કરવામાં, કોઇથી રંજન થવામાં વા મનની નિર્બળતાને લીધે અન્ય પાસે મંદ થઈ જાય છે એ ભૂલ થાય છે તે ન કર.

વવાણીઆ. વિ. સં. ૧૯૪૧.

ભક્તિનો ઉપદેશ.

(તોટક છંદ)

શુભ શીતળતામય છાંય રહી,
મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુકલ્પ અહો,
ભજિને ભગવંત ભવંત લહો ૧.

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે,
મન તાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણ દામ ગ્રહો,
ભજિને ભગવંત ભવંત લહો ૨

સમભાવિ સદા પરિણામ થશે,
જડ મંદ અધોગતિ જન્મ જશે,
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો,
ભજિને ભગવંત ભવંત લહો ૩

શુભ ભાવવડે મન શુદ્ધ કરો,
નવકાર મહાપદને સમરો,
નહિ એહ સમાન સુમંત્ર કહો,
ભજિને ભગવંત ભવંત લહો. ૫.

કરશો ક્ષય કેવળ રાગ કથા,
ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા,
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો,
ભજિને ભગવંત ભવંત લહો ૪

સર્વ ચારિત્ર વશીભૂત કરવાને માટે, સર્વ પ્રમાદ ટાળવાને માટે, આત્મામા અખંડ વૃત્તિ રહેવાને માટે, મોક્ષ સંબંધી સર્વ સાધનના જયને અર્થે "**બ્રહ્મચર્ય**" અદ્દભુત અનુપમ સહાયકારી છે; અથવા મૂળભૂત છે.

વવાણીઆ. વિ. સં. ૧૯૪૧.

બ્રહ્મચર્ય વિષે સુભાષિત.

(દોહરા)

નિરખીને નવયૌવના, લેશ ન વિષયનિદાન,
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાનસમાન. ૧.
આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી, ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨.
એક વિષયને જીતતા, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતા જીતિયે, દળ, પુર ને અધિકાર. ૩.
વિષયરૂપ અંકુરથી, ટળે જ્ઞાન ને ધ્યાન,
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪.
જે નવવાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ,
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫.
સુંદર શીયળ સુરતરુ, મન વાણી ને દેહ,
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬.
પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન,
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭.

મનુષ્યપણું, આર્યતા, જ્ઞાનીના વચનોનું શ્રવણ, તે પ્રત્યે આસ્તિક્યપણું, સંયમ, તે પ્રત્યે વીર્યપ્રવૃત્તિ, પ્રતિકૂળ યોગોએ પણ સ્થિતિ, અંતપર્યંત સંપૂર્ણ માર્ગરૂપ સમુદ્ર તરી જવો, એ ઉત્તરોત્તર દુર્લભ અને કઠણ છે, એ નિસંદેહ છે

આ દુર્લભ મનુષ્યદેહે કરવા યોગ્ય કાર્ય તો એક જ છે કે કોઈ પ્રત્યે રાગ અથવા કોઈ પ્રત્યે કિંચિત્ માત્ર દ્વેષ ર હે સર્વત્ર સમદશા વર્તે એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.

વવાણીઆ વિ. સં. ૧૯૪૨.

અમૂલ્ય તત્ત્વવિચાર.

(હરિગીત છંદ)

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો ? ૧.

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન્ જેથી જંજિરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મુઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારૂં ખરૂં?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરિહરૂં?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યાં,
તો સર્વ આત્મિકજ્ઞાનના સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪.

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું,
રે! આત્મ તારો! આત્મ તારો!, શીઘ્ર એને ઓળખો.

સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો

આ વચનને હૃદયે લખો.

---

* આ પદ પર જીવ વિચાર કરે તો તેને નવે તત્ત્વનો, તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ બોધ મળી જાય એમ છે. એમાં તત્ત્વજ્ઞાન સંપૂર્ણ સમાવેશ પામે છે. શાન્તિપૂર્વક વિવેકથી વિચારવું જોઇએ.

શ્રીમદ્ રાજચંદ્ર.

સર્વત્ર સમદશા વર્ત્તે એ જ કલ્યાણનો મુખ્ય નિશ્ચય છે.

* * *

શરીર કોનું છે? મોહનું છે. માટે અસંગ ભાવના રાખવી યોગ્ય છે.

अधुवे असासयम्मि, संसारम्मि दुक्खपउराए ।
किं नाम होज्ज तं कम्मयं, जेणाहं दुग्गइं न गच्छेज्जा ॥

અર્થ:— આ અધ્રુવ અને અશાશ્વત, શારીરિક અને માનસિક પ્રચુર દુ:ખમય સંસારમાં કયું એવું કર્મ (અનુષ્ઠાન) છે કે જે અનુષ્ઠાનવડે હું દુર્ગતિ પ્રત્યે ન જાઉં?

વવાણીઆ. વિ. સં ૧૯૪૧.

અનિત્યભાવના:—

ઉપજાતિ

વિદ્યુત્ લક્ષ્મી પ્રભુતા પતંગ,
આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગરંગ,
શું રાચિયે ત્યાં ક્ષણનો પ્રસંગ?

અશરણભાવના:—

ઉપજાતિ

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

એકત્વભાવના:—

ઉપજાતિ.

શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,
તે કોઈ અન્યે લઈ ના શકાય,
એ ભોગવે એક સ્વ આત્મ પોતે,
એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.

અન્યત્વભાવના:—

શાર્દૂલવિક્રીડિત.

ના મારા તન રૂપ કાંતિ યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહિયો સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના,
ના મારા ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના

અશુચિભાવના:—

ગીતિવૃત

ખાણ મૂત્ર ને મળની, રોગ જરાનું નિવાસનું ધામ,
કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

નિવૃત્તિબોધ:—

હરિગીત છંદ

અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા !
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા ! !
ઉઘાડ ન્યાય નેત્રને, નિહાળ રે ! નિહાળ તું,
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી, તે પ્રવૃત્તિ બાળ તું

:૧૪:

મોહમયિ. આસો વદ ૧૦ શનિ. ૧૯૪૫.

અનુભવ પ્રવચન.

બીજુ કાંઇ શોધ મા—માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમા સર્વ ભાવ અર્પણ કરી દઇ વર્ત્યો જા. પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે

સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે—શાસ્ત્રમા નથી, અને સાંભળ્યામા નથી, છતા અનુભવમા આવે તેવુ જેનુ કથન છે, અતરગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે, બાકી તો કઇ કહ્યુ જાય તેમ નથી

અને આમ કર્યા વિના તારો કોઇ કાળે છુટકો થનાર નથી, આ અનુભવ પ્રવચન પ્રમાણિક ગણ

વિ **રાયચંદ**ના પ્રણામ—

૨

એક સત્પુરુષને રાજી કરવામાં, તેની સર્વ ઇચ્છાને પ્રશસવામા, તે જ સત્ય માનવામાં આખી જીદગી ગઇ તો ઉત્કૃષ્ટમા ઉત્કૃષ્ટ પદરે ભવે અવશ્ય મોક્ષે જઇશ—

મિતિ અને લેખક એજ.

જેવું સિદ્ધ ભગવાનનું આત્મસ્વરૂપ છે તેવું સર્વ જીવોનું આત્મસ્વરૂપ છે, ભગવાનના સ્વરૂપનું ચિંતન કરવું તે પરમાર્થદૃષ્ટિવાન પુરુષોને ગૌણતાર્થી સ્વરૂપનું જ ચિંતવન છે

*　　　*　　　*

મહાત્મા મુનિવરોના ચરણસંગની ઉપાસના અને સત્શાસ્ત્રનું અધ્યયન મુમુક્ષુઓને આત્મબળની વર્ધમાનતાના સદુપાય છે.

મુંબઈ. વૈ વદ ૪. ૧૯૪૬.

જિનપદ એ જ નિજપદ.

હોત આસવા પરિસવા, નહિ ઇનમે સંદેહ,
　માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ
રચના જિનઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ,
　ઇનમે સબ મત રહત હૈ, કરતે નિજ સંભાલ.
જિન સો હી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ,
　કર્મ કટે જિનબચનસો, તત્ત્વજ્ઞાનિકો મર્મ,
જબ જાન્યો નિજરૂપકો તબ જાન્યો સબ લોક,
　નહિં જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક,
યહિ દિશાકી મૂઢતા, હૈ નહિ જિનપે ભાવ,
　જિનસે ભાવ બિનુ કબૂ નહિ છૂટત દુખદાવ.
વ્યવહારસે દેવ જિન, નિહચેસે હૈ આપ,
　એહિ બચનસે સમજ લે, જિનપ્રવચનકી છાપ.
એહિ નહી હૈ કલ્પના, યેહી નહી વિભંગ,
　જબ જાગેગે આતમા, તબ લાગેગે રંગ

જીવને પોતાના ડહાપણ અને મરજી પ્રમાણે ચાલવું એ વાત મનગમતી છે, પણ તે જીવનુ ભૂડું કરનાર વસ્તુ છે. આ દોષ મટાડવા સારૂ પ્રથમ તો કોઇને ઉપદેશ દેવાનો નથી પણ પ્રથમ ઉપદેશ લેવાનો છે એ જ્ઞાનીનો ઉપદેશ છે.

મુંબઇ. અ. ૧૯૪૭.

શ્રીસદ્‌ગુરુ કૃપામહાત્મ્ય.

(૧)

બિના નયન પાવે નહી, બિના નયનકી બાત,
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્ ૧.
બુઝી ચહત જો પ્યાસકો, હૈ બુઝનકી રીત,
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત ૨
એહિ નહી હૈ કલ્પના એહિ નહી વિભંગ,
કયિ નર પંચમકાળમે, દેખી વસ્તુ અભંગ ૩
નહિ દે તુ ઉપદેશકુ, પ્રથમ લેહિ ઉપદેશ,
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪.
જપ, તપ, ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ,
જહા લગી નહિ સંતકી, પાઇ કૃપા અનૂપ ૫.
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ,
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬.

(૨)

તૃષાતુરને પાયાની મહેનત કરજો. અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો. જેને તે પેદા ન થાય તેવુ હોય તેને માટે ઉદાસીન રહેજો.

ચેતનને ચેતન પર્યાય હોય અને જડને જડ પર્યાય હોય. એ જ પદાર્થની સ્થિતિ છે. જે જે પરિણામ થાય છે તે તે પર્યાય છે. વિચારવાથી આ વાત યથાર્થ લાગશે.

*　　　*　　　*

ભ્રમજાળ યથાર્થ લક્ષમા ઉતરે તો જડ ચૈતન્ય ક્ષીર–નીરવત્ ભિન્ન સ્પષ્ટ ભાસે: જીવ અને આત્મા તન્મયપણે થાય નહીં.

રાળજ. ભા. સુ. ૮. ૧૯૪૭.

જડ–ચેતન સ્વભાવ.

૧. જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
　કોઈ કોઈ પલટે નહી, છોડી આપ સ્વભાવ. ૧.

જડ તે જડ ત્રણ કાળમા, ચેતન ચેતન તેમ;
　પ્રગટ અનુભવરૂપ છે, સશય તેમાં કેમ? ૨.

જો જડ ત્રણ કાળમા, ચેતન ચેતન હોય;
　બધ મોક્ષ તો નહી ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩.

બધ મોક્ષ સયોગથી, જ્યા લગ આત્મ અભાન;
　પણ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪.

વર્તે બધ પ્રસગમા, તે નિજપદ અજ્ઞાન;
　પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાત પ્રમાણ. ૫.

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
　જીવ બધન જાણે નહી, કેવો જિન સિદ્ધાંત? ૬.

પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ ૭.
જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮.
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહિ નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯.
હોય તેહનો નાશ નહિ, નહિ તેહ નહિ હોય,
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય ૧૦.

---

૨ પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ,
જેણે આપ્યુ ભાન નિજ, તેને સદા પ્રણામ

---

૩ જે જે પ્રકારે આત્માને ચિંતન કર્યો હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે

વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનુ નિત્યપણુ ભાસતુ નથી, એમ ઘણુ કરીને દેખાય છે, તેમ થાય છે, તે યથાર્થ છે, કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી પોતાનુ પણ અનિત્યપણુ ભાસે છે.

વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે શૂન્યપણે ચિંતન કરનારને આત્મા શૂન્ય લાગે છે, અનિત્યપણે ચિંતન કરનારને અનિત્ય લાગે છે, નિત્યપણે ચિંતન કરનારને નિત્ય લાગે છે.

વ્યવહાર જેનો પરમાર્થ છે તેવા આત્મજ્ઞાનીની આજ્ઞાએ વર્ત્યે આત્મા લક્ષગત થાય; કલ્યાણ થાય.

રાળજ. ભા. શુ. ૮. ૧૯૪૭.

॥ ॐ सत् ॥

શું સાધન બાકી રહ્યું ? કૈવલ્ય બીજ શું ?

(તોટક છંદ)

* યમ નીયમ સજમ આપ કિયો,
પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો,
વનવાસ લયો મુખ મૌન રહ્યો,
દૃઢ આસન પદ્મ લગાય દિયો. ૧.
મનપૌન નિરોધ સ્વબોધ કિયો,
હઠજોગ પ્રયોગ સુ તાર ભયો,
જપ ભેદ જપે તપ ત્યોંહિ તપે,
ઉરસેંહિ ઉદાસિ લહી સબપે. ૨
સબ શાસ્ત્રનકે નય ધારિ હિયે,
મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજૂ ન પર્યો ૩

* આ આઠ તોટક છંદ અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે કે, જેમા આ જીવને શુ આચરવુ બાકી છે, અને જે જે પરમાર્થને નામે આચરણ કર્યાં તે અત્યારસુધીમાં વૃથા થયા, ને તે આચરણને વિષે મિથ્યાગ્રહ છે તે નિવૃત્ત કરવાનો બોધ કહ્યો છે, તે પણ અનુપ્રેક્ષા કરતા જીવને પુરુષાર્થ વિશેષનો હેતુ છે

અબ ક્યોં ન બિચારત હે મનસે,
કછુ ઔર રહા ઉન સાધનસે ?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે,
મુખ આગળ હૈ કહ બાત કહે ? ૪
કરુના હમ પાવત હૈ તુમકી,
વહ બાત રહી સુગુરુ ગમકી,
પલમેં પ્રગટે મુખ આગલસે,
જબ સદ્‌ગુરુ ચર્ન સુપ્રેમ બસે. ૫
તનસે, મનસે, ધનસે, સબસે,
ગુરુદેવકિ આન સ્વઆત્મ બસે;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬
વહ સત્ય સુધા દરશાવહિંગે,
ચતુરાંગુલ હે દગસે–મિલ હે,
રસદેવ નિરંજનકો પિવહી,
ગહિ જોગ જુગોજુગ સો જિવહી. ૭.
પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે,
સબ આગમભેદ સુઉર બસે,
વહ કેવલકો બિજ ગ્યાનિ કહે,
નિજકો અનુભૌ બતલાઈ દિયે

સત્પુરુષની આજ્ઞામાં વર્ત્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્‌પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે.

મુંબઈ. ફાલ્ગુન. ૧૯૫૦.

આત્માના છ પદ.

અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાનીપુરુષોએ નીચે કહ્યા છે તે છ પદને સમ્યગ્‌દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

પ્રથમ પદ:—"આત્મા છે."

જેમ ઘટ પટ આદિ પદાર્થો છે તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટ પટ આદિ હોવાનુ પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનુ પ્રમાણ છે.

બીજું પદ:—"આત્મા નિત્ય છે."

ઘટ પટ આદિ પદાર્થો અમુક કાળવર્તિ છે. આત્મા ત્રિકાળ-વર્તિ છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે, કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવયોગ્ય થતા નથી કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય તેનો કોઇને વિષે લય પણ હોય નહી.

ત્રીજું પદ:—"આત્મા કર્ત્તા છે."

સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિ-

ણામક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામા આવે છે આત્મા પણ ક્રિયાસપન્ન છે. ક્રિયાસપન્ન છે, માટે કર્તા છે, તે કર્તાપણુ ત્રિવિધ શ્રી જિને વિવેચ્યુ છે. પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે અનુપચરિત (અનુભવમા આવવાયોગ્ય-વિશેષ સંબધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્ય કર્મનો કર્તા છે ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે

ચોથું પદ:—"આત્મા ભોક્તા છે."

જે જે કઈ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કઈ પણ કરવામા આવે તેનુ ફળ ભોગવવામા આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે વિષ ખાધાથી વિષનુ ફળ, સાકર ખાવાથી સાકરનુ ફળ, અગ્નિસ્પર્શથી અગ્નિસ્પર્શનુ ફળ, હીમને સ્પર્શ કરવાથી હીમસ્પર્શનુ જેમ ફળ થયા વિના રહેતુ નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનુ ફળ પણ થવાયોગ્ય જ થાય છે તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે

પાંચમું પદ:—"મોક્ષપદ છે."

જે અનુપચરિત-વ્યવહારથી જીવને કર્મનુ કર્તાપણુ નિરૂપણ કર્યુ, કર્તાપણુ હોવાથી ભોક્તાપણ નિરૂપણ કર્યુ, તે કર્મનુ ટળવાપણુ પણ છે, કેમકે પ્રત્યક્ષ કષાયાદિનુ તીવ્રપણુ અનભ્યાસથી—તેના અપરિચયથી—તેને ઉપશમ કરવાથી—તેનુ મદપણુ દેખાય છે, તે ક્ષીણ થવાયોગ્ય દેખાય છે—ક્ષીણ થઈ શકે છે તે તે બધભાવ ક્ષીણ થઈ શકવાયોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ:—"તે મોક્ષનો ઉપાય છે."

જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહી, પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળા એવા જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભકત્યાદિ સાધન પ્રત્યક્ષ છે. જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે, માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાનીપુરુષોએ સમ્યગ્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યા એવા આ છ પદ અત્રે સંક્ષેપમા જણાવ્યા છે, સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમા તે સપ્રમાણ થવાયોગ્ય છે પરમ નિશ્ચયરૂપ જણાવાયોગ્ય છે તેનો સર્વ વિભાગે વિસ્તાર થઇ તેના આત્મામા વિવેક થવાયોગ્ય છે આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ–મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાનીપુરુષોએ દેશના પ્રકાશી છે, તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનુ સ્વરૂપ છે એમ જો જીવ પરિણામ કરે તો સહજમાત્રમા તે જાગ્રત થઈ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યગ્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ ઉત્પન્ન ન થાય તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણુ, સંપૂર્ણપણુ, અવિનાશીપણુ, અત્યંત આનંદપણુ, અંતરરહિત તેના અનુ-

ભવમાં આવે છે. સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે, તેથી કેવળ પોતાનુ ભિન્નપણું જ છે એમ સ્પષ્ટ–પ્રત્યક્ષ–અત્યત પ્રત્યક્ષ–અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સયોગને વિષે તેને ઇષ્ટઅનિષ્ટપણુ પ્રાપ્ત થતુ નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સપૂર્ણ મહાત્મ્યનુ ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી, તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણુ એવાં પરમપુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે. આધિ, વ્યાધિ, ઉપાધિ–સર્વસંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિકાળમા પણ તેમ જ થશે

'જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો–સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્યપ્રત્યે નિરતર સ્તવવામા પણ આત્મસ્વભાવ પ્રગટે છે એવા સર્વ સત્પુરુષો, તેનાં ચરણારવિદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો !"

"જે છ પદથી સિદ્ધ છે એવુ આત્મસ્વરૂપ તે જેનાં વચનને અગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વકાળ જીવ સપૂર્ણ આનદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છાવિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને

વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્ત્તા છે, માટે મારો છે, એમ કદી જોયુ નથી, એવા જે સત્પુરુષ, તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!"

"જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે. ભક્તિનુ નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!"

"જો કદી પ્રગટપણે વર્ત્તમાનમા કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યુ છે, એમ શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયુ છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયુ છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયુ છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્ત્તે છે, તે કેવળજ્ઞાન-સર્વ અવ્યાબાધ સુખનુ પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમા જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!"

અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર પામવાયોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એમો મુમુક્ષુજીવને અવશ્ય નિશ્ચય જોઈએ.

શ્રી સહજાત્મસ્વરૂપ.

જેની પ્રત્યક્ષ દશા જ બોધરૂપ છે તે મહાપુરુષને ધન્ય છે.

વવાણીઆ. માગશર. ૧૯૫૨.

પરમપદપ્રાપ્તિની ભાવના.

(અંતર્ગત)

ગુણશ્રેણીસ્વરૂપ.

॥ ૐ ॥

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઇશુ બાહ્યાતર નિર્ગ્રંથ જો ?
સર્વ સબધનુ બધન તિક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરષને પથ જો ? અપૂર્વ૦

૨. સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સયમહેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશુ કલ્પે નહી,
દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો અપૂર્વ૦

૩. દર્શનમોહ વ્યતીત થઇ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવળ ચૈતન્યનુ જ્ઞાન જો,
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવુ શુદ્ધસ્વરૂપનુ ધ્યાન જો. અપૂર્વ૦

૪. આત્મસ્થિરતા ત્રણ સક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યત જો,
ઘોર પરિષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહી તે સ્થિરતાનો અત જો. અપૂર્વ૦

૫ સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦
૬. પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધવણ,
વિચરવું ઉદયાધીન પણ વીત લોભ જો. અપૂર્વ૦
૭. ક્રોધપ્રત્યે તો વર્ત્તે ક્રોધસ્વભાવતા,
માનપ્રત્યે તો દીનપણાનું માન જો,
માયાપ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભપ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦
૮ બહુ ઉપસર્ગકર્ત્તાપ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રિ તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો અપૂર્વ૦
૯ નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો અપૂર્વ૦
૧૦ શત્રુ મિત્રપ્રત્યે વર્ત્તે સમદર્શિતા,
માન અમાને વર્ત્તે તેજ સ્વભાન જો,
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો. અપૂર્વ૦

૧૧. એકાકી વિચરતો વળી સ્મશાનમાં
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન, ને મનમા નહી ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો અપૂર્વ૦
૧૨ ઘોર તપશ્ચર્યામા પણ મનને તાપ નહી,
સરસ અન્ને નહીં મનને પ્રસન્ન ભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યા પુદ્ગળ એક સ્વભાવ જો અપૂર્વ૦
૧૪ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવુ ત્યા જ્યા કરણ અપૂર્વ ભાવ જો,
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિતન અતિશય, શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ૦
૧૪ મોહ સ્વયભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યા જ્યા ક્ષીણમોહ ગુણસ્થાન જો,
અ ત સમય ત્યા પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવુ નિજ કેવળજ્ઞાન નિધાન જો અપૂર્વ૦
૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યતિક નાશ જો,
સર્વભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનત પ્રકાશ જો અપૂર્વ૦
૧૬, વેદનીયાદિ ચાર કર્મ વર્ત્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ્ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ પૂર્ણે મટિયે દૈહિકપાત્ર જો. અપૂર્વ૦
૧૭ મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહા સકળ પુદ્ગલ સબધ જો;

એવું અયોગિ ગુણસ્થાનક ત્યાં વર્ત્તતું,
  મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦

૮. એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંકરહિત અડોલસ્વરૂપ જો,
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્ત્તિ અનન્યમય,
  અગુરુલઘુ, અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦

૯ પૂર્વ પ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,
  અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦

૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
  અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦

૧ એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજાવગર ને હાલ મનોરથરૂપ જો,
તોપણ નિશ્ચય **રાજચંદ્ર** મનને રહ્યો,
  પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦

જે દેહધારી સર્વ અજ્ઞાન અને સર્વ કષાયરહિત યા છે તે દેહધારી મહાત્માને ત્રિકાળ પરમભક્તિથી મસ્કાર હો, નમસ્કાર હો.

તે મહાત્મા વર્ત્તે છે તે દેહને, ભૂમિને, ઘરને, ર્ગને, આસનાદિ સર્વને નમસ્કાર હો. નમસ્કાર હો.

મુંબઈ. કાર્તિક વદ ૧૧. ૧૯૫૬.

ભેદજ્ઞાન.

૧. જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે,
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સબંધમાત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે,
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃતિ થાય છે,
કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવઅન્તનો ઉપાય છે.

૨. દેહ જીવ એક રૂપે ભાસે છે અજ્ઞાનવડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે,
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમા જણાય છે,
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનિના વચનવડે દૂર થઈ જાય છે,
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન,
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે.

૩. જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ,
કારણ તેનાં બે કહ્યાં, રાગ–દ્વેષ અણુહેતુ

૪ વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.

૫. પ્રાણીમાત્રનો રક્ષક, બંધવ ને હિતકારી એવો,
કોઈ ઉપાય હોય તો તે વીતરાગનો ધર્મ જ છે.

૬ સતજનો ! જિનવરેંદ્રોએ લોકાદિ જે સ્વરૂપ નિરૂપણ કર્યાં છે, તે અલંકારિક ભાષામાં યોગાભ્યાસ અને લોકાદિ સ્વરૂપનું નિરૂપણ છે. જે પૂર્ણ યોગાભ્યાસ વિના જ્ઞાનગોચર થવાયોગ્ય નથી માટે તમે તમારાં અપૂર્ણ જ્ઞાનને આધારે વીતરાગનાં વાકયોનો વિરોધ કરતા નહીં, પણ યોગનો અભ્યાસ કરી પૂર્ણતાએ તે સ્વરૂપના જ્ઞાતા થવાનું રાખજો.

વીતરાગધર્મ.

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે, એવો નિશ્ચય રાખવો જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુષના યોગવિના સમજાતું નથી, તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ હિતકારી ઔષધ નથી, એવું વારંવાર ચિંતવન કરવું

આ પરમ તત્ત્વ છે, તેનો મને સદાય નિશ્ચય રહો; એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો, અને જન્મ-મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ ! નિવૃત્તિ થાઓ !!

હે જીવ ! આ કલેશરૂપ સંસારથકી વિરામ પામ, વિરામ પામ, કાંઇક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહી તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્ય દેહ નિષ્ફળ જશે

હે જીવ ! હવે મારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચયે ઉપાસવાયોગ્ય છે.

ૐ શાંતિઃ શાંતિ. શાંતિ.

આત્મસ્વસ્થતા અર્થે ગ્રંથીભેદ–સત્સમાગમ.

આત્મા અત્યંત–સહજ–સ્વસ્થતા પામે એ જ સર્વજ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.

અનાદિકાળથી જીવે અસ્વસ્થતા નિરંતર આરાધી છે, જેથી સ્વસ્થતા પ્રત્યે આવવું તેને દુર્ગમ પડે છે. શ્રી જિને એમ કહ્યું છે કે યથાપ્રવૃત્તિકરણસુધી જીવ અનંતીવાર આવ્યો છે, પણ જે સમયે ગ્રંથીભેદ થવા સુધી આવવાનું થાય છે ત્યારે ક્ષોભ પામી પાછો સંસારપરિણામી થયા કરે છે, ગ્રંથીભેદ થવામાં જે વીર્યગતિ જોઇએ તે થવાને અર્થે જીવે નિત્ય પ્રત્યે સત્સમાગમ, સદ્‌વિચાર, અને સદ્‌ગ્રંથનો પરિચય નિરંતરપણે કરવો શ્રેયભૂત છે.

કષાય એ બંધના હેતુ.

" જીવને બંધના હેતુ બે–રાગ અને દ્વેષ. "

" રાગને અભાવે દ્વેષનો અભાવ થાય રાગનું મુખ્યપણું છે "

" રાગને લીધે જ સંયોગમાં આત્મા તન્મય વૃત્તિમાન છે તે જ કર્મ મુખ્યપણે છે "

" જેમ જેમ રાગદ્વેષ મંદ તેમ તેમ કર્મબંધ મંદ અને જેમ જેમ રાગદ્વેષ તીવ્ર તેમ તેમ કર્મબંધ તીવ્ર. રાગદ્વેષનો અભાવ ત્યાં કર્મબંધનો સાંપરાયિક અભાવ "

" રાગદ્વેષ થવાનું મુખ્ય કારણ મિથ્યાત્વ એટલે અસમ્યગ્‌દર્શન છે. "

" સમ્યગ્‌જ્ઞાનથી સમ્યગ્‌દર્શન થાય છે. તેથી અસમ્યગ્‌દર્શન નિવૃત્તિ પામે છે તે જીવને સમ્યક્‌ચારિત્ર પ્રગટે છે, જે વીતરાગ દશા છે."

" સંપૂર્ણ વીતરાગ દશા જેને વર્તે છે તે ચરમશરીરી જાણીએ છીએ. "

શ્રી પદ્મનન્દિ પંચવિંશતિકામાંથી

શરીરાષ્ટક.

ગુજરાતી અવતરણ.

પદ્ય

મનહર છંદ.

દ્રવ્યભાવ સર્વ કર્મ, પર જડ દુ:ખ વર્મ,
ભેદી પાઈ પદ પર્મ, નિજ ભાવે સ્થિત છે;
સમ્યક્ સ્વાનુભવ સંગે સ્થિત શુદ્ધરૂપ અંગે,
એવા ગુરુદેવ પાદે કોટિ નમસ્કાર છે.
વિનાશાદિ પરિણતિ જાણી દેહ મમતને,
ત્યાગવા આ ઉપકારી શરીરઅષ્ટક છે;
પદ્મનન્દિ મુનિવાણી મુજ અલ્પ મતિ થકી,
સંસ્કૃતની ગુજરાતી છંદ બદ્ધ કીધી છે. ૧

અશુચિ દુર્ગંધ ધાતુ બની ભીતો ચારે બાજુ
ઉપરથી ચર્મ મઢયુ વિષ્ટા મૂત્રે ભરી છે;
ક્ષુધા તૃષા આદિ અતિ બળવાન દુ:ખ રૂપ,
ઉંદરોના દરોવાળી અને કલેશકારી છે.
જરારૂપી અગ્નિ જેની ચારે બાજુ બળી રહી,
સ્વભાવે ક્ષણિક એમ કાયાની કુટીર છે;
છતા શુદ્ધ સદા સ્થિર રૂપ વિપરીત એમ,
અહો ! મૂર્ખ જન માની મોહમા મૂઝાય છે ! ૨

દુર્ગંધથી પૂર્ણું ભરી કૃમિ કીટ સમૂહથી,
રક્ત પરુ પરસેવો સ્રાવ નિત્ય વહે છે;
સ્વચ્છ નીરે સ્નાન કરે છતાં થાયે નાંહિ શુચિ,
વિધવિધ વ્યાધિતણું દુખપ્રદ ઘર છે.
અન્ન વસ્ત્ર દવા તણી રોગની મલમ પટ્ટી,
ઉત્તમબુદ્ધિ ધારી તે, નાડીવ્રણ કહે છે,
કૃતઘ્ન સ્વભાવ એવો દેહતણો સિદ્ધ કહ્યો,
છતાં અહો રાગીજન રાગ રાખી રહે છે। ૩

સદાકાળ સર્વ રીતે સર્વ નરનારી તણા,
સર્વ દેહ પર્યાયતે, સર્વથા અશુચિ છે,
દેહ પરમાણુ તણો મલિન ક્ષણિક એવો,
નિયત સ્વભાવ એમ જ્ઞાનીઓએ ભાખ્યો છે.
કાદવની કોઠી ધોતા કાદવનો કાદવ છે,
તેમ સ્નાન છતા નાહિ તનુ શુચિ થાય છે,
છતા સ્નાન ચદનથી શુચિ માટે યત્ન કરે,
સસારમા એવો કોણ બુદ્ધિમાન હોય છે ૪

કરવાને ઉપભોગ સર્વથા એ નાહિ યોગ,
કડવી તુબડી સમો નર દેહ કહ્યો છે.
મોહ મિથ્યા, જન્મ છિદ્રો નાહિ, તપ ધૂપ થકી,
શુષ્ક હોય, અતરમાં અભિમાન વિન છે.
તુબડી છિદ્રો વિનાની તરે જેમ જળમાંહિ,
એવો છિદ્ર વિન દેહ ભવ નદી તરે છે;

તેથી સદા સર્વથા જે, ઉત્તમ ચંદન સમા,
કરવા શરીરપર લેપ તે અસાર છે. ૫

વાસ્તવિક વસ્તુરૂપ દર્શક સુગુરુ ભૂપ,
યદિ બોધ વચન તે દિલે વિદ્યમાન છે,
જેવો હોય મારો દેહ તેવો ભલે રહે તેહ,
ચિત્તમાંહિ તેને વિષે ચિંતા નાહિ કાંઈ છે.
કારણ કે સહજમાં અપૂર્વ આનંદ કંદ,
અક્ષય અનંતગુણી અપવર્ગ વિત્તને,
સર્વોત્તમ સદ્‌ગુરુ બોધ વાક્ય અનુભવ,
ભલી રીતે સ્થિત થાતા, પ્રકાશિત કરે છે ૬

અંત સમે કીડા પડે, અગ્નિમાંહિ ભસ્મ થાય,
મત્સ્ય ખાય વિષ્ટા થાય દેહ દશા એવી છે,
અનેક પ્રકાર કરી રસાયન ખાવા છતા,
નાહિ નિત્ય કોઈ કૃત્યે નકી નષ્ટ થાય છે.
દુર્ગતિ દુઃખદ જેથી, જીવ ભાવી કાળમાહિ,
પ્રાપ્ત કરી સંસારમાં અતિ દુઃખ પામે છે,
એવી પાપ ધૂળ ઢાંકે ચિંતામણિ આત્મરૂપ,
દેહ કાચ માટે એવો કોણ બુદ્ધ હોય છે? ૭

લોહ સંગે અગ્નિ સહે ઘનનો કઠિન માર,
તેમ તનુ યોગ કરી જીવને સંસાર છે;
સંસારના પ્રસંગથી, સુખધામ જીવ છતાં,
ઘણી રીતે વિધ વિધ દુઃખો અતિ સહે છે.

દેહ સંગ, દેહ પ્રેમ, કરી કોઈ ભારી યુક્તિ,
તેથી જીવ મુમુક્ષુને ત્યાગી દેવો યોગ્ય છે;
જેથી નિજ આત્મને કરાવતો ભ્રમણને,
તનુ તણો સંસારમા સગ નાહિ હોય છે ૮

તનુ રક્ષા પોષણની વિધિમાંહિ સર્વ જન,
ઉદ્યમિત સર્વ રીતે સદા થઈ રહે છે,
પણ કાળ દાસી જરા પ્રતિદિન દેહ તણાં,
પરમાણુ જીર્ણ કરી છિન્ન ભિન્ન કરે છે.
એમ નર-જરાતણી સ્પર્ધામાહિ વિજયી તે,
સાક્ષાત્કાળ દૂતી જરા માથે જહા વર્તે છે,
એમ વપુ વિનાશીમા નિત્યત્વ ને સ્થિરતાની,
પ્રતીતિ સુદૃઢ કેમ જન ધારી રહે છે ? ૯

પ્રમાદ ને અજ્ઞાનથી દાસતણી બાલબુદ્ધિ,
વિપરીત સમજણે ભૂલ કાંઈ કીધી છે,
સુજ્ઞ જન બાળ જાણી વત્સને ઉદાર ચિત્તે,
ક્ષમા આપી સુધારશે યાચના એ મારી છે
અતકાળે જેની સ્મૃતિ, જેનો મત્ર, જેનો બોધ,
સાચુ આલબન બની જીવને ઉદ્ધારે છે;
ત્રિલોકનો સારસાર સર્વોપરી દશા ધાર,
માંગલિક ગુરુ ચર્ણે, અતમાં પ્રણામ છે. ૧૦

જ્યાં સુધી જીવ કદાગ્રહ ન મૂકે ત્યાં સુધી કલ્યાણ થાય નહીં, નવ પૂર્વ ભણ્યો, તોય રખડ્યો! ચૌદ રાજ લોક જાણ્યો, પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો માટે રખડ્યો! તરવાનું કારણ સત્પુરુષની દૃષ્ટિએ ચાલવું તે છે.

* * *

"જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું."

મોહમયિ. અષાડ શુદ ૧. ૧૯૫૦

નમો જિણાણં, જિદભવાણં.

વીતરાગ પદની ઉપાસના.

જેની પ્રત્યક્ષ દશા જ બોધરૂપ છે. તે મહાપુરુષને ધન્ય છે. જે મતભેદે આ જીવ ગ્રહાયો છે, તે જ મતભેદ જ તેના સ્વરૂપને મુખ્ય આવરણ છે

વીતરાગ પુરુષના સમાગમવિના, ઉપાસનાવિના, આ જીવને મુમુક્ષુતા કેમ ઉત્પન્ન થાય? સમ્યગ્જ્ઞાન ક્યાથી થાય? સમ્યગ્દર્શન ક્યાંથી થાય? સમ્યક્ચારિત્ર ક્યાથી થાય? કેમકે એ ત્રણ વસ્તુ અન્ય સ્થાનકે હોતી નથી

વીતરાગ પુરુષના અભાવ જેવો વર્તમાનકાળ વર્તે છે.

હે મુમુક્ષુ? વીતરાગ પદ વારવાર વિચાર કરવાયોગ્ય છે, ઉપાસના કરવાયોગ્ય છે, ધ્યાન કરવાયોગ્ય છે.

સત્સમાગમના અભાવે વીતરાગશ્રુત (પરમાર્થ રસ પ્રતિપાદક વીતરાગ વચનો) ની અનુપ્રેક્ષા વારવાર કર્ત્તવ્ય છે. ચિત્તસ્થૈર્ય માટે તે પરમ ઔષધ છે.

ૐ નમઃ

સર્વ જીવ સુખને ઇચ્છે છે.

દુ.ખ સર્વને અપ્રિય છે.

દુ.ખથી મુક્ત થવા સર્વ જીવ ઇચ્છે છે

વાસ્તવિક તેનું સ્વરૂપ ન સમજાવાથી તે દુ ખ મટતુ નથી

તે દુ ખના આત્યતિક અભાવનુ નામ મોક્ષ કહીએ છીએ.

અત્યત વીતરાગ થયાવિના આત્યતિક મોક્ષ હોય નહી.

સમ્યગ્જ્ઞાનવિના વીતરાગ થઇ શકાય નહી

સમ્યગ્દર્શનવિના જ્ઞાન અસમ્યક્ કહેવાય છે

વસ્તુની જે સ્વાભાવે સ્થિતિ છે તે સ્વભાવે તે વસ્તુની સ્થિતિ સમજાવી તેને સમ્યગ્જ્ઞાન કહીએ છીએ.

સમ્યગ્જ્ઞાન દર્શનથી પ્રતીત થયેલા આત્મભાવે વર્ત્તવુ તે ચારિત્ર છે

એ ત્રણેની એકતાથી મોક્ષ થાય.

જીવ સ્વાભાવિક છે

પરમાણુ સ્વાભાવિક છે.

જીવ અનત છે

પરમાણુ અનત છે.

જીવ અને પુદ્ગળનો સયોગ અનાદિ છે

જ્યાસુધી જીવને પુદ્ગળ સબધ છે, ત્યાંસુધી સકર્મ જીવ કહેવાય.

ભાવકર્મનો કર્ત્તા જીવ છે

ભાવકર્મનુ બીજુ નામ વિભાવ કહેવાય છે.

ભાવકર્મના હેતુથી જીવ પુદ્ગળ ગ્રહે છે.

તેથી તૈજસાદિ શરીર અને ઔદારિકાદિ શરીરનો યોગ થાય છે.

ભાવકર્મથી વિમુખ થાય તો નિજભાવપરિણામી થાય.

સમ્યગ્દર્શનવિના વાસ્તવિકપણે જીવ ભાવકર્મથી વિમુખ ન થઈ શકે

સમ્યગ્દર્શન થવાનો મુખ્ય હેતુ જિનવચનથી તત્ત્વાર્થપ્રતીતિ થઈ તે છે.

ૐ

જગદ્ ભૂષણ જિનવરા, જગદ્ વદ્ય જગમાંય,
યશ કર્મના દૂષણને, પાવન કરો પળમાય.

સ્વધર્મ-બંધુ.

કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,
છોડયાં હશે વળી વાક્શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં,
ચિંતવ્યુ હશે બૂરૂ તમારૂ, મન મહિં આ વરસમા,
દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમા;
દોષનો દેણદાર હુ, દેવુ પતાવા મરૂ મથી,
મારી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી,
બાધવ બની બધ વાળજો, હિસાબ એ મૂડી થકી,
જજીર જડેલા હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી

સ્મૃતિનુ સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી ' હશે ' એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.

દોષના દાવાનલને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષ રહિત વિરલાનેજ થાય. મમ જેવા રાંકને શુ ?

એજ નામુ માંડી વાળવા વિનતિ

મિચ્છામિ દુક્કડં.

આ ભવ ને ભવો-ભવ મહિ, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ--
તે સર્વિ મિચ્છામિ દુક્કડ.

જીવ ખમાવુ છુ સર્વિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય,
સમભાવિ આતમ થશે.

ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;
ભવાટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનુ મર્મ વિચારજો.

આભ્યંતર પરિણામાવલોકન.

હું કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સહજ નિજ અનુભવ સ્વરૂપ છુ.
વ્યવહાર દૃષ્ટિથી તો માત્ર આ વચનનો વક્તા છું.
પરમાર્થથી તો માત્ર તે વચનથી વ્યંજિત મળ અર્થરૂપ છુ.
તમારાથી જગત્ ભિન્ન છે, અભિન્ન છે, ભિન્નાભિન્ન છે.
ભિન્ન, અભિન્ન, ભિન્નાભિન્ન, એવો અવકાશ સ્વરૂપમાં નથી.
વ્યવહાર દૃષ્ટિથી તેનુ નિરૂપણ કરીએ છીએ —

જગત્ મારા વિષે ભાસ્યમાન હોવાથી અભિન્ન છે. પણ જગત્ જગત્ સ્વરૂપે છે, હુ સ્વસ્વરૂપે છુ, તેથી જગત્ મારાથી કેવળ ભિન્ન છે તે બે દૃષ્ટિથી જગત્ મારાથી ભિન્નાભિન્ન છે.

ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય.

"પરમ પ્રેમરૂપ ભક્તિવિના જ્ઞાન શૂન્ય છે."

"સદ્દેવ-ગુરુ-શાસ્ત્ર-ભક્તિ અપ્રમત્તપણે ઉપાસનીય છે."

*   *   *

ભક્તિપૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થવાય છે કે એક તૃણમાત્ર પણ હરિપ્રત્યે યાચવું નહીં, સર્વ દશામાં ભક્તિમય રહેવું.

પ્રભુસ્તુતિ.

સુખધામ અનંત સુસંત ચહિ,
દિનરાત્ર રહે તદ્ ધ્યાનમહિ
પરશાંતિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે.

दर्शनं देवदेवस्य, दर्शनं पापनाशनम् ।
दर्शनं स्वर्गसोपानम्, दर्शनं मोक्षसाधनम् ॥

ॐ

नमो अरिहंताणं। नमो सिद्धाणं। नमो आयरियाणं।
नमो उवज्झायाणं । नमो लोए सव्वसाहूणं ॥ १ ॥

અર્થ:—કર્મરૂપી વૈરીનો પરાજય કર્યો છે એવા **અર્હંત ભગવાન્**, શુદ્ધ ચૈતન્યપદમા સિદ્ધાલયે બિરાજમાન છે એવા **સિદ્ધ ભગવાન્**, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમા પ્રવર્ત્તમાન છે અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્ત્તાવે છે એવા **આચાર્યભગવાન્**, દ્વાદશાગના અભ્યાસી અને તે શ્રુત શબ્દ, અર્થ અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા **ઉપાધ્યાય ભગવાન્**, મોક્ષમાર્ગને આત્મજાગૃતિપૂર્વક સાધતા એવા **સાધુ ભગવાનને** હુ પરમભક્તિથી નમસ્કાર કરું છુ.

मोक्षमार्गस्य नेतारं, भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां, वन्दे तद्गुणलब्धये ॥

અર્થ:—મોક્ષમાર્ગના નેતા, કર્મરૂપ પર્વતના ભેત્તા (ભેદનાર), વિશ્વ (સમગ્ર) તત્ત્વના જ્ઞાતા-તેને તે ગુણોની પ્રાપ્તિ અર્થે હુ વન્દન કરુ છુ

प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं
वदनकमलमँकः कामिनीसंगशून्यः ।
करयुगमपि यत्ते शस्त्रसंबंधवंध्यं
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥

અર્થ:—તારા બે ચક્ષુ પ્રશમરસમાં ડૂબેલાં છે, પરમશાંત રસને ઝીલી રહ્યાં છે. તારૂં મુખકમળ પ્રસન્ન છે. તેમાં પ્રસન્નતા વ્યાપી રહી છે. તારો ખોળો સ્ત્રીના સંગથી રહિત છે, તારા બે હાથ શસ્ત્રસંબંધ વિનાના છે; તારા હાથમાં શસ્ત્ર નથી. આમ તુ જ વીતરાગ જગતમા દેવ છે.

नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥

અર્થ:—વાર્યા વારી ન શકાય, વારવા બહુ બહુ મુશ્કેલ એવા રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપી શત્રુના સમૂહને જેણે વાર્યા, જીત્યા, જે વીતરાગ સર્વજ્ઞ થયા; વીતરાગ સર્વજ્ઞ થતાં જે અર્હત્ પૂજવા યોગ્ય થયા, અને વીતરાગ અર્હત્ થના મોક્ષાર્થે પ્રવર્ત્તન છે જેનુ એવા જુદા જુદા યોગિયોના જે નાથ થયા, નેતા થયા અને એમ નાથ થતા જે જગતના નાથ, તાત, ત્રાતા થયા એવા જે **મહાવીર** તેને નમસ્કાર હો.

तुभ्यं नमस्त्रिभुवनार्त्तिहराय नाथ !,
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय,
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥

ભાવાર્થ:—ત્રણ જગતના જીવોની પીડાને હરનારા હે નાથ ! તમને નમસ્કાર હો. પૃથ્વીતળના નિર્મળ આભૂષણ ! તમને નમસ્કાર હો. ત્રણ જગતના પરમેશ્વર ! તમને નમસ્કાર હો. સંસારરૂપ સમુદ્રનુ શોષણ કરનારા હે જિનેશ્વર ! તમને નમસ્કાર હો.

त्वं नाथ ! दुःखिजनवत्सल ! हे शरण्य !,
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य ! ।
भक्त्या नते मयि महेश ! दयां विधाय,
दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥

અર્થ—હે નાથ ! હે દુખી જનના દયાળુ ! હે શરણ કરવા લાયક ! હે દયાના પવિત્ર સ્થાન ! જિતેંદ્રિયો મધ્યે હે શ્રેષ્ઠ ! હે મોટા ઇશ ! ભક્તિવડે નમેલ એવા મારા પ્રત્યે દયા કરીને તમે દુખના અંકુરનો વિનાશ કરવામા તત્પરતા કરો.

ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે.
જીવ માત્ર જ્ઞાન-સ્વભાવી છે; ભક્તિના બળે જ્ઞાન નિર્મળ થાય છે; નિર્મળ જ્ઞાન મોક્ષનો હેતુ થાય છે.

રાલજ. ભા. સુદ ૮. ૧૯૪૭.

ભક્તિરહસ્ય.

પ્રભુ પ્રત્યે દીનત્વ.

હે પ્રભુ ! હે પ્રભુ ! શુ કહુ ? દીનાનાથ દયાળ,
હુ તો દોષ અનતનુ, ભાજન છુ કરુણાળ ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શુ કહું પરમસ્વરૂપ ? ૨.
નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાહિ,
આપતણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાહિ. ૩.

જોગ નથી સત્સંગનો નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪.
'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક ૫
અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬.
અચળરૂપ આસક્તિ નહિં, નહી વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ ૭.
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન,
સમજ નહિં નિજધર્મની, નહિં શુભ દેશે સ્થાન ૮.
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોય નહી વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯.
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેંદ્રિય માને નહી, કરે બાહ્ય પર રાગ. ૧૦
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માહિ ૧૧.
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહિં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨.
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩
કેવળ કરુણા-મૂર્ત્તિ છો, દીનબંધુ દીનનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ ૧૪.

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિં અભિમાન. ૧૫.

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક. ૧૬.

સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭.

પ્રભુ પ્રભુ રઢ લાગી નહી, પડ્યો ન સદ્ગુરુ પાય;
દીઠા નહિં નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯.

પડી પડી તુજ પદ પંકજે, ફરિ ફરિ માગું એજ,
સદ્ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરિ દેજ. ૨૦.

"શ્રી જિન વીતરાગે દ્રવ્યભાવ સંયોગથી ફરી ફરી છૂટવાની ભલામણ કરી છે અને તે સંયોગમાં વિશ્વાસ પરમ જ્ઞાનીને પણ કર્ત્તવ્ય નથી; એવો નિશ્ચળ માર્ગ કહ્યો છે, તે શ્રી જિન વીતરાગનાં ચરણકમળને અત્યંત નમ્ર પરિણામથી નમસ્કાર."

* * *

"પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર."

" ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે. "
યથાવિધિ પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી આત્મશુદ્ધતા કરવી યોગ્ય છે.
વવાણીઆ. વિ. સં. ૧૯૪૧.

ક્ષમાપના.

હે ભગવન્! 'હુ બહુ ભૂલી ગયો,'
મે તમારા 'અમૂલ્ય વચનને'
લક્ષમા લીધા નહી.'
તમારા કહેલા 'અનુપમ તત્ત્વનો'
મે વિચાર કર્યો નહી'
તમારા પ્રણીત કરેલા'
ઉત્તમ શીલને' સેવ્યુ નહી'
તમારાં કહેલા 'દયા, શાતિ'
ક્ષમા 'અને પવિત્રતા'
મે ઓળખ્યા નહી'
હે ભગવન્!' હુ ભૂલ્યો,'
આથડયો–'રઝળ્યો'
અને અનત સસારની'
વિટમ્બનામાં પડ્યો છુ.'
હુ પાપી છુ, 'હુ બહુ મદોન્મત્ત'
અને કર્મરજથી કરીને' મલિન છુ'
હે પરમાત્મા!' તમારા કહેલાં' તત્ત્વવિના'
મારો મોક્ષ નથી'
હુ નિરતર' પ્રપચમા પડયો છુ.'
અજ્ઞાનથી અધ' થયો છુ.'
મારામાં' વિવેકશક્તિ નથી,'

અને હું મૂઢ છું,' નિરાશ્રિત છું,' અનાથ છું.'
નિરાગી પરમાત્મા ! 'હવે હુ તમારુ,
તમારા ધર્મનુ' અને તમારા સાધુનુ' શરણુ ગ્રહુ છું.'
મારા અપરાધ' ક્ષય થઈ'
હું તે સર્વ' પાપથી મુક્ત થઉ,'
એ મારી' અભિલાષા છે.'
આગળ કરેલા' પાપોનો હું હવે'
પશ્ચાત્તાપ કરુ છું.'
જેમ જેમ' હુ સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છુ,'
તેમ તેમ' તમારાં તત્ત્વના' ચમત્કારો'
મારા સ્વરૂપનો' પ્રકાશ કરે છે.'
તમે નિરાગી,' નિર્વિકારી,' સચ્ચિદાનદસ્વરૂપ,'
સહજાનદી,' અનતજ્ઞાની,
અનતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો.'
હુ માત્ર મારા' હિતને અર્થે'
તમારી સાક્ષીએ' ક્ષમા ચાહુ છુ'
એક પળ પણ તમારાં કહેલાં'
તત્ત્વની' શકા ન થાય;'
તમારા કહેલા' રસ્તામાં' અહોરાત્ર' હુ રહુ,'
એજ મારી' આકાંક્ષા અને વૃત્તિ' થાઓ !
હે સર્વજ્ઞ ભગવન્ !' તમને હુ' વિશેષ શુ કહુ ?'
તમારાથી' કઈ અજાણ્યુ નથી.'
માત્ર પશ્ચાત્તાપથી' હુ કર્મજન્ય'
પાપની' ક્ષમા ઇચ્છું છું.'

ૐ શાન્તિ: શાન્તિ. શાન્તિ:

પાર્થના.

અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે.

હે પરમેશ્વર! શુદ્ધાત્મા! મારા હૃદયને દયાથી ભરપૂર કર. હે સત્ય! મારા હૃદયમાં આવ.

હે શીલના સ્વામી! મને કુશીલથી બચાવ. મને સતોષથી ભરપૂર કર કે હુ પરવસ્તુ પર નજર ન કરુ. જે જેને ભોગવવાને તે આપ્યુ તે હુ ના ચાહુ.

તુ નિષ્પાપ, પૂર્ણ પવિત્ર છે, તારી પવિત્રતા મારામાં ભર. મને પાપરહિત કર જ્ઞાન, ધૈર્ય, શાંતિ અને નિર્ભયતા મને આપ. તારાં પવિત્ર વચનથી મારાં પાપ ધો.

હે આનદ! મને આનદથી ભરપૂર કર, મને તારી તરફ ખેચ.

હે દેવ! મે તારી આજ્ઞા તોડી છે, તો મારો હવે શુ હવાલ થશે?

હુ પાપમા બુડી રહ્યો છુ. હુ દર સમય પાપના કામમા જ હર્ષ માની રહ્યો છુ. તારી કૃપાદાનનુ તેડુ મારી તરફ આવ્યુ કે તુ મને પોના તરફ બોલાવે છે. તારી પવિત્રતા મને દર વખત ચેતાવે છે કે આ પાપમા તુ ના પેશ. માટે હવે હુ તારી પવિત્રતાનુ સન્માન કરુ. મને પવિત્ર આત્માથી ભરપૂર કર.

તારી સર્વ આજ્ઞા પાળવાની બુદ્ધિ તથા શક્તિ મને આપ મોહ શત્રુના કબ્જાથી મને છોડાવ: હું બાળક છુ,

માટે દર સમય મને બચાવ, પડવા ન દે. મને તારામાં રાખ, તુ મારામાં રહે, જે તારી કૃપા નજર થઈ તે પુરી કર.

તારા સિવાય કોઈ દાતા નથી. તારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મૂક. તારી શાન્તિના સમુદ્રમા મને ઝીલાવ. તારો સર્વ મહિમા મને દેખાડ.

તુ આનદ છે, તુ પ્રેમ છે, તુ દયા છે, તુ સત્ય છે, તુ સ્થિર છે, તુ અચળ છે, તુ નિર્ભય છે, તુ એક શુદ્ધ નિત્ય છે, તું અબાધિત છે, તારા અનત અક્ષય ગુણથી મને ભરપૂર કર.

દૈહિક કામનાથી અને વિષયની બીકથી મારા દિલને વાર. કષાયની તપિથી બચાવ. મારાં સર્વ વિઘ્ન દૂર કર, કે સ્થિરતા અને આનદથી હુ તારી સિદ્ધિને અનુભવુ

મારી સર્વ શુભેચ્છા તારા વચનપસાયથી પૂર સાચા માર્ગ બતાવનાર ગુરુના પસાયથી પૂર. મને જૂઠા હઠવાદથી અને જૂઠા ધર્મથી છોડાવ. કુગુરુના ફદથી બચાવ.

તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હુ પામ્યો છુ તે સર્વે શક્તિ હુ ખોટા વા પાપના કામમાં ન વાપરૂ, અને ફોકટ વખત ન ગુમાવુ એ બુદ્ધિ આપ

તારા પસાયથી હુ સર્વેને સુખનુ કારણ થાઉં, કોઇને દુખનુ કારણ ન થાઉ. માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર. અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી હમેશાં બચાવ

" મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્ત્તવ્ય છે. "
" દેહધારી પરમાત્મા તે પરાભક્તિનું પરમ કારણ છે, માટે પ્રથમ જ્ઞાનીપુરુષની ભક્તિ એજ પરમાત્માની પ્રાપ્તિ અને ભક્તિનું નિદાન છે "

" વિરલા સાચા સદ્દગુરુની ભકિત શ્રેયસ્કર છે, માટે સાચા સદ્દ્ગુરુની ભકિત, મન, વચન અને કાયાએ કરવી. "

સદ્દગુરુસ્તુતિ.

પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્દગુરુ યોગ;
વચન સુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.

* * *

નિશ્ચય એથી આવીયો, ટળશે અહી ઉતાપ;
નિત્ય કર્યો સત્સગ મેં, એક લક્ષથી આપ.

પ્રશસ્ત પુરુષની ભકિત કરો, તેનું સ્મરણ કરો, ગુણચિંતન કરો.

ध्यानमूलं गुरुमूर्त्तिः, पूजामूलं गुरुपदम् ।
मंत्रमूलं गुरुवाक्यं, मोक्षमूलं गुरुकृपा ॥

* * *

अज्ञानतिमिरांधानां, ज्ञानांजनशलाकया ।
नेत्रमुन्मिलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥

અર્થ—અજ્ઞાનરૂપી તિમિર (અંધકાર) થી જે અંધ તેના નેત્ર જેમણે જ્ઞાનરૂપી અંજનશલાકા (આંજવાની સળી) થી ખોલ્યાં તે શ્રીસદ્‌ગુરુને નમસ્કાર.


અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !

સુષુપ્ત ચેતનને જાગ્રત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપ પ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત–છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો !

ૐ શાંતિ શાંતિ શાંતિ

ગુરુ ગણધર ગુણધર સકલ, [1]પ્રચુર પરંપર ઔર;
વ્રતતપધર, તનુ નગનધર, વંદો [2]વૃષ [3]શિરમૌર.

૧. છૂટક. વિરલા ૨ ધન. ૩ માથાના મુકુટ.



શ્રીમદ્ રાજચંદ્ર.

વર્ષ ૩૩ મુ   વિ. સં. ૧૯૫૬.

શ્રી લક્ષ્મી આર્ટ પ્રીન્ટરી

"આત્માને શોધી, તેના અપાર માર્ગમાંથી થયેલી પ્રાપ્તિના ઘણા ભાગ્યશાળી થવાને માટે અનેક ક્રમ બાંધ્યા છે, તે મહાત્મા જયવાન હો ! અને તેને ત્રિકાળ નમસ્કાર હો"

* * *

જેને કોઈ પ્રત્યે રાગ-દ્વેષ રહ્યા નથી
તે મહાત્માને વારંવાર નમસ્કાર.

સદ્ગુરુ પ્રત્યે દીનત્વ.

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. ૧

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પભુએ આપીયો, વર્તું ચરણાધીન ૨

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૩

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૪

પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખ ધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૫

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ ખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રીસદ્‌ગુરુ ભગવંત. ૬

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમા, હો ! વન્દન અગણિત. ૭

" પરમ ભક્તિથી સ્તુતિ કરનાર પ્રત્યે પણ જેને રાગ નથી અને પરમદ્વેષથી પરિષહ, ઉપસર્ગ કરનાર પ્રત્યે પણ જેને દ્વેષ નથી તે પુરુષરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર. "

પ્રણિપાત સ્તુતિ.

હે પરમકૃપાળુ દેવ ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ ધર્મ અનંત કૃપા કરી આપ શ્રીમદે મન આપ્યો, તે અનંત ઉપકારનો પ્રત્યુપકાર વાળવા હુ સર્વથા અસમર્થ છુ. વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિસ્પૃહ છો; જેથી હુ મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિન્દમાં નમસ્કાર કરુ છુ.

આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળ ધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલુ માગુ છુ તે સફળ થાઓ.

ૐ શાન્તિઃ શાન્તિ. શાન્તિઃ

સદ્‌ગુરુ–વન્દન.

અહો શ્રી સત્પુરુષકે વચનામૃત જગહિતકરમ્,
મુદ્રા અરુ સત્સમાગમ સૂતી ચેતના જાગૃતકરમ્;
ગિરતિ વૃત્તિ સ્થિર રખે દર્શન માત્રસે નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવકે પ્રેરક સકલ સદ્‌ગુણ કોષ હૈ. ૧.
સ્વસ્વરૂપકી પ્રતીતિ અપ્રમત્ત સયમ ધારણમ્,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતાકે કારણમ્;
અતે અયોગિ સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનત અવ્યાબાધ સ્વરૂપમે સ્થિતિ કરાવનહાર હૈ. ૨.
'સહજાત્મ' 'સહજાનદ' આનંદઘન નામ અપાર હૈ,
સદ્દેવ ધર્મ સ્વરૂપદર્શક સુગુરુ પારાવાર હૈ;
ગુરુભકિતસે લહે તીર્થપતિ પદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્ત્તો શ્રી ગુરરાજને નમસ્કાર હૈ ૩
એમ પ્રણમી શ્રી ગરુદેવકે પદ આપ–પર હિત કારણમ્,
જયવત શ્રી જિનરાજવાણી કરું તાસ ઉચ્ચારણમ્;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની એકતા લહી સહી સો નિજપદ લહે ૪

અહો! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ–
અહો! તે સર્વોત્કૃષ્ટ શાતરસ પ્રધાન માર્ગના મૂળ સર્વજ્ઞદેવ-
અહો!
તે સર્વોત્કૃષ્ટ શાતરસ સુપ્રતીત કરાવ્યો
એવા
પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ-
તમે
આ વિશ્વમાં સર્વકાળ જયવંત વર્ત્તો! જયવત વર્ત્તો!!

ધૂન-સંચય.

આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે.

* * *

સુદ્ધતા વિચારે ધ્યાવૈ, સુદ્ધતામેં કેલિ કરૈ;
સુદ્ધતામેં થિર હ્વૈ, અમૃત-ધારા બરસે.

* * *

સહજાત્મસ્વરૂપ પરમગુરુ.

* * *

પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ.

* * *

मा मुज्झह मा रज्जह, मा दुस्सह इट्ठनिट्ठअत्थेसु ।
थिरमिच्छह जइ चित्तं, विचित्तझाणप्पसिद्धीए ॥

* * *

जं किंचिवि चिंतंतो णिरीहवित्ती हवे जदा साहू ।
लद्धूणय एयत्तं तदाहु, तं तस्स णिच्चयं झाणं ॥

* * *

સુખકી સહેલી હૈ, અકેલી ઉદાસીનતા;
અધ્યાત્મની જનની, તે ઉદાસીનતા.

* * *

સહજાનંદી, શુદ્ધસ્વરૂપી, અવિનાશી હું આત્મસ્વરૂપ.

શ્રી નડિયાદ. આસો વદ ૧ ગુરુ. ૧૯૫૨.

ॐ

શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧.
વર્તમાન આ કાળમાં, મોક્ષ માર્ગ બહુ લોપ;
વિચારવા આત્માર્થિને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨.
કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ. ૩.
બાહ્ય ક્રિયામાં રાચતાં, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાન માર્ગ નિષેધતાં, તેહ ક્રિયાજડ આંહિ. ૪.
બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહિ;
વર્તે મોહાવેશમા, શુષ્ક જ્ઞાની તે આંહિ. ૫.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭.
જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮.
સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ નિજપક્ષ;
પામે તે પરમાર્થને, નિજપદનો લે લક્ષ. ૯.

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય. ૧૦.
પ્રત્યક્ષ સદ્ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયાવિના, ઉગે ન આત્મવિચાર. ૧૧.
સદ્ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યાવણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨
આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩.
અથવા સદ્ગુરુએ કહ્યા, જે અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪.
રોકે જીવ સ્વચ્છદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫.
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગથી, સ્વચ્છદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬.
સ્વચ્છદ, મત, આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭.
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતા સદ્ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮.
જે સદ્ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯.
એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦.
અસદ્ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહામોહિનીય કર્મથી, બૂડે ભવજળમાંહિ. ૨૧.

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨.
હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩.

મતાર્થીલક્ષણઃ-

બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરુ સત્ય;
અથવા નિજ કુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪.
જે જિન દેહ પ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનુ, રોકી રહે નિજબુદ્ધિ. ૨૫.
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગમાં, વર્ત્તે દષ્ટિ વિમુખ;
અસદ્ગુરુને દઢ કરે, નિજમાનાર્થે મુખ્ય. ૨૬
દેવાદિ ગતિ ભગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજમત વેષનો, આગ્રહ મુકિત નિદાન. ૨૭.
લહ્યું સ્વરૂપ ન વૃત્તિનુ, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮.
અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દની માંય;
લોપે સદ્વ્યવહારને, સાધનરહિત થાય. ૨૯.
જ્ઞાનદશા પામે નહીં, સાધન દશા ન કાંઈ;
પામે તેનો સગ જે, તે બુડે ભવમાંહિ. ૩૦.
એ પણ જીવ મતાર્થમા, નિજમાનાદિ કાજ;
પામે નહીં પરમાર્થને, અનઅધિકારીમા જ. ૩૧.
નહીં કષાય ઉપશાંતતા, નહી અતર્વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨.

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહુ આત્માર્થીનાં, આત્મ-અર્થ સુખ સાજ. ૩૩

આત્માર્થીલક્ષણ:—

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુકલ્પના, આત્માર્થી નહીં જોય. ૩૪.

પ્રત્યક્ષ સદ્‌ગુરુપ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર,
ત્રણે યોગ એકત્વથી, વર્ત્તે આજ્ઞા ધાર ૩૫.

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ,
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬.

એમ વિચારી અંતરે, શોધે સદ્‌ગુરુયોગ,
કામ એક આત્માર્થનું, બીજો નહી મનરોગ. ૩૭.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮.

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહીં જોગ્ય;
મોક્ષમાર્ગ પામે નહીં, મટે ન અંતર્‌રોગ ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્‌ગુરુબોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય ૪૦.

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન,
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ ૪૧

ઉપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય:
ગુરુ શિષ્ય સંવાદથી, ભાખુ ષટ્‌પદ આંહિ. ૪૨.

ષટ્‌પદ નામકથન:—

'આત્મા છે,' 'તે નિત્ય છે,' 'છે કર્ત્તા નિજકર્મ';
'છે ભોકતા,' વળી 'મોક્ષ છે', 'મોક્ષઉપાય સુધર્મ' ૪૩.
ષટ્ સ્થાનક સંક્ષેપમાં, ષડ્‌દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ ૪૪.

શંકા–શિષ્ય ઉવાચ:—

શિષ્ય પ્રથમ સ્થાનકની શંકા કહે છે:—

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫
અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદુ એંધાણ ૪૬.
વળી જો આત્મા હોય તો, જણાય તે નહીં કેમ ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ ૪૭.
માટે છે નહીં આત્મા, મિથ્યા મોક્ષઉપાય,
એ અંતર્ શંકાતણો, સમજાવો સદુપાય ૪૮

સમાધાન–સદ્‌ગુરુ ઉવાચ:—

'આત્મા છે' એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે.—

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯.
ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦.
જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. ૫૧.

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રિના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨.
દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિ પ્રાણ;
આત્માની સત્તાવડે, તેહ પ્રવર્ત્તે જાણ. ૫૩.
સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪.
ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન,
જાણનાર તે માન નહીં, કહીએ કેવું જ્ઞાન? ૫૫.
પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આતમા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬.
જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહી, ત્રણે કાળ દ્વય ભાવ. ૫૭.
આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮.

શંકા–શિષ્ય ઉવાચ:—

આત્મા નિત્ય નથી, એમ શિષ્ય કહે છે.—

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર્ કર્યે વિચાર. ૫૯.

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહીં અવિનાશ;
દેહ યોગથી ઉપજે, દેહ વિયોગે નાશ ૬૦.
અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય ૬૧.

સમાધાન-સદ્ગુરુ ઉવાચ:—

' આત્મા નિત્ય છે, ' એમ સમાધાન કરે છે:—

દેહ માત્ર સંયોગ છે, વળી જડ, રૂપી, દશ્ય,
ચેતનના ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય ? ૬૨
જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩.
જે સયોગો દેખિયે, તે તે અનુભવ દશ્ય;
ઉપજે નહીં સયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ ૬૪.
જડથી ચેતન ઉપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઇને, કયારે કદી ન થાય. ૬૫.
કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઇમા, તેથી નિત્ય સદાય. ૬૬.
ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વજન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭.
આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮.
અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર,
વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિર્ધાર. ૬૯.
ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦.

શંકા-શિષ્ય ઉવાચ:—

આત્મા કર્મનો કર્તા નથી, એમ શિષ્ય કહે છે:—

કર્ત્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્ત્તા કર્મ,
અથવા સહજ સ્વભાવ કાં, કર્મ જીવનો ધર્મ. ૭૧.
આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઇશ્વરપ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨.
માટે મોક્ષ ઉપાયનો, કોઇ ન હેતુ જણાય;
કર્મતણું કર્ત્તાપણું, કાં નહીં કાં નહીં જાય? ૭૩.

સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ:—

કર્મનુ કર્ત્તાપણુ આત્માને જે પ્રકારે છે તે પ્રકારે

સદ્‌ગુરુ સમાધાન કરે છે.—

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહીં પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪.
જો ચેતન કરતુ નથી, નથી થતા તો કર્મ,
તેથી સહજ સ્વભાવ નહીં, તેમજ નહીં જીવ ધર્મ. ૭૫.
કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજભાને તેમ. ૭૬.
કર્ત્તા ઈશ્વર કો નહીં, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષ પ્રભાવ. ૭૭.
ચેતન જો નિજભાનમાં, કર્ત્તા આપસ્વભાવ;
વર્ત્તે નહીં નિજભાનમાં, કર્ત્તા કર્મપ્રભાવ. ૭૮

શંકા શિષ્ય-ઉવાચ:—

તે કર્મનુ ભોકતાપણું જીવને નહીં હોય?

એમ શિષ્ય કહે છે:—

જીવ કર્મકર્ત્તા કહો, પણ ભોક્તા નહીં સોય;
શું સમજે જડ કર્મ કે, ફળપરિણામી હોય? ૭૯.
ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય ૮૦.
ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત્-નિયમ નહીં હોય,
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહીં કોય. ૮૧.

સમાધાન સદ્‌ગુરુ ઉવાચ:—

જીવને પોતાના કરેલા કર્મનુ ભોક્તાપણું છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે:—

ભાવ કર્મ નિજકલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨.
ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનુ, ભોક્તાપણું જણાય. ૮૩.
એક રાક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, એ જ શુભાશુભ વેદ્ય. ૮૪
ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫.
તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬.

શંકા શિષ્ય ઉવાચ:—

જીવનો તે કર્મથી મોક્ષ નથી, એમ શિષ્ય કહે છે:—

કર્ત્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહીં મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્ત્તમાન છે દોષ. ૮૭.

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિ માંય;
અશુભ કરે નરકાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય. ૮૮.

સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ:—

તે કર્મથી જીવનો મોક્ષ થઈ શકે છે, એમ

સદ્‌ગુરુ સમાધાન કરે છે —

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯.
વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષસ્વભાવ. ૯૦.
દેહાદિક સંયોગનો, આત્યંતિક વિયોગ,
સિદ્ધ મોક્ષ શાશ્વતપદે, નિજ અનંત સુખભોગ. ૯૧.

શંકા-શિષ્ય ઉવાચ:—

મોક્ષનો ઉપાય નથી એમ શિષ્ય કહે છે.—

હોય કદાપિ મોક્ષપદ, નહીં અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨.
અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો? બને ન એહ વિવેક. ૯૩
કયી જાતિમાં મોક્ષ છે? કયા વેષમાં મોક્ષ?
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪.
તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ-ઉપાય;
જીવાદિ જાણ્યાતણો, શો ઉપકાર જ થાય? ૯૫.
પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ-ઉપાય તો, ઉદય ઉદય સદ્‌ભાગ્ય. ૯૬.

સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ:—

મોક્ષનો ઉપાય છે, એમ સદ્‌ગુરુ સમાધાન કરે છે:—

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭.
કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજવાસ;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮.
જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવઅંત. ૯૯.
રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦.
આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત. ૧૦૧.
કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહિનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨.
કર્મ મોહિનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩.
કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪.
છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫.
ષટ્‌પદનાં ષટ્‌પ્રશ્ન તે, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬.
જાતિ વેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭.

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષઅભિલાષ;
ભવે ખેદ અંતર્ દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮.
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુબોધ;
તો પામે સમકીતને, વર્તે અંતર્શોધ. ૧૦૯.
મત, દર્શન, આગ્રહ તજી, વર્ત્તે સદ્ગુરલક્ષ;
લહે શુદ્ધ સમકીત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦.
વર્ત્તે નિજસ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧.
વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ,
ઉદય થાય ચારિત્રનો, વીતરાગપદ વાસ ૧૧૨
કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન,
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩
કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય,
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪.
છૂટે દેહાધ્યાસ તો, નહીં કર્તા તુ કર્મ,
નહીં ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫.
એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તુ, અવ્યાબાધસ્વરૂપ ૧૧૬.
શુદ્ધ બુદ્ધ ચેતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ,
બીજું કહિયે કેટલુ ?, કર વિચાર તો પામ. ૧૧૭.
નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર શમાય,
ધરી મૌનતા એમ કહીં, સહજ સમાધિમાંય. ૧૧૮.

શિષ્યબોધબીજપ્રાપ્તિકથન.

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯.
ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ,
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦.
કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જ્યાંય,
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય ૧૨૧.
અથવા નિજપરિણામ જે, શુદ્ધચેતનારૂપ,
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨.
મોક્ષ કહ્યો નિજશુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩.
અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર ૧૨૪.
શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન ૧૨૫.
આ દેહાદિ આજથી, વર્ત્તો પ્રભુઆધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬.
ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭.

ઉપસંહાર.

દર્શન ષટે શમાય છે, આ ષટ્ સ્થાનક માંહિ,
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

શ્રી સુભાગ્ય ને શ્રી અચળ, આદિ મુમુક્ષુકાજ,
તથા ભવ્ય હિત કારણે, કહ્યો બોધ સુખસાજ

આત્મભ્રાંતિસમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞાસમ પથ્ય નહીં, ઔષધ વિચારધ્યાન. ૧૨૯.
જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહીં આત્માર્થ. ૧૩૦.
નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નોય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧.
નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ. ૧૩૨.
ગચ્છ મતની જે કલ્પના, તે નહીં સદ્‌વ્યવહાર;
ભાન નહી નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩.
આગળ જ્ઞાની થઈ ગયા, વર્ત્તમાનમા હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહીં કોય ૧૩૪.
સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫.
ઉપાદાનનુ નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહીં સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬.
મુખથી જ્ઞાન કથે અને, અ તર્ છૂટયો ન મોહ,
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭.
દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુ ઘટવિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮.
મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી કહિયે ભ્રાંત. ૧૩૯.
સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦.

સ્થાનક પાંચ વિચારીને, છટ્ઠે વર્ત્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહીં સંદેહ. ૧૪૧.
દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત! * ૧૪૨.

શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ.

---

* સાધન સિદ્ધદશા અહીં, કહી સર્વ સંક્ષેપ;
ષડ્‌દર્શન સંક્ષેપમાં, ભાખ્યા નિર્વિક્ષેપ.

રાજકોટ. ચૈત્ર શુદ ૯. ૧૯૫૭.

અંતિમ સંદેશો.

પરમાર્થ માર્ગ અથવા શુદ્ધ આત્મપદ પ્રકાશ.

ૐ શ્રી જિનપરમાત્મને નમ

ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧.
આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨.
જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ ૩.
જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્‌ગુરુ, સુગમ અને સુખખાણ. ૪.
ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહીત;
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટીત. ૫.

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુવડે, જિન દર્શન અનુયોગ. ૬.

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઉલટી આવે એમ,
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭.

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮.

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯.

રોકયા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ,
જગત્ ઇષ્ટ નહી આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦.

નહી તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ ૧૧

આવ્યે બહુ સમદેશમાં, છાયા જાય સમાઇ,
આવ્યે તેમ સ્વભાવમાં, મન સ્વરૂપ પણ જાઇ. ૧૨.

ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતા, વિલય થતાં નહીં વાર. ૧૩.

સુખધામ અનંત સુસંત ચહિ,
દિન રાત્ર રહે તદ્ ધ્યાનમહિં,
પરશાન્તિ અનંત સુધામય જે,
પ્રણમુ પદ તે વર તે જય તે. ૧.

આનંદ. આસો સુદ ૧. ૧૯૫૨.

મૂળમાર્ગ રહસ્ય.

ॐ

શ્રી સદ્‌ગુરુચરણાયનમઃ

મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ. મૂળ૦
નો'ય પૂજાદિની જો કામના રે,
નો'ય વ્હાલું અંતર ભવદુઃખ. મૂળ૦ ૧.
કરી જો જો વચનની તુલના રે,
જો જો શોધિને જિન સિદ્ધાંત, મૂળ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે,
કોઈ પામે મુમુક્ષુ વાત. મૂળ૦ ૨.
જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે,
એકપણે અને અવિરુદ્ધ, મૂળ૦
જિનમારગ તે પરમાર્થથી રે,
એમ કહ્યું સિદ્ધાંતે બુદ્ધ. મૂળ૦ ૩.
લિંગ અને ભેદો જે વૃત્તના રે,
દ્રવ્ય દેશ કાળાદિ ભેદ, મૂળ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે,
તે તો ત્રણે કાળે અભેદ. મૂળ૦ ૪.
હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે,
સંક્ષેપે સુણો પરમાર્થ, મૂળ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે,
સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂળ૦ ૫.

છે દેહાદિથી ભિન્ન આત્મા રે,
ઉપયોગી સદા અવિનાશ; મૂળ૦
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનુ નામ ખાસ. મૂળ૦ ૬.
જે જ્ઞાને કરીને જાણિયું રે,
તેની વર્ત્તે છે શુદ્ધ પ્રતીત; મૂળ૦
કહ્યું ભગવતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકીત. મૂળ૦ ૭.
જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસગ, મૂળ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઉપજે રે,
નામ ચારિત્ર તે અણુલિંગ. મૂળ૦ ૮.
તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્ત્તે તે આત્મારૂપ. મૂળ૦
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ૦ ૯.
એવાં મૂળ જ્ઞાનાદિ પામવાં રે,
અને જવા અનાદિ બધ, મૂળ૦
ઉપદેશ સદ્ગુરુનો પામવા રે,
ટાળી સ્વછદ ને પ્રતિબધ. મૂળ૦ ૧૦.
એમ દેવ જિનદે ભાખિયુ રે,
મોક્ષ માર્ગનુ શુદ્ધ સ્વરૂપ; મૂળ૦
ભવ્ય જનોના હિતને કારણે રે,
સંક્ષેપે કહ્યુ સ્વરૂપ. મૂળ૦ ૧૧.

શ્રીઅમિતગતિ કૃત સામાયિક પાઠ.

ગુજરાતી અવતરણ

પદ્ય.

હરિગીત છંદ.

સૌ પ્રાણી આ સંસારનાં, સન્મિત્ર મુજ વ્હાલાં થજો,
સદ્‌ગુણુમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુ:ખીઆ પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમા સ્થિરતા. ૧.

અતિ જ્ઞાનવંત અનંત શકિત, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હુ શરીરથી જુદો ગણું, એ જ્ઞાનબળ મુજને મળો,
ભીષણ જે અજ્ઞાન મારૂં, નાથ ! તે સત્વર ટળો. ૨

સુખદુ:ખમાં, અરિમિત્રમાં, સયોગ કે વિયોગમાં,
રખડુ વને વા રાજભુવને, રાચતો સુખભોગમા;
મમ સર્વકાળે સર્વ જીવમા, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ. ૩.

તુજ ચરણ કમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;
તદ્‌રૂપ થઈ તે દીવડે, હુ સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહિં, હું પ્રેમથી નિત્ય ડૂબતો. ૪.

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં;

છેદી વિભેદી દુઃખ દઈ, મે ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મહિંસક, નાથ વિનવું આપને. ૫

કષાયને પરવશ થઈ બહુ, વિષયસુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભગ વિભુ, મુકિત પ્રતિકૂળ થઈ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણુ મે આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રકનુ જે જે થયુ. ૬.

મન વચન કાય કષાયથી, કીધા પ્રભુ મે પાપ બહુ,
સસારનાં દુ.ખ બીજ સૌ, વાવ્યાં અરે હુ શુ કહુ ?
તે પાપને આલોચના, નિદા અને ધિક્કારથી,
હુ ભસ્મ કરતો મત્રથી, જેમ વિષ જાતું વાદીથી ૭.

મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મે, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી,
કરવુ હતુ તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુકિત પામવા, માગુ ક્ષમા હુ હૃદયથી ૮

મુજ મલિન મન જો થાયતો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો,
તે અતિચારી સમજવો, જે વિષય સુખમા મ્હાલતો,
અતિ વિષય સુખ આસકતને, હુ અનાચારી ધારતો. ૯.

મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહી, લવલેશ વધઘટ હોય તો,
યથાર્થ વાણીભગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦

પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હુ સમજતો,
વળી ઇષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તુ સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧.

સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઇંદ્ર નરને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેના, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના તે દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૨.

જેનુ સ્વરૂપ સમજાય છે, સદ્‌જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં ૧૩.

જે કઠિન કષ્ટો કાપતા, ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમા,
યોગી જનોને ભાસતા, જે સમજતા સૌ વાતમા,
તે દેવના પણ દેવ વ્હાલા, સિધ્ધ વસજો હૃદયમાં. ૧૪

જન્મો મરણના દુ:ખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ,
કલંકહિન દિવ્યરૂપ જે, રહેતુ નહિ પણ ચંદ્રમા,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમા. ૧૫.

આ વિશ્વના સૌ પ્રાણી પર, શુધ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા.

વિશુદ્ધ ઇંદ્રિય શુન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હ્રદયમાં. ૧૬.
ત્રિલોકમાં વ્યાપી રહ્યા છે, સિદ્ધ ને વિશુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિધ્ધ વસજો હ્રદયમાં. ૧૭.
તિમિર કેરો સ્પર્શ તલભર, થાય નહિ જ્યમ સૂર્યને,
તેમ દુષ્કલંકો કર્મના, અટકી શકે નહિ આપને;
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચુ શરણ હું માગતો. ૧૮.
રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આતમમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯.
જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે,
જેમ સૂર્યના દીવા થકી, સૌ સ્પષ્ટતા દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિતિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનુ, સાચું શરણ હું માગતો. ૨૦.
જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદ ને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચુ શરણ હુ માગતો. ૨૧.
હું માગતો નહિ કોઈ આસન, દર્ભ પત્થર કાષ્ટનુ,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;

આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણુ જો,
અમૂલ્ય આસન થાય છે, શુભ સાધવા સમાધિ તો. ૨૨
મેળા બધા મુજ સધના, નહિ લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગ બળ લે હોંશથી. ૨૩.
આ જગતની કો વસ્તુમાં તો, સ્વાર્થ છે નહીં મુજ જરી.
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિ;
આ તત્ત્વને સમજી ભલા, તું બાહ્યનો મોહ છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં તું સ્થિર થજે. ૨૪.
જ્ઞાનમય વિશુધ્ધ આત્મ, સ્વ આત્મથી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, અનુભવ આ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
અખંડ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫.
આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુધ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬.
જે આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તે એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહપર, પામે પછી શું સ્થિરતા? ૨૭.
આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે,
તો જન્મ મરણના ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે;

મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮.
સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી,
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપથ વિકટ કાપવો. ૨૯.
કર્મો કર્યાં જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનુ ફળ ભોગવ્યા વિણ, માર્ગ એક છે નહિ,
પરનુ કરેલુ કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને ૩૦.
સંસારના સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો, ભોક્તા નહિ કો આપણું;
લઈ શંકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બુરી,
પ્રભુ ધ્યાનમા નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી ૩૧.
શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
હૃદયથી આ દાસ તારો, ગુણ ગાય તુજ સામર્થ્યના;
પ્રકટતા જો ગુણ બધાં, મુજ આત્મમાં સદ્‌ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર કયાંથી લાગતી ? ૩૨.

દોહરો.

બત્રીસ ચરણનું આ બન્યુ, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય. ૩૩.

ॐ

જિનેશ્વરની વાણી.

(મનહર છંદ)

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકળ જગત હિતકારિણી હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને, તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે:
અહો! **રાજચંદ્ર** બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી, જાણી તેણે જાણી છે.

રાગ–ઠુમરી.

સન્ત નિરંતર ચિન્તત ઐસે, આતમરૂપ અબાધિત જ્ઞાની–ટેક.
રાગાદિક તો દેહાશ્રિત હૈં, ઇનતે હોત ન મેરી હાની;
દહન દહત જ્યૌં દહત ન તદ્‌ગત, ગગન દહન તાકી વિધિ ઠાની. ૧.
વર્ણાદિક વિકાર પુદ્‌ગલકે, ઇનમે નહિ ચૈતન્ય નિશાની;
યદ્યપિ એક ક્ષેત્ર અવગાહી, તદ્યપિ લક્ષણ ભિન્ન પિછાની. ૨.
સે સર્વાંગપૂર્ણ જ્ઞાયક રસ, લવણ ખિલ્લવત લીલા ઠાની,
મિલૌ નિરાકુલ સ્વાદ ન યાવત્, તાવત્ પરપરિનતિ હિત માની. ૩.
ભાગચન્દ્ર નિરદ્વન્દ નિરામય મૂરતિ નિશ્ચય સિદ્ધ સમાની;
નિત અકલંક અવંક શંક બિન, નિર્મલ પંક બિના જિમ પાની. ૪.

ॐ

શ્રી પદ્મનન્દિ આચાર્ય વિરચિત
પદ્મનન્દિ પંચવિંશતિકામાંથી
આલોચના અધિકારનો
હિન્દીપરથી ગુજરાતી અનુવાદ.

જે પરમકૃપાળુ સદ્‌ગુરુદેવની કૃપાથી સદ્‌જ્ઞાનના મૂળ તત્ત્વની ઝાંખી થઈ તે સત્પુરુષનુ નામ સ્મરણ કરી, હૃદયથી નમસ્કાર કરી આ આલોચના અધિકારના અનુવાદનો પ્રારંભ કરું છુ

૧. હે જિનેશ ! હે પ્રભો ! જો સજ્જનોનુ મન આંતર તથા બાહ્ય મળરહિત થઈને તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે, જો તેમના ચિત્તમા આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજૂદ હોય અને આપદ્વારા પ્રકટ થયેલ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રરૂપ મોક્ષમાર્ગમા જો તેમનુ આચરણ હોય તો તે સજ્જનોને ઇચ્છિત વિષયની પ્રાપ્તિમા વિઘ્ન શેનુ હોય ? અર્થાત્ ન હોય.

૧. વળી આચાર્ય સ્તુતિ કરે છે કે.—

૨ હે જિનેન્દ્ર દેવ ! સંસાર ત્યાગ અર્થે પરિગ્રહરહિતપણુ, રાગરહિતપણુ, સમતા, સર્વથા કર્મોનો નાશ અને અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશનારૂ કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો પરંતુ આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી. તેથી આપ જ શુદ્ધ છો

અને આપના ચરણોની સેવા સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે.

૩. હે ત્રૈલોક્યપતે! આપની સેવામાં જો મારો દૃઢ નિશ્ચય છે તો-અત્યંત બલવાન સંસારરૂપ વૈરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી. કેમકે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારા સહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાહ્ન-તાપ શું કરી શકે તેમ છે? અર્થાત કાંઈ કરી શકે નહિ.

૪ આ પદાર્થ સારરૂપ છે અને આ પદાર્થ અસારરૂપ છે એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એકચિત્ત થઈ જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો અબાધિત ગંભીર દૃષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દૃષ્ટિમાં હે ભગવન્! આપ જ એક સારભૂત પદાર્થ દેખાઓ છો અને આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ લાગે છે અત આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે

૫. હે જિનેશ્વર! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારૂં તો આપનું જ્ઞાન છે સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારૂં આપનું દર્શન છે, આપને અનંત સુખ અને અનંત બળ છે તથા આપની પ્રભુતા પણ નિર્મલતર છે વળી આપનું શરીર પણ દેદીપ્યમાન છે તેથી જો યોગીશ્વરોએ સમ્યગ્ યોગરૂપ નેત્ર દ્વારા આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું? શું ન દેખી લીધું? તથા તેઓએ શું ન પ્રાપ્ત કરી લીધું? અર્થાત્ સર્વ કરી લીધું.

૬ હે જિનેન્દ્ર! આપને જ હું ત્રણ લોકના સ્વામી માનું છું, આપને જ જિન અર્થાત્ અષ્ટકર્મોના વિજેતા તથા મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, સદા

આપનું જ ધ્યાન કરું છુ, આપની જ સેવા અને સ્તુતિ કરુ છું અને કેવળ આપને જ મારૂં શરણ માનું છું. અધિક શું કહેવુ? જો કંઈ સસારમાં પ્રાપ્ત થાય તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે

હે ભગવન્! આપ સાથે જ મારે પ્રયોજન રહે અને આપથી ભિન્ન અન્યથી મારે કોઈ પ્રકારનુ પ્રયોજન ન રહે એટલી વિનયપૂર્વક પ્રાર્થના છે

૭. હે જિનપતે! મે ભ્રાંતિથી મન, વચન અને કાયાદ્વારા ભૂતકાળમાં અન્યપાસે પાપ કરાવ્યાં છે, સ્વય કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદન આપ્યુ છે તથા તેમાં મારી સમ્મતિ આપી છે. વળી વર્ત્તમાનમાં હું મન, વચન અને કાયાદ્વારા અન્યપાસે પાપ કરાવુ છું, સ્વય પાપ કરુ છુ અને પાપ કરનારા અન્યોને અનુમોદુ છુ, તેમજ ભવિષ્યકાળમા હુ મન, વચન અને કાયાદ્વારા અન્યપાસે પાપ કરાવીશ, સ્વય પાપ કરીશ અને પાપ કરનારા.અન્યોને અનુમોદીશ–તે સમસ્ત પાપની આપની સામે બેસી જાતે નિન્દા ગર્હા કરનાર એવો હુ તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.

૮. હે જિનેન્દ્ર! જો આપ ભૂત, ભવિષ્ય, વર્ત્તમાન–ત્રિકાળગોચર અનત પર્યાયયુક્ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો તો હે સ્વામિન્! મારા એક જન્મના પાપોને શુ આપ નથી જાણતા? અર્થાત્ અવસ્યમેવ આપ જાણો છો તેથી હુ આત્મનિંદા કરતો કરતો આપની પાસે સ્વદોષોનુ કથન (આલોચન) કરું છુ; અને તે કેવળ શુદ્ધિ અર્થેજ કરુ છુ

૯. હે પ્રભો ! વ્યવહાર નયનો આશ્રય કરનાર અથવા મૂલ ગુણ તથા ઉત્તરગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને જે દૂષણોનું સંપૂર્ણરીતે સ્મરણ છે તે દૂષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાને આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમકે જ્ઞાનવાન ભવ્ય જીવોએ પોતાના હૃદય માયાશલ્ય, નિદાનશલ્ય, અને મિથ્યાત્વશલ્ય–એ ત્રણ શલ્ય રહિત રાખવું જોઇએ.

૧૦. હે ભગવન્ ! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ પ્રકટ તથા અપ્રકટ નાના પ્રકારના વિકલ્પો સહિત હોય છે. વળી એ જીવ જેટલાં પ્રકારના વિકલ્પો સહિત છે તેટલાં જ વિવિધ પ્રકારના દુખો સહિત પણ છે પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિત્તો શાસ્ત્રમા નથી, તેથી તે સમસ્ત અસંખ્યાત લોકપ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે

૧૧. હે દેવ ! સર્વ પ્રકારના પરિગ્રહરહિત, સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા, ક્રોધાદિ કષાયરહિત, શાન્ત, એકાંતવાસી ભવ્ય જીવ, બધા બાહ્ય પદાર્થોથી મન તથા ઇંદ્રિયોને પાછા હઠાવી, અને અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્ત્તિરૂપ આપમા સ્થિર થઈ આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાનિધ્ય [સમીપતા] ને પ્રાપ્ત કરે છે.

૧૨ હે અર્હત્ પ્રભુ ! પૂર્વભવમા કષ્ટથી સંચય કરેલા મહા પુન્યથી જે મનુષ્ય ત્રણ લોકના પૂજાર્હ આપને પામ્યો છે તે મનુષ્યને, બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચયપૂર્વક અપ્રાપ્ય એવુ ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે હે નાથ ! હું શું કરું ? આપનામાં એક ચિત્ત કર્યા છતા મારૂ મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે એ મોટો ખેદ છે.

૧૩. હે જિનેશ ! આ સંસાર નાના પ્રકારના દુઃખોનો દેનાર છે, જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે. તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો, તપોવન (તપથી પવિત્ર થયેલી ભૂમિ)માં વાસ કર્યો, સર્વ પ્રકારના સંશય પણ છોડયા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યાં હજી સુધી તેવાં દુષ્કર વ્રતો ધારણ કર્યાં છતાં પણ સિદ્ધિ (મોક્ષ)ની પ્રાપ્તિ ન થઈ. કેમકે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક અમારૂં મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમા ભ્રમણ કરતુ રહે છે.

૧૪. હે ભગવન્ ! જે મન, બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યા ત્યા ભટકયા કરે છે, જે જ્ઞાનસ્વરૂપી આત્માને વિનાપ્રયોજને સદા અત્યંત વ્યાકુલ કર્યા કરે છે, જે, ઇંદ્રિયરૂપ ગામને વસાવે છે (અર્થાત્ આ મનની કૃપાથી જ ઇંદ્રિયોની વિષયોમા સ્થિતિ થાય છે) અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્ર છે (અર્થાત્ આત્મા રૂપ ગૃહમા કર્મોને સદા લાવે છે), તેવુ મન જ્યાં સુધી જીવિત રહે છે ત્યા સુધી મુનિયોને કયાથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે ? અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ

૧૫. મારૂં મન નિર્મલ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં લગાવ્યા છતાં, પણ મૃત્યુ તો આવવાનુ જ છે એવા વિકલ્પથી આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘૂમ્યા કરે છે હે સ્વામિન્ ! તો શુ કરવુ ? કેમકે આ જગતમાં, મોહવશાત્ કોને મૃત્યુનો ભય નથી ? સર્વને છે. માટે સવિનય

પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો

ભાવાર્થ:—જ્યા સુધી મોહનો સંબંધ આત્માની સાથે રહેશે ત્યાસુધી મારૂં ચિત્ત મારૂ તારૂ કરી બાહ્ય પદાર્થોમાં ઘૂમ્યા કરશે અને જ્યા સુધી ચિત્ત ઘૂમતુ રહેશે ત્યાસુધી આત્મામા કર્મોનુ આવાગમન પણ રહ્યા કરશે. આ પ્રકારે તો આત્મા સદા વ્યાકુલ રહ્યા કરશે. માટે હે ભગવન્ ! આ નાના પ્રકારના અનર્થો કરનાર મારા મોહને સર્વથા નષ્ટ કરો કે જેથી મારા આત્માને શાન્તિ થાય.

સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે એમ આચાર્ય દર્શાવે છે.

૧૬. જ્ઞાનાવરણ આદિ સમસ્ત કર્મોમા મોહ કર્મ જ અત્યત બળવાન કર્મ છે એ મોહના પ્રભાવથી મન જ્યાં ત્યા ચચળ બની ભ્રમણ કરે છે અને મરણથી ડરે છે. જો આ મોહ ન હોય તો નિશ્ચયનય પ્રમાણે ન તો કોઈ જીવે યા ન કોઈ મરે કેમકે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યુ છે તે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ જ દેખ્યુ છે દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નહી તેથી હે જિનેદ્ર ! આ મારા મોહને જ સર્વથા નષ્ટ કરો.

૧૭. વાયુવ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળલહરીઓના સમૂહ સમાન સર્વ કાળે તથા સર્વક્ષેત્રે આ જગત્ ક્ષણ માત્રમાં વિનાશી છે એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી, આ મારૂં મન સમસ્ત સસારને ઉત્પન્ન કરનાર વ્યાપાર (પ્રવૃત્તિ)થી રહિત થઈ હે જિનેદ્ર ! આપના નિર્વિકાર પરમાનદમય પરબ્રહ્મસ્વરૂપમાં સ્થિત થવાને ઇચ્છા કરે છે.

૧૮. જે સમયે અશુભ ઉપયોગ વર્ત્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે અને તે પાપથી જીવ નાના પ્રકારના દુ ખોને અનુભવે છે જે સમુયે શુભ ઉપયોગ વર્ત્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે, અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત થાય છે એ બન્ને પાપપુણ્યરૂપ દ્વન્દ્વ સસારનુ કારણ છે અર્થાત્ એ બન્નેથી સદા સસાર જ ઉત્પન્ન થાય છે કિન્તુ શુદ્ધોપયોગથી અવિનાશી અને આનદ સ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે હે અર્હત્ પ્રભો! આપ તો તે પદમા નિવાસ કરી રહ્યા છો પણ હુ એ શુદ્ધોપયોગરૂપ પદમા નિવાસ કરવાને ઇચ્છુ છુ

૧૯ જે આત્મસ્વરૂપ-જ્યોતિ, નથી સ્થિત અદર કે નથી સ્થિત બાહ્ય, તથા નથી સ્થિત દિશામાં કે નથી સ્થિત વિદિશામા, તેમજ નથી સ્થૂલ કે નથી સૂક્ષ્મ, તે જ્યોતિ નથી પુલ્લિગ, નથી સ્ત્રીલિગ કે નથી નપુસકલિગ, વળી તે નથી ભારી કે નથી હલકી, તે જ્યોતિ કર્મ, શરીર, ગધ, સખ્યા, વચન, વર્ણથી રહિત છે, નિર્મળ છે અને સમ્યગ્ જ્ઞાન-દર્શનરૂપ મૂર્ત્તિ છે. તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હુ છુ કિંતુ તે આત્મસ્વરૂપ-જ્યો-તિથી હુ ભિન્ન નથી

૨૦ હે ભગવન્! ચૈતન્યની ઉન્નત્તિનો નાશ કરનાર અને વિનાકારણે સદા વૈરી એવા આ દુષ્ટ કર્મે આપમાં અને મારામાં ભેદ પાડયો છે. પરતુ કર્મશૂન્ય અવસ્થામા જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હુ આપની પાસે ખડા છીએ. તેથી તે દુષ્ટ કર્મને હડાવી દૂર કરો કેમકે નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે કે તેણે

સજ્જનોની રક્ષા કરવી અને દુષ્ટોનો નાશ કરવો.

ભાવાર્થ:—હે ભગવન્! જેમ અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યસ્વરૂપ આપનો આત્મા છે તેમ જ—તે જ ગુણો સહિત—મારો આત્મા પણ છે. પરંતુ ભેદ એટલો જ છે કે આપને તે ગુણો પ્રકટ થઈ ગયા છે, જ્યારે મને તે ગુણોનું પ્રાકટ્ય થયું નથી. આ ભેદ પાડનાર તે જ કર્મ છે. કેમકે તે કર્મની કૃપાથી મારા આ સ્વભાવ પર આવરણ પડયું છે. હવે આ સમયે અમે બન્ને આપની સમક્ષ હાજર છીએ તો તે દુષ્ટ કર્મને દૂર કરો કેમકે આપ ત્રણે લોકના સ્વામી છો; અને નીતિજ્ઞનો ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે તથા દુષ્ટોનો નાશ કરે.

૨૧. હે ભગવન્! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળાં આકાશમા હોવા છતા પણ, જેમ આકાશના સ્વરૂપનો કાંઈપણ ફેરફાર કરી શકતા નથી, તેમ આધિ, વ્યાધિ, જરા, મરણ આદિ પણ મારા સ્વરૂપનો કાંઈપણ ફેરફાર કરી શકે તેમ નથી કેમકે એ સર્વ, શરીરના વિકાર છે, જડ છે, જ્યારે મારો આત્મા જ્ઞાનવાન્ અને શરીરથી ભિન્ન છે.

ભાવાર્થ:—જેમ આકાશ અમૂર્ત છે તેથી રંગબેરંગી વાદળાં તેના પર પોતાનો કાંઈપણ પ્રભાવ પાડી શકતાં નથી તથા તેના સ્વરૂપનું પરિવર્તન પણ કરી શકતાં નથી તેમ આત્મા જ્ઞાન-દર્શનમય અમૂર્ત પદાર્થ છે તેથી તેના પર પણ આધિ, વ્યાધિ, જરા, મરણ, આદિ પોતાનાં કાંઈપણ પ્રભાવ પાડી શકતાં નથી તથા તેના સ્વરૂપનું પરિવર્તન પણ કરી

શકતાં નથી. કેમકે તે મૂર્ત શરીરનો ધર્મ છે જ્યારે આત્મા શરીરથી સર્વથા ભિન્ન છે.

૨૨. જેમ માછલી પાણી વિનાની ભૂમિપર પડતાં તરફડી દુઃખી થાય છે, તેમ હું પણ આપની શીતલ છાયા વિના નાના પ્રકારના દુઃખોથી ભરપૂર સંસારમાં સદા બળીઝળી રહું છું. જેમ તે માછલી જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ અત્યંત શીતલ ચરણોમાં પ્રવિષ્ટ રહે છે ત્યાંસુધી હું પણ સુખી રહું છું. તેથી હે નાથ! મારું મન આપના ચરણકમળો છોડી અન્ય સ્થળ કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ પ્રાર્થના છે

૨૩. હે ભગવન્! મારૂં મન ઇંદ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે જો સંબંધ કરે છે તો નાના પ્રકારના કર્મો આવી મારા આત્મા સાથે બંધાય છે; પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મોથી સદાકાળ સર્વક્ષેત્રે જુદો જ છું તથા તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા છે અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો, તેથી હે શુદ્ધાત્મન્! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.

ભાવાર્થ:—યદિ નિશ્ચયનયથી જોવામાં આવે તો હે શુદ્ધાત્મન્! આપ તથા હું સમાન જ છીએ. કેમકે નિશ્ચયનયથી આપનો આત્મા પણ કર્મબંધરહિત છે તેમ મારા આત્મા સાથે પણ કોઈ પ્રકારનાં કર્મોનું બંધન રહેતું નથી તેથી હે ભગવન્! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપના સ્વરૂપમાં જ છે.

૨૪. હે આત્મન્! તારે નથી તો લોકથી કામ, નથી તો અન્યના આશ્રયથી કામ, નથી તો દ્રવ્યથી પ્રયોજન; નથી તો શરીરથી પ્રયોજન; તારે વચન તથા ઇંદ્રિયોથી પણ કાંઈ કામ નથી, તેમ જ [દશ] પ્રાણોથી પણ પ્રયોજન નથી; અને નાના પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી કેમકે તે સર્વ પુદ્દગલ દ્રવ્યના જ પર્યાયો છે. વળી મારાથી ભિન્ન છે તો પણ બહુ ખેદની વાત એ છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે. તેથી શું તુ દૃઢ બંધનથી બંધાઇશ નહિ? અવશ્ય બંધાઇશિ.

ભાવાર્થ:—હે આત્મન્! તું તો નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપી છો અને સમસ્ત લોક તથા શરીર, ઇંદ્રિય, દ્રવ્ય, વચન આદિ સર્વ પદાર્થો પુદ્દગલ દ્રવ્યના પર્યાય છે અને તારાથી સર્વથા ભિન્ન છે. એમ હોવા છતાં પણ તુ તેમને પોતાના સમજી તેમનો આશ્રય કરીશ તો તું અવસ્યમેવ બંધાઇશ. તેથી તે સર્વ પર-પદાર્થોપરની મમતા છોડી શુદ્ધાનંદ ચૈતન્યસ્વરૂપ આત્માનું ધ્યાન કર કે જેથી તું કર્મોથી ન બંધાય.

૨૫ ધર્મ, અધર્મ, આકાશ, કાલ અને પુદ્દગલ એ પાંચ દ્રવ્ય મારાથી ભિન્ન છે. તેમાથી ધર્મ, અધર્મ, આકાશ અને કાલ–એ ચાર દ્રવ્ય તો મારૂ કોઈ પ્રકારે અહિત કરતાં નથી, પરંતુ મને સહાય કરે છે. અર્થાત્ ધર્મ દ્રવ્ય તો મારા ગમનમાં સહકારી છે, અધર્મ દ્રવ્ય સ્થિતિ કરવામાં સહકારી છે, આકાશ દ્રવ્ય અવકાશદાન દેવામાં પણ મને સહકારી છે, અને કાલ દ્રવ્યથી પરિવર્તન થાય છે તેથી તે પરિવર્તન કરવામાં પણ સહકારી છે. પરંતુ એક પદ્દગલ દ્રવ્ય જ મારૂં બહુ અહિત કરનાર

છે. કેમકે પુદ્‌ગલ દ્રવ્ય નોકર્મ [ત્રણ શરીર, ૭ પર્યાપ્તિ] તથા કર્મ સ્વરૂપમાં પરિણત થઈ મારા આત્મા સાથે સંબંધ કરે છે. અને તેની કૃપાથી મારે નાના પ્રકારની ગતિયોમાં ભ્રમણ કરવું પડે છે તેમજ મને સત્યમાર્ગ પણ સુજતો નથી. તેથી ભેદ–વિજ્ઞાનરૂપ તરવારથી મેં તેના ખંડ, ખંડ ઉડાવી દીધા છે.

૨૬. જીવોના નાના પ્રકારના રાગદ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ આકાશ અને કાલ–એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગદ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી. તે રાગદ્વેષદ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઉભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુ:ખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનોએ તે રાગ અને દ્વેષને સર્વથા છોડવા યોગ્ય છે

૨૭. હે મન ! બાહ્ય તથા તારાથી ભિન્ન જે સ્ત્રી આદિ પદાર્થો છે તેમનામાં રાગદ્વેષસ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શામાટે દુ:ખદ અશુભ કર્મો ફોકટ બાંધે છે ? જો તું આનંદરૂપ જળના સમુદ્રમાં શુદ્ધાત્માને પામીને નિવાસ કરીશ તો તું વિસ્તીર્ણ નિર્વાણરૂપ સુખને અવશ્ય પ્રાપ્ત કરીશ. એટલા માટે તારે આનંદસ્વરૂપ શુદ્ધ આત્મામા જ નિવાસ કરવો જોઇએ અને તેનું જ ધ્યાન તથા મનન કરવું જોઇએ.

૨૮. હે ભગવન્ ! આપના ચરણ કમળની કૃપાથી પૂર્વોક્ત વાતોને સમ્યક્‌પ્રકારે મનમાં વિચારી જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે તે જ સમયે તેને દોષિત બનાવવાને કર્મરૂપ ભયંકર વૈરી સામા પલ્લામાં હાજર છે. હે જિનેંદ્ર ! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો.

ભાવાર્થ:—તુલાના બે પલ્લા હોય છે. તેમાં અધ્યાત્મરૂપ એક પલ્લામાં જીવ શુદ્ધિ અર્થે ચડે છે. તે સમયે બીજા પલ્લામાં કર્મરૂપ વૈરી તે પ્રાણીને દોષિત બનાવવા સામે હાજર જ છે. આવા પ્રસંગે હે ભગવન્! આપ આ બન્ને વચ્ચે સાક્ષી છો, તેથી આપે નીતિપૂર્વક ન્યાય કરવો પડશે.

હવે વિકલ્પરૂપ ધ્યાન તો સંસારસ્વરૂપ છે અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષસ્વરૂપ છે એમ આચાર્ય દર્શાવે છે:—

૨૯. દ્વૈત (સવિકલ્પકધ્યાન) તો વાસ્તવિક રીતે સંસાર છે અને અદ્વૈત (નિર્વિકલ્પક ધ્યાન) મોક્ષ સ્વરૂપ છે. સંસાર તથા મોક્ષમાં પ્રાપ્ત થતી અંત [ઉત્કૃષ્ટ] દશાનું આ સંક્ષેપથી કથન છે. જે મનુષ્ય દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે તે પુરુષ નિશ્ચયનયથી નામ રહિત થઈ જાય છે અને વ્યવહારનયથી બ્રહ્મા, ધાતા આદિ નામોથી સંબોધાય છે.

૩૦. હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનદેવ! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે જે ચારિત્રનું વર્ણન કર્યું છે તે ચારિત્ર તો આ વિષમ કલિકાળ [દુષમ પંચમકાળ] માં મારા જેવો મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે. પરંતુ પૂર્વોપાર્જિત પુન્યોથી આપમાં મારી જે દૃઢ ભક્તિ છે તે ભક્તિ જ હે જિન! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ અર્થાત્ મને સંસાર સમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે.

૩૧. આ સંસારમાં ભ્રમણ કરી મેં ઇન્દ્રપણું, નિગોદપણું અને બન્ને વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ અનંતવાર પ્રાપ્ત કરી છે. એ પદવીઓમાંથી કોઈ પણ પદવી મારા માટે

અપૂર્વ નથી; કિન્તુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવી અપૂર્વ છે જે હજી સુધી મળી નથી. તેથી હે દેવ ! મારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવીની ઇચ્છા પૂર્ણ કરો.

૩૨. બાહ્ય [અતિશય આદિ] તથા આભ્યંતર [કેવલજ્ઞાન, કેવલદર્શન આદિ] લક્ષ્મીથી શોભિત શ્રી વીરનાથ ભગવાને પોતાના પ્રસન્નચિત્તથી સર્વોચ્ચ પદવીની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમાવટ કરી છે તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવુ પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી. તે વાત તો દૂર રહી પરંતુ હે પ્રભો ! હે જિનેશ ! તે ઉપદેશ પાસે ત્રણ લોકનુ રાજ્ય પણ મને પ્રિય નથી.

ભાવાર્થ:—યદ્યપિ સંસારમા પૃથ્વી અને ત્રણ લોકના રાજ્યની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે. પરંતુ હે પ્રભો ! શ્રી વીરનાથ ભગવાને પ્રસન્નચિત્ત મને જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે આ બન્ને વાતો મને ઇષ્ટ લાગતી નથી.

૩૩. શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત છે એવો જે મનુષ્ય શ્રી પદ્મનન્દિ આચાર્ય રચિત આલોચના નામ્ના કૃતિને ત્રણે [પ્રાતઃ, મધ્યાહ્ન, સાયં] કાળ શ્રી અર્હત્ પ્રભુ સામે પઢે-ભણે તે બુદ્ધિમાન મનુષ્ય એવા ઉચ્ચપદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિયો ચિરકાલ પર્યંત તપ દ્વારા ઘોર પ્રયત્ન કરીને પામે છે.

જે પરમ કૃપાળુ સદ્ગુરુદેવની કૃપાથી આ આલોચના અધિકાર શ્રવણ કરવાનો, પઠન કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો તે

બદલ તે સંતપુરુષનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. વળી તેઓ નિસ્પૃહ છે તેથી હું મન વચન કાયાની એકાગ્રતાથી તેમના ચરણારવિંદમાં નમસ્કાર કરી, 'તેમનું ભદ્ર થાઓ, કલ્યાણ થાઓ, તેઓશ્રીને મોક્ષનું ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાઓ' એવી શ્રી જિનેશ્વર પ્રભુ પાસે પ્રાર્થના કરી વિરમુ છું.

વીરશાસન જયન્તી.
આષાઢ વદ ૧. ૧૯૯૪.

અનુવાદક,
ભાયાણી હરિલાલ જીવરાજભાઈ.

રાગ–પ્રભાત,

પરિણતિ સબ જીવનકી, તીન ભાંતિ વરની,
એક પુન્ય એક પાપ, એક રાગહરની. પરિણતિ૦
તામે શુભ અશુભ અંધ, દોય કરૈ કર્મબંધ;
વીતરાગ પરિણતિ હય, ભવસમુદ્રતરની. પરિણતિ૦
યાવત શુદ્ધોપયોગ, પાવત નહિ મનોયોગ,
તાવત હિ કર્ણ યોગ, કહી પુન્ય કરની. પરિણતિ૦
ત્યાગ શુભ ક્રિયા કલાપ, કરો મત કદાચી પાપ;
શુભમેં ન મગન હોય, શુદ્ધતા વિસરની પરિણતિ૦
ઉચ્ચ ઉચ્ચ દશા ધાર, ચિત્ત પ્રમાદકો વિદાર;
ઉંચલી દશાસેં, મત ગિરો અધો ધરની. પરિણતિ૦
ભાગચંદ્ર યા પ્રકાર, જીવ લહૈ સુખ અપાર;
યાકે નિરધાર સ્યાદ્વાદકી ઉચરની. પરિણતિ૦

સ્વર્ગીય કવિવર બનારસીદાસજી રચિત પરમાર્થવચનિકાનો અનુવાદ.

એક જીવ દ્રવ્ય, તેના અનંત ગુણ, અનંત પર્યાય; એક એક ગુણના અસંખ્યાત પ્રદેશ, એક એક પ્રદેશ વિષે અનંત કર્મવર્ગણા, એક એક વર્ગણા વિષે અનંત અનંત પુદ્‌ગલ પરમાણુ; એક એક પુદ્‌ગલ પરમાણુ અનંત ગુણ, અનંત પર્યાય સહિત વિરાજમાન છે. આ પ્રમાણે એક સંસારાવસ્થિત જીવ-પિંડની અવસ્થા છે. એ જ પ્રમાણે અનંત જીવ દ્રવ્ય સપિંડરૂપ જાણવા એક જીવ દ્રવ્ય અનંત અનંત પુદ્‌ગલ દ્રવ્યથી સંયોજિત (સંયુક્ત) માનવું. તેનું વિવરણ —

જુદા જુદા રૂપે જીવ દ્રવ્યની પરિણતિ તથા જુદા જુદા રૂપે પુદ્‌ગલ દ્રવ્યની પરિણતિ છે તેનું વિવરણ:—

એક જીવ દ્રવ્ય જે પ્રકારની અવસ્થા સહિત નાના પ્રકારરૂપ પરિણમે તે પ્રકાર અન્ય જીવથી મળતો આવે નહિ. તે અન્ય જીવનું તેનાથી અન્ય અવસ્થારૂપ પરિણમન હોય. એ પ્રમાણે અનંતાનંત સ્વરૂપ જીવ દ્રવ્ય અનંતાનંત અવસ્થાપૂર્વક વર્તી રહ્યાં છે. કોઈ જીવ દ્રવ્યના પરિણામ કોઈપણ અન્ય જીવ દ્રવ્યથી મળતા આવે નહિ

એ જ પ્રમાણે એક પુદ્‌ગલ પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યથી મળતી આવે નહિ. તેથી (પ્રત્યેક) પુદ્‌ગલ (પરમાણુ) દ્રવ્યની પણ અન્ય અન્યતા જાણવી.

જીવ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય એક ક્ષેત્રાવગાહી અનાદિ કાળથી છે; તેમાં વિશેષ એ છે કે જીવ દ્રવ્ય એક અને પુદ્ગલ પરમાણુ દ્રવ્ય અનંતાનંત ચલાચલરૂપ, આગમન ગમનરૂપ, અનંત આકાર પરિણમનરૂપ બંધ મુક્તિ શક્તિ સહિત વર્ત્તે છે.

જીવ દ્રવ્યની અનંતા અવસ્થા; તેમાં ત્રણ અવસ્થા મુખ્ય સ્થાપી. એક અશુદ્ધ અવસ્થા, બીજી શુદ્ધાશુદ્ધરૂપ, મિશ્ર અવસ્થા તથા ત્રીજી શુદ્ધ અવસ્થા. એ ત્રણે અવસ્થા સંસારી જીવ દ્રવ્યની જાણવી. સંસારાતીત સિદ્ધને અનપસ્થિતરૂપ કહીએ.

એ ત્રણે અવસ્થા સંબંધી વિચાર:-એક અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય, બીજું મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય અને ત્રીજું શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય છે. અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી અશુદ્ધ વ્યવહાર છે, મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી મિશ્ર વ્યવહાર છે; તથા શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી શુદ્ધ વ્યવહાર છે.

નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ.

નિશ્ચય તો અભેદરૂપ દ્રવ્ય, વ્યવહાર દ્રવ્યના યથાસ્થિત ભાવ છે પરંતુ વિશેષ એટલું કે જ્યાંસુધી સંસારાવસ્થા છે ત્યાંસુધી વ્યવહાર કહીએ. સિદ્ધ ભગવાનને વ્યવહારાતીત કહીએ. તેથી સંસાર, વ્યવહાર એ બન્ને એકરૂપ કહ્યો, અર્થાત્ સંસારી તે વ્યવહારી, વ્યવહારી તે સંસારી.

ત્રણે અવસ્થાનું વિવરણ.

જ્યાંસુધી મિથ્યાત્વ અવસ્થા છે ત્યાંસુધી અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય અશુદ્ધ વ્યવહારી છે. સમ્યગ્દર્શન થતાં માત્ર ચતુર્થ ગુણસ્થાનકથી માંડી બારમા ગુણસ્થાનક સુધી મિશ્રનિશ્ચયાત્મક જીવ

દ્રવ્ય મિશ્ર વ્યવહારી છે, અને કેવલજ્ઞાની શુદ્ધ નિશ્ચયાત્મક શુદ્ધ વ્યવહારી છે.

નિશ્ચય તો દ્રવ્યનું સ્વરૂપ અને વ્યવહાર સંસારાવસ્થિતભાવ તેનું વિવરણ.

મિથ્યાદષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ જાણતો નથી તેથી તે પરસ્વરૂપ વિષે મગ્ન બની પરકાર્યને તથા પરસ્વરૂપને પોતાનાં માને છે તેથી તે કાર્ય કરતો હોવાથી તે અશુદ્ધ વ્યવહારી કહેવાય. સમ્યગ્દષ્ટિ પોતાનુ સ્વરૂપ પરોક્ષ પ્રમાણવડે અનુભવે છે પરસત્તા અને પરસ્વરૂપને પોતાનુ કાર્ય નહિ માનતો (સતો) યોગ (મન, વચન અને કાયા) દ્વારવડે પોતાના સ્વરૂપમા ધ્યાન–વિચારરૂપ ક્રિયા કરે છે. તે કાર્યકરતાં તે મિશ્ર વ્યવહારી કહેવાય કેવલજ્ઞાની (જીવ) યથાખ્યાત ચારિત્રના બળવડે શુદ્ધાત્મસ્વરૂપમાં રમણશીલ છે તેથી તે શુદ્ધ વ્યવહારી કહેવાય. તેમનામાં યોગારૂઢ અવસ્થા વિદ્યમાન છે તેથી તેમને વ્યવહારી નામ કહ્યો. શુદ્ધ વ્યવહારની મર્યાદા તેરમા ગુણસ્થાનથી માંડી ચૌદમા ગુણસ્થાન સુધી જાણવી. યથા **असिद्धत्वपरिणमनत्वात् व्यवहारः।**

ત્રણે વ્યવહારનું સ્વરૂપ.

અશુદ્ધ વ્યવહાર શુભાશુભાચારરૂપ છે, શુદ્ધાશુદ્ધવ્યવહાર (મિશ્ર) શુભોપયોગમિશ્રિત સ્વરૂપાચારણરૂપ છે. અને શુદ્ધ વ્યવહાર શુદ્ધ સ્વરૂપાચરણરૂપ છે.

શંકા:–શુદ્ધસ્વરૂપાચરણાત્મ તો સિદ્ધ ભગવાનમાં પણ છે તો ત્યાંપણ 'વ્યવહાર' સંજ્ઞા કહેવી જોઇએ !

સમાધાન:—સંસારી અવસ્થા સુધી વ્યવહાર કહીએ. સંસા-

શાવસ્થા મટતાં વ્યવહાર પણ મટયો કહેવાય અહીં એ સ્થાપના કરી છે, તેથી સિદ્ધનુ આત્મદ્રવ્ય વ્યવહારાતીત કહેવાય.

આગમ અધ્યાત્મનું સ્વરૂપ.

વસ્તુનો જે સ્વભાવ તેને આગમ કહીએ આત્માનો જે અધિકાર તેને અધ્યાત્મ કહીએ. આગમ તથા અધ્યાત્મ સ્વરૂપ ભાવ આત્મદ્રવ્યના જાણવા. તે બન્ને ભાવ સસાર અવસ્થાવિષે ત્રિકાલવર્ત્તી માનવા તેનુ વિવરણ.—

આગમરૂપ કર્મપદ્ધતિ છે, અધ્યાત્મરૂપ શુદ્ધચેતનાપદ્ધતિ છે. તેનુ વિવેચન—કર્મપદ્ધતિ પૌદ્ગલિક દ્રવ્યરૂપ અથવા ભાવરૂપ છે. દ્રવ્યરૂપ તો પુદ્ગલના પરિણામ છે. ભાવરૂપ પુદ્ગલાકાર આત્માની અશુદ્ધ પરિણતિરૂપ પરિણામ છે તે બન્ને પરિણામ આગમરૂપ સ્થાપ્યા છે.

શુદ્ધચેતના પદ્ધતિ (અધ્યાત્મ) શુદ્ધાત્મપરિણામ પણ દ્રવ્યરૂપ તથા ભાવરૂપ–એમ બે પ્રકારે છે દ્રવ્યરૂપ તો જીવત્વપરિણામ છે. ભાવરૂપ, જ્ઞાન દર્શન, સુખ, વીર્ય આદિ અનત ગુણ પરિણામ છે. તે બન્ને પરિણામ અધ્યાત્મરૂપ જાણવા. એ આગમ તથા અધ્યાત્મ બન્ને પદ્ધતિમાં અનતતા માનવી.

અનતતાનો વિચાર.

અનતતાનુ સ્વરૂપ દૃષ્ટાંતવડે દર્શાવે છે, જેમકે.–વડના ઝાડનું એક બીજ હાથમાં લેવું. તે ઉપર દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવો. તે વડના બીજ વિષે એક વડનું ઝાડ છે. તે વૃક્ષ ભાવીકાળમાં જેવુ થનાર છે તેવા વિસ્તાર સહિત વિદ્યમાન બીજમાં વાસ્તવ્ય સ્વરૂપ છતુ છે. અનેક શાખા, પ્રશાખા, પત્ર, પુષ્પ, ફલયુક્ત

છે. તેના પ્રત્યેક ફળમાં એવાં અનેક બીજ છે. એ પ્રકારની અવસ્થા એક વડના બીજ વિષે વિચારીએ.

વળી ફરી સૂક્ષ્મદૃષ્ટિથી જોઈએ તો વડના [વિસ્તૃત] વૃક્ષમાં જે જે બીજો છે તે તે બીજો [એવાં બીજાં વિસ્તીર્ણ] અંતર્ગર્ભિત વડવૃક્ષયુક્ત છે. એ પ્રમાણે એક વડમાં અનેક અનેક બીજ, એકેક બીજવિષે એકેક વૃક્ષ છે. તેનો [દીર્ઘ] વિચાર કરીએ તો ભાવીનયપ્રમાણથી ન વડવૃક્ષની મર્યાદા પમાય કે ન બીજની મર્યાદા પમાય. એ પ્રમાણે અનંતતાનું સ્વરૂપ જાણવું. તે અનંતતાના સ્વરૂપને કેવલજ્ઞાની પુરુષ પણ અનંત જ દેખે, જાણે, કહે. અનંતનો બીજો અંત છે જ નહિ જે જ્ઞાનમાં [અંતરૂપે] ભાસે. તેથી અનંતતા અનંતરૂપ જ પ્રતિભાસે છે. એ પ્રમાણે આગમ, અધ્યાત્મની અનંતતા જાણવી. તેમા વિશેષ એટલું કે અધ્યાત્મનુ સ્વરૂપ અનંત છે અને આગમનું સ્વરૂપ અનંતાનંતરૂપ છે. કારણ કે યથાર્થ પ્રમાણથી અધ્યાત્મ એક દ્રવ્યાશ્રિત, અને આગમ અનંતાનંત પુદ્ગલ દ્રવ્યાશ્રિત છે. તે બન્નેનુ સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવલજ્ઞાનગોચર છે; અંશમાત્ર મતિશ્રુતજ્ઞાન ગ્રાહ્ય છે. તેથી સર્વથા પ્રકારે આગમી, અધ્યાત્મી તો કેવલજ્ઞાની, અંશમાત્ર મતિશ્રુતજ્ઞાની, દેશમાત્રજ્ઞાતા અવધિજ્ઞાની, મનપર્યયજ્ઞાની; એ ત્રણે ~~[મતિ, શ્રુત, અવધિ]~~ યથાવસ્થિત જ્ઞાનપ્રમાણ ન્યૂનાધિકરૂપ જાણવા. મિથ્યાદૃષ્ટિ જીવ ન આગમી છે, ન અધ્યાત્મી છે. કારણ કે તે કથનમાત્ર ગ્રંથપાઠના બળવડે આગમ–અધ્યાત્મનું સ્વરૂપ ઉપદેશમાત્ર કહે પરંતુ તે આગમ અધ્યાત્મના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણતો નથી. તેથી

મૂઢ જીવ ન આગમી કે ન અધ્યાત્મી છે. [કારણ કે તેને તે ભાવનું વેદન જ નથી] યથા **निर्वेदकत्वात् ।**

મૂઢ અને જ્ઞાની જીવનું વિશેષપણું.

જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાણે. મૂઢ મોક્ષમાર્ગ સાધી જાણે નહિ. કારણ સાંભળો:–મૂઢ જીવ આગમ પદ્ધતિને વ્યવહાર કહે અને અધ્યાત્મપદ્ધતિને નિશ્ચય કહે. તેથી તે આગમ અંગને એકાન્તપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે, અધ્યાત્મ અંગને વ્યવહાર પણ જાણે નહિ. એ મૂઢ દૃષ્ટિ જીવનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ ક્યાંથી ? કારણ આગમ અંગ બાહ્ય ક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે. એટલે તેનુ સ્વરૂપ સાધવુ તેને સુગમ છે. તે બાહ્ય ક્રિયા કરતો સતો મૂઢ જીવ પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને. પણ અંતર્ગર્ભિત જે અધ્યાત્મરૂપ ક્રિયા જે અંતર્દષ્ટિગ્રાહ્ય છે તે ક્રિયાને મૂઢ જીવ જાણે નહિ. કારણ અંતર્દષ્ટિના અભાવથી અંતર ક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ, તેથી મિથ્યાદૃષ્ટિ જીવ [ગમે તેટલી બાહ્ય ક્રિયા કરતો છતો પણ] મોક્ષમાર્ગ સાધવાને અસમર્થ છે.

સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ.

સમ્યગ્દષ્ટિ કોણ કહેવાય તે સાંભળો—સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણ ભાવ જેનામાં નથી તે જીવ સમ્યગ્દષ્ટિ. ઉપરોક્ત સંશય, વિમોહ અને વિભ્રમનું સ્વરૂપ દષ્ટાંતવડે દર્શાવે છે. તે શ્રવણ કરો.–જેમકે ચાર પુરુષ કોઈ એક સ્થાનમાં ઉભા હતા ત્યાં કોઈ અન્ય પુરુષે તે ચારે પુરુષ પાસે એક છીપનો ખંડ લાવી બતાવ્યો. પ્રત્યેકને પ્રશ્ન કર્યો કે આ શું છે? છીપ છે કે રૂપું ? પ્રથમ સંશયવાળો પુરુષ બોલ્યો કે કાંઈ સમજ પડતી નથી કે આ તે છીપ છે કે રૂપું ! મારી દૃષ્ટિમાં તેનો નિરધાર થતો

નથી. પછી બીજો વિમોહવાળો પુરુષ બોલ્યો કે મને એ કાંઇ સમજણ પડતી નથી કે તમે છીપ કોને કહો છો ? તથા રૂપું કોને કહો છો ? મારી દૃષ્ટિમાં કાંઈ આવતુ નથી તેથી હુ જાણતો નથી કે તમે શુ કહેવા માંગો છો ? અથવા તે ચુપ રહે, ઘેલછાથી બોલે નહિ હવે ત્રીજો વિભ્રમવાળો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણ રૂપુ છે, તેને છીપ કોણ કહે ? મારી દૃષ્ટિમાં તો રૂપુ સુજે છે, તેથી સર્વથા પ્રકારે તે રૂપુ છે. તે ત્રણે પુરુષે તો છીપના સ્વરૂપને જાણ્યુ નહિ તેથી તે ત્રણે મિથ્યાવાદી છે. હવે ચોથો પુરુષ બોલ્યો કે આ તો પ્રત્યક્ષ પ્રમાણ છીપનો ખડ છે તેમા સશય શો ? છીપ, છીપ, છીપ, નિર્ધાર છીપ. જો એને કોઈ અન્ય વસ્તુ કહે તો તે પ્રત્યક્ષ પ્રમાણ ભ્રમિત વા અધ. તેની રીતે સમ્યગ્દૃષ્ટિને સ્વપર સ્વરૂપમા સશય, વિમોહ, વિભ્રમ નથી. યથાર્થદૃષ્ટિ છે. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવ અતર્દૃષ્ટિવડે મોક્ષપદ્ધતિ સાધી જાણે તે બાહ્યભાવને બાહ્ય નિમિત્તરૂપ માને. તે નિમિત્ત તો નાના પ્રકારના છે. એક રૂપ નથી અન્તર્દૃષ્ટિના પ્રમાણમા મોક્ષમાર્ગ સાધે સમ્યગ્જ્ઞાન [સ્વસવેદન] અને સ્વરૂપાચરણની કણિકા જાગ્યે મોક્ષમાર્ગ સાચો. મોક્ષમાર્ગ સાધવો એ વ્યવહાર અને શુદ્ધ દ્રવ્ય અક્રિયારૂપ [~~परिणमे~~] તે નિશ્ચય છે. એ પ્રમાણે નિશ્ચય–વ્યવહારનુ સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. મૂઢ જીવ જાણે નહિ અને માને પણ નહિ. મૂઢ જીવ બધ પદ્ધતિને સાધતો સતો તેને મોક્ષમાર્ગ કહે, તે વાત જ્ઞાતા માને નહિ. 'કેમકે બધને સાધવાથી બધ સધાય પણ મોક્ષ સધાય નહિ. જ્યારે જ્ઞાતા કદાચિત્ બધ પદ્ધતિનો વિચાર કરે ત્યારે તે જાણે છે કે આ બંધ પદ્ધતિથી મારૂ દ્રવ્ય અનાદિકાળથી બધરૂપ

ચાલ્યું આવ્યું છે. હવે તે પદ્ધતિનો મોહ તોડી [અંતર્દૃષ્ટિ પ્રમાણે] વર્ત્તે તો આ પદ્ધતિનો રાગ પૂર્વની જેમ હે નર! તુ શા માટે કરે ? [ન કરે.] તે ક્ષણમાત્ર પણ બંધ પદ્ધતિમાં મગ્ન થાય નહિ. તે જ્ઞાતા પોતાનુ સ્વરૂપ વિચારે, અનુભવે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે. તથા નવધાભકિત, તપ, ક્રિયા પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ થઇને કરે. એ જ્ઞાતાનો આચાર; એનું નામ મિશ્ર વ્યવહાર છે.

હેય જ્ઞેય ઉપાદેયરૂપ જ્ઞાનીની ચાલનો વિચાર.

હેય–ત્યાગરૂપ તો પોતાના દ્રવ્યની અશુદ્ધતા, જ્ઞેય–વિચારરૂપ અન્ય ષડ્ દ્રવ્યનુ સ્વરૂપ, ઉપાદેય–આચરણરૂપ પોતાના દ્રવ્યની શુદ્ધતા. તેનુ વિવેચન.—

ગુણસ્થાનકના પ્રમાણમા જ્ઞાતાની હેય જ્ઞેય ઉપાદેયરૂપ શકિત હોય જેમ જેમ જ્ઞાતાની હેય જ્ઞેય ઉપાદેય શકિત વર્ધમાન થતી જાય તેમ તેમ ગુણસ્થાનની વૃદ્ધિ થાય એમ કહ્યું છે ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન ગુણસ્થાન પ્રમાણે ક્રિયા. તેમાં વિશેષ એટલું કે એક ગુણસ્થાનવર્તી અનેક જીવ હોય તો [તેમનો] અનેક રૂપનુ જ્ઞાન તથા અનેક રૂપની ક્રિયા હોય. કારણ કે ભિન્નભિન્ન આત્મ-સત્તાના પ્રમાણે કરી [જ્ઞાન–ક્રિયામાં] એકતા [સામ્ય] મળે નહિ. એકેક જીવ દ્રવ્યમા અન્યાન્યરૂપ ઔદયિક ભાવ હોય તેથી તે ઔદયિક ભાવાનુસાર જ્ઞાનની અન્ય અન્યતા જાણવી. પરંતુ વિશેષ એટલું જે [એ સર્વ આત્મામા] કોઈ પ્રકારનું જ્ઞાન એવુ ન હોય કે પરસત્તાવલંબનશીલ બની મોક્ષમાર્ગ સાક્ષાત્ કહે. કેમકે અવસ્થા (દશા) ના પ્રમાણમાં પરસત્તાવલંબનપણું છે [પણ તેને તે મોક્ષમાર્ગ કહેતો નથી] તે આત્મા જ્ઞાનને

પરસત્તાવલંબી પરમાર્થદૃષ્ટિએ ન કહે. જે જ્ઞાન હોય તે સ્વસત્તાવલંબનશીલ હોય. તેનું નામ જ્ઞાન. તે જ્ઞાનને સહકારભૂત નિમિત્તરૂપ નાના પ્રકારના ઔદયિક ભાવ હોય. જ્ઞાતા તે ઔદયિકભાવનો તમાશબીન છે, પણ તેનો કર્તા, ભોક્તા કે અવલંબી નથી. તેથી કોઈ એમ કહે કે 'આ પ્રકારના સર્વથા ઔદયિકભાવ હોય તો તેને અમુક [ફલાણું] ગુણસ્થાન કહીએ.' એમ કહેવું એ જૂઠ છે. એમ કહેનારે દ્રવ્યનુ સ્વરૂપ સર્વથા પ્રકારે જાણ્યુ નથી. કારણ–અન્ય ગુણસ્થાનની તો વાત શુ કહેવી. કેવલીઓમાં પણ ઔદયિકભાવનુ નાના પ્રકારપણું જાણવું. કેવલીઓના ઔદયિક ભાવ એક સરખા હોય નહિ. કોઈ કેવલીને દંડ કપાટરૂપ ક્રિયાનો ઉદય હોય. જ્યારે કોઈ કેવલીને તે ન હોય એ પ્રમાણે કેવલીઓમાં પણ ઉદયની નાનારૂપતા છે તો અન્ય ગુણસ્થાનોની તો વાત શું કહેવી? માટે ઔદયિક ભાવાનુસાર જ્ઞાન ~~[ઔદયિકભાવ]~~ નથી. જ્ઞાન સ્વશકિત પ્રમાણ છે સ્વપર પ્રકાશક જ્ઞાનશકિત, જ્ઞાયક પ્રમાણ જ્ઞાન, તથા યથાનુભવ પ્રમાણ સ્વરૂપચારણરૂપ ચારિત્ર એ જ્ઞાતાનું સામર્થ્ય છે. એ વાતનુ વિવેચન કયાંસુધી લખીએ, કયાંસુધી કહીએ? [તત્ત્વ] વચનાતીત, ઇન્દ્રિયાતીત, જ્ઞાનાતીત છે તેથી આ વિચારો બહુ શા લખવા? જે જ્ઞાતા હશે તે થોડું જ લખેલું [પણ] બહુ સમજશે. જે અજ્ઞાની હશે તે આ ચિઠ્ઠી સાંભળશે ખરો, પરન્તુ સમજશે નહિ. આ વચનિકા યથાયોગ્ય સુમતિપ્રમાણ કેવલી વચનાનુસાર છે. જે જીવ આ સાંભળશે, સમજશે, શ્રદ્ધશે તેને ભાગ્યાનુસાર કલ્યાણકારી થશે.

ઈતિ પરમાર્થ વચનિકા.

કવિવર શ્રી બનારસીદાસ લિખિત નિમિત્ત-ઉપાદાનની ચિઠ્ઠી.

હિન્દી પરથી ગુજરાતી અનુવાદ.

પ્રશ્ન-નિમિત્ત એટલે શું ?
ઉત્તર.-સંયોગરૂપ કારણ.
પ્રશ્ન.-ઉપાદાન એટલે શુ ?
ઉત્તર:-વસ્તુની સહજ શક્તિ.

તેના બે ભેદ છે. એક દ્રવ્યાર્થિક નિમિત્ત ઉપાદાન, બીજું પર્યાયાર્થિક નિમિત્ત ઉપાદાન, તેનુ વિવેચન.—

દ્રવ્યાર્થિક નિમિત્ત ઉપાદાન [વસ્તુમા] ગુણભેદ કલ્પનારૂપ છે. પર્યાયાર્થિક નિમિત્ત ઉપાદાન [વસ્તુમા] પરયોગ કલ્પનારૂપ છે. તેની ચૌભંગી. તેમાં પ્રથમ ગુણભેદ કલ્પનારૂપ ચૌભંગીનો વિસ્તાર કહીએ છીએ તે શ્રવણ કરો:—

જીવ દ્રવ્યના અનંત ગુણ. સર્વગુણ અસહાય, સ્વાધીન અને સદાકાળ-શાશ્વત છે. તેમાં મુખ્ય બે ગુણ પ્રધાન સ્થાપીએ. તે પર ચૌભંગીનો વિચાર. એક તો જીવનો જ્ઞાન ગુણ અને બીજો જીવનો ચારિત્ર ગુણ. એ બન્ને ગુણ શુદ્ધરૂપ જાણવા, અશુદ્ધરૂપ પણ જાણવા અને યથાયોગ્ય સ્થાનકે [ગુણસ્થાને] જાણવા. તેનુ વિવરણ:-એ બન્ને ગુણોની ગતિ ન્યારી ન્યારી, શક્તિ ન્યારી ન્યારી, જાતિ ન્યારી ન્યારી, સત્તા ન્યારી ન્યારી; તેનું વિવેચન:-

જ્ઞાનગુણની તો જ્ઞાન, અજ્ઞાનરૂપ ગતિ, સ્વપરપ્રકાશક શકિત, જ્ઞાન [સમ્યગ્જ્ઞાન] રૂપ તથા મિથ્યાત્વરૂપ જાતિ, દ્રવ્યપ્રમાણ

સત્તા છે. પરંતુ વિશેષ એટલું કે જ્ઞાનરૂપ જાતિનો કદિ નાશ થતો નથી, પરંતુ મિથ્યાત્વરૂપ જાતિનો નાશ, સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતાં સુધી થતો નથી. આ તો જ્ઞાન ગુણનો નિર્ણય થયો. હવે ચારિત્ર ગુણનું વિવેચન કહેવાય છે:-ચારિત્રગુણની સંકલેશ-વિશુદ્ધરૂપ ગતિ, સ્થિરતા-અસ્થિરતારૂપ શકિત, મંદ-તીવ્રરૂપ જાતિ, દ્રવ્યપ્રમાણ સત્તા છે. તેમાં એટલું વિશેષ કે મંદતાની સ્થિતિ ચૌદમા ગુણસ્થાન પર્યંત હોય છે; તીવ્રતાની સ્થિતિ પાંચમા ગુણસ્થાન સુધી હોય છે. આ તો જ્ઞાન-ચારિત્ર બન્નેના ગુણભેદ ન્યારા ન્યારા કહ્યા. હવે તેની વ્યવસ્થા:-જ્ઞાન ચારિત્રને આધીન નથી, ચારિત્ર જ્ઞાનને આધીન નથી. બન્ને અસહાયરૂપ છે. એવી તો મર્યાદા છે.

ચૌભંગીનો વિચાર-જ્ઞાનગુણ નિમિત્ત, ચારિત્ર-ગુણ ઉપાદાનરૂપ. તેનું વિવેચન.

૧ અશુદ્ધ નિમિત્ત, અશુદ્ધ ઉપાદાન.

૨ અશુદ્ધ નિમિત્ત, શુદ્ધ ઉપાદાન.

૩ શુદ્ધ નિમિત્ત, અશુદ્ધ ઉપાદાન.

૪. શુદ્ધ નિમિત્ત, શુદ્ધ ઉપાદાન.

સૂક્ષ્મદષ્ટિપૂર્વક દ્રવ્યની એક સમયની અવસ્થા લેવી, સમુચ્ચયરૂપ મિથ્યાત્વ સમ્યક્ત્વની વાત ન લેવી.

કોઇ સમયે જીવની અવસ્થા આ પ્રકારની હોય છે કે:-

૧. જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર.

૨. અજાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર.

૩. જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર.

૪. અજાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર.

જે સમયે જ્ઞાનની અજાણરૂપ ગતિ અને ચારિત્રની સંકલેશરૂપ ગતિ, તે સમયે નિમિત્ત અને ઉપાદાન બન્ને અશુદ્ધ.

જે સમયે જાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર, તે સમયે શુદ્ધ નિમિત્ત અને અશુદ્ધ ઉપાદાન.

જે સમયે અજાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર, તે સમયે અશુધ્ધ નિમિત્ત અને શુદ્ધ ઉપાદાન.

જે સમયે જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર, તે સમયે નિમિત્ત અને ઉપાદાન બન્ને શુદ્ધ.

એ પ્રમાણે જીવની અન્ય અન્ય દશા સદાકાળ અનાદિકાળથી છે. તેનું વિવેચન.

જાણરૂપ એ જ્ઞાનની શુદ્ધતા કહેવાય. વિશુદ્ધરૂપ એ ચારિત્રની શુદ્ધતા છે. અજ્ઞાનરૂપ એ જ્ઞાનની અશુદ્ધતા કહીએ; સંકલેશરૂપ એ ચારિત્રની અશુદ્ધતા કહીએ; હવે તે સંબંધી વિચાર સાંભળો:–

મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે જીવનો જ્ઞાન ગુણ જાણરૂપ હોય ત્યારે તે કેવુ જાણે છે? તે એવુ જાણે છે કે–લક્ષ્મી, પુત્ર, સ્ત્રી ઈત્યાદિ પ્રત્યક્ષપ્રમાણરૂપ મારાથી ન્યારા છે; હું મરીશ અને એ સૌ અહીં જ પડયા રહેશે; અથવા એ સૌ જશે અને હું પડયો રહીશ. કોઈ કાળે એ સર્વથી મારે એક દિવસ વિયોગ છે. એવું જાણપણું મિથ્યાદષ્ટિને હોય છે તે તો શુદ્ધતા કહેવાય; પરંતુ એ શુદ્ધતા સમ્યક્ શુદ્ધતા નથી, પણ ગર્ભિત શુદ્ધતા છે. જ્યારે વસ્તુનું સ્વરૂપ જાણે ત્યારે સમ્યક્ત્વની શુદ્ધતા છે. તેવી શુદ્ધતા ગ્રંથિભેદ વિના હોય નહિ. પરંતુ ગર્ભિત શુદ્ધતા પણ અકામ નિર્જરા છે. વળી કોઈ સમયે જીવનો જ્ઞાન ગુણ અજાણરૂપ

હોય. તે ઘેલછારૂપ હોય છે તેથી કેવળ બંધ છે. એ પ્રમાણે મિથ્યાત્વ અવસ્થામાં કોઈ સમયે ચારિત્ર ગુણ વિશુદ્ધરૂપ હોય; તેથી ચારિત્રાવરણીય કર્મ મંદ હોય છે. જે મંદતાને લીધે નિર્જરા થાય છે. તથા કોઈ સમયે ચારિત્રગુણ સંકલેશરૂપ હોય તેથી કેવળ તીવ્રબંધ હોય. એ પ્રમાણે મિથ્યાત્વ અવસ્થામાં જે સમયે જાણરૂપ જ્ઞાન અને વિશુદ્ધતારૂપ ચારિત્ર હોય તે સમયે નિર્જરા છે જે સમયે અજાણરૂપ જ્ઞાન અને સંકલેશરૂપ ચારિત્ર છે તે સમયે બંધ છે. તેમાં વિશેષ એટલું કે અલ્પ નિર્જરા અને બહુ બંધ થાય છે. તેથી એ અલ્પની અપેક્ષાએ મિથ્યાત્વ અવસ્થાવિષે કેવલ બધ કહ્યો જેમકે કોઈ પુરૂષને નફો થોડો અને નુકશાની ઘણી તો તે પુરુષ ટોટાવાળો જ કહેવાય. પરંતુ બંધ, નિર્જરા વિના જીવ કોઈ અવસ્થા વિષે હોતો નથી.

દૃષ્ટાંત—જો વિશુદ્ધતાવડે નિર્જરા ન થતી હોય તો એકેન્દ્રિય જીવ નિગોદ અવસ્થાથી વ્યવહાર રાશિમાં કોના બળથી આવે છે? ત્યાં તો જ્ઞાન ગુણ અજાણરૂપ, ઘેલછારૂપ, અબુધ્ધરૂપ છે. તે ઊંચો આવે છે તે જ્ઞાન ગુણના બળથી નહિ પણ વિશુદ્ધરૂપ ચારિત્રના બળથી જીવ વ્યવહારરાશિમા ચડે છે જીવ દ્રવ્યમા કષાયની મંદતા થાય છે તેથી નિર્જરા થાય છે. વળી મંદતાના પ્રમાણમાં ચારિત્ર ગુણની શુદ્ધતા જાણવી. હવે વળી વિસ્તાર સાંભળો:—

જ્ઞાનનુ જાણપણુ અને ચારિત્રની વિશુદ્ધતા બન્ને મોક્ષમાર્ગાનુસારી છે, તેથી બન્નેમાં [વાસ્તવિક] વિશુદ્ધતા માનવી. પરંતુ વિશેષ એટલું કે ગર્ભિત શુદ્ધતા એ પ્રકટ શુદ્ધતા નહિ. એ બન્ને ગુણની ગર્ભિત શુદ્ધતા જ્યાંસુધી ગ્રંથિભેદ હોય નહિ

ત્યાં સુધી [હોય અને] મોક્ષમાર્ગ સધાય નહિ. પરંતુ [જીવને] ઊર્ધ્વતા અવશ્ય કરે જ [પણ મોક્ષમાર્ગના કારણરૂપ તે ન થાય.] જ્યારે ગ્રંથિભેદ થાય ત્યારે એ બન્ને ગુણની ગર્ભિત શુદ્ધતામાં શિખા [અંકુર] ફૂટે એટલે એ બન્ને [જ્ઞાન–ચારિત્ર] ગુણ ધારા પ્રવાહરૂપે મોક્ષમાર્ગ તરફ ગતિ માંડે. જ્ઞાનગુણની શુદ્ધતાવડે જ્ઞાનગુણ નિર્મળ થાય અને ચારિત્રગુણની શુદ્ધતાવડે ચારિત્રગુણ નિર્મળ થાય અને તે જ કેવલજ્ઞાનનો તથા યથાખ્યાતચારિત્રનો અંકુર [સમ્યક્ ફણગો) છે

પ્રશ્ન:—તમે કહ્યું કે જ્ઞાનનું જાણપણું અને ચારિત્રની વિશુદ્ધતા એ બન્નેથી નિર્જરા થાય છે. ત્યાં જ્ઞાનના જાણપણાથી તો નિર્જરા થાય, એ તો હું માનું છું પણ ચારિત્રની વિશુદ્ધતાથી નિર્જરા કેવી રીતે હોય? એ હું સમજતો નથી. તેનું સમાધાન.—

સમાધાન:—ભાઈ! સાંભળો સ્થિરતારૂપ પરિણામને વિશુદ્ધતા કહીએ છીએ એ સ્થિરતા યથાખ્યાત ચારિત્રનો અંશ છે. તે અપેક્ષાએ વિશુદ્ધતામાં શુદ્ધતા આવી.

પ્રશ્ન:—તમે વિશુદ્ધતાથી નિર્જરા કહી પણ હું કહું છું કે વિશુદ્ધતાથી નિર્જરા નથી પણ શુભ બંધ છે.

સમાધાન:—ભાઈ! સાંભળો એ તો તમારૂં કહેવું ખરૂં છે કે વિશુદ્ધતાથી શુભ બંધ અને સંકલેશતાથી અશુભ બંધ, એ તો હું પણ માનું છું. પરંતુ એમાં બીજો ભેદ છે તે સાંભળો:—

અશુભ પદ્ધતિ એ અધોગતિનું પરિણમન છે તથા શુભ પદ્ધતિ એ ઊર્ધ્વગતિનું પરિણમન છે. તેથી અધોગતિરૂપ સંસાર અને ઊર્ધ્વગતિરૂપ મોક્ષસ્થાન છે એમ સ્વીકારી તેમાં શુદ્ધતા

આવી એમ માન્યું, એમાં વાંધો નથી. વિશુદ્ધતા સદાકાળ મોક્ષનો માર્ગ છે, પરંતુ ગ્રંથિભેદ વિના વિશુદ્ધતાનું જોર ચાલતું નથી ને ! જેમ કોઈ પુરુષ નદીમાં ડુબકી મારે, જ્યારે ફરી તે ઉછળે ત્યારે દૈવયોગાત્ તે પુરુષની ઉપર નૌકા આવી જાય. જો કે તે તારક [તારુ] છે તો પણ કેવી રીતે તે નીકળે ? કારણ કે તેનું કાંઈ જોર ચાલતું નથી, ઘણો કલ-બલ કરે પણ તેને વશ કાંઈ પણ નથી. તેવી જ વિશુદ્ધતાથી ઊર્ધ્વતા જાણવી. ગ્રંથિભેદ થતાં એ વિશુદ્ધતા મોક્ષમાર્ગ તરફ ચાલી. પોતાના સ્વભાવવડે વર્દ્ધમાન થવા લાગી ત્યારે [ક્રમે કરીને] તે પૂર્ણ યથાખ્યાતરૂપ પ્રગટ કહેવાઈ. વિશુદ્ધતાની જે ઊર્ધ્વતા એ જ તેની શુદ્ધતા.

જ્યાં મોક્ષમાર્ગ સાધ્યો ત્યાં કહ્યું કે '**सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः**' તથા એમ પણ કહ્યું કે '**ज्ञान क्रियाभ्याम् मोक्षः**' તે સંબધી વિચારઃ-ચોથા [અવિરત સમ્યકૃત્વ] ગુણસ્થાનથી માંડી ચૌદમા ગુણસ્થાન પર્યંત મોક્ષમાર્ગ કહ્યો તેનું વિવરણ:—

સમ્યગ્રૂપ જ્ઞાનધારા, વિશુદ્ધરૂપ ચારિત્રધારા-બન્ને ધારા મોક્ષમાર્ગ તરફ ચાલી. ત્યાં જ્ઞાનવડે જ્ઞાનની શુદ્ધતા અને ક્રિયાવડે ક્રિયાની (ચારિત્રની) શુદ્ધતા થવા લાગી (અહીં પરિણતિની સ્થિરતારૂપ ક્રિયા સમજવી). વિશુદ્ધતામાં જે શુદ્ધતા છે તે [ક્રમશ.] યથાખ્યાત ચારિત્રરૂપ થાય છે. જો વિશુદ્ધતામાં શુદ્ધતાનો અંશ ન હોત તો જ્ઞાન ગુણ શુદ્ધ હોત અને ક્રિયા [પરિણતિ] અશુદ્ધ રહેત. પણ કેવલી ભગવાનમાં એમ તો હોતું નથી. [તેથી સિદ્ધ થાય છે કે વિશુદ્ધતા] માં શુદ્ધતા હતી તેથી વિશુદ્ધતા થઈ.

અહીં કોઈ કહે કે જ્ઞાનની શુદ્ધતાવડે ક્રિયા શુદ્ધ થઈ. પણ એમ નથી. કોઈ ગુણ અન્ય ગુણને આશ્રયે નથી. સર્વ અસહાયરૂપ છે. વળી જો ક્રિયાપદ્ધતિ સર્વથા અશુદ્ધ હોત તો અશુદ્ધતાની એટલી શક્તિ તો નથી કે જેથી તે મોક્ષમાર્ગ તરફ ગતિ કરે. વિશુદ્ધતામાં યથાખ્યાત ચારિત્રનો અંશ છે. તેથી તે અંશ ક્રમશઃ પૂર્ણ થયો.

હે ભાઈ! તમે વિશુદ્ધતામાં શુદ્ધતા માની કે નહિ? જો તમે માની છે તો કાંઈ અન્ય કહેવાનું કાર્ય નથી. જો તમે નથી માની તો તમારૂં દ્રવ્ય એ પ્રકારે પરિણમ્યું છે ત્યાં અમે શું કરીએ? જો માનો તો તમને સાબાશી. એ પ્રમાણે દ્રવ્યાર્થિકની ચૌભંગી પૂર્ણ થઈ.

નિમિત્ત-ઉપાદાન શુદ્ધ અશુદ્ધરૂપ વિચાર.

હવે પર્યાયાર્થિક ચૌભંગી સાભળો:—

૧ વક્તા અને શ્રોતા-બન્ને અજ્ઞાની. તે નિમિત્ત અને ઉપાદાન બન્ને અશુદ્ધ.

૨ વક્તા અજ્ઞાની અને શ્રોતા જ્ઞાની. તે નિમિત્ત અશુદ્ધ અને ઉપાદાન શુદ્ધ.

૩ વક્તા જ્ઞાની અને શ્રોતા અજ્ઞાની તે નિમિત્ત શુદ્ધ અને ઉપાદાન અશુદ્ધ.

૪ વક્તા જ્ઞાની અને શ્રોતા જ્ઞાની. તે નિમિત્ત અને ઉપાદાન બન્ને શુદ્ધ.

એ પ્રમાણે પર્યાયાર્થિક ચૌભંગી કહી.

અહી વિશુદ્ધતા એટલે મંદ કષાય તથા શુદ્ધતા એટલે કષાયરહિતપણું સમજવું. ગ્રંથિભેદ થયા વિનાની વિશુદ્ધતા ગમે તેટલી થઈ હોય તો પણ તે મોક્ષમાર્ગ ભણી જતી જ નથી;

ઇતિ નિમિત્ત ઉપાદાન શુદ્ધાશુદ્ધરૂપ વિચાર વચનિકા.

કલ્લોલ.	અનુવાદક,
આષાઢ સુદ ૬. ૧૯૯૩.	શાહ સોમચંદ અમથાલાલ.

નિમિત્ત-ઉપાદાનના દોહા.

દોહા.

પ્રશ્નઃ–ગુરુઉપદેશ નિમિત્ત વિન, ઉપાદાન બલહીન;
જ્યોં નર દૂજે પાંવ વિન, ચલવેકો આધીન. ૧.
હૌ જાનૈ થા એક હી, ઉપાદાનસો કાજ,
થકૈ સહાઈ પૌન વિન, પાનીમાંહિ જહાજ. ૨.
ઉત્તરઃ–જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઊ શિવમગ ધાર;
ઉપાદાન નિહચૈ જહાઁ, તહઁ નિમિત્ત વ્યોહાર. ૩.
ઉપાદાન નિજ ગુણ જહાં, તહઁ નિમિત્ત પર હોય;
ભેદ જ્ઞાન પરવાન વિધિ, વિરલા બૂઝે કોય. ૪.
ઉપાદાન બલ જહઁ તહાઁ, નહિ નિમિત્તકો દાવ;
એક ચક્રસૌ રથ ચલૈ, રવિકો યહૈ સ્વભાવ. ૫.
સધૈ વસ્તુ અસહાય જહઁ, તહઁ નિમિત્ત હૈ કોન,
જ્યોં જહાજ પરવાહમેં, તિરૈ સહજ વિન પૌન ૬.
ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ;
બસૈ જુ જૈસે દેશમેં, કરૈ સુ તૈસે ભેષ. ૭.

ઇતિ શુભં.

તેથી જ તે દ્રવ્યચારિત્ર નામ કહેવાય છે. દ્રવ્યલિંગી મુનિને પણ એ અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ કહ્યા; અને ચોથા અવિરત સમ્યગ્દૃષ્ટિને મોક્ષમાર્ગી કહ્યા તેનું પણ એ જ કારણ છે.

: ૨૨ :

પંડિતપ્રવર ટોડરમલ્લજીની
રહસ્યપૂર્ણ ચિઠ્ઠી
અર્થાત્
આધ્યાત્મિક પ્રશ્નોત્તરી પત્રિકા.

ભૂમિકા.

सर्वमंगलनिधौ हृदि यस्मिन् सङ्गते निरुपमं सुखमेति। मुक्तिशर्म च वशीभवति द्राक् तं बुधा भजन्ते शान्त-रसेन्द्रम् ॥

અર્થ:— જે અનુભવ, હૃદયમાં પ્રાપ્ત થવાથી અનુપમ સુખની પ્રાપ્તિ થાય છે અને મુક્તિ-લક્ષ્મી શીઘ્ર વશમાં આવે છે તે સંપૂર્ણ મંગળોના સમુદ્રસ્વરૂપ શાન્ત રસેન્દ્રના અનુભવને બુદ્ધિમાન પુરુષ સેવે છે.

જે, કોઇપણ વિદ્યાને શીખી, પોતાના પ્રત્યેક સાધારણ યા વિશેષ કાર્યોમાં તેનો નિરંતર ઉપયોગ કરતો રહે છે અથવા તો વ્યાવહારિક કાર્યોમાં જેની વિદ્યાની ઝળક ઝળકે છે તે જ સત્પુરુષ વાસ્તવ અને આદર્શ વિદ્વાન કહેવાય છે. જેઓએ પોતાના સતત પ્રયત્નોદ્વારા આત્માની અનંત શક્તિયોનું ઉદ્ઘાટન કરીને શાન્તિ–સુખનુ તત્ત્વ નિચોવ્યુ છે, જેઓએ આત્માના ગૂઢ રહસ્યોનો તાગ લીધો છે અને તેને હમેશાં સાંભળવામાં તથા શંકાઓના સમાધાન કરવામાં પોતાના સમયનો સદ્વ્યય કર્યો છે તેવા આદર્શ વિદ્વાનો પાસે, જેમ મંત્રવેત્તાના આહ્વાનપર દેવતા

ઉપસ્થિત થાય છે તેમ, પ્રત્યેક દેશના મહાન્ પુરુષો હાથ જોડી ખડા રહે છે.

આવા આદર્શ વિદ્વાનોમાં પંડિતપ્રવર ટોડરમલ્લજી પણ આદર્શ વિદ્વાન થઈ ગયા છે તે અધ્યાત્મ–રસના રસિક અને જ્ઞાની હતા. જેઓએ ગોમટ્ટસાર, લબ્ધિસાર, આત્માનુશાસન આદિ પૂર્ણ-પાંડિત્યપ્રદર્શક મહાન્ ગ્રંથોપરની તેમની ટીકાઓનું અવલોકન કર્યું છે તેમનાથી તેમની વિદ્વતા છાની નથી. આજે તેમના બનાવેલ મોક્ષમાર્ગપ્રકાશક ગ્રંથનો જૈન સમાજમાં બહુ પ્રચાર છે. જૈન ધર્મનો થોડો પણ મર્મ સમજનાર જિજ્ઞાસુ તેમના બનાવેલા મોક્ષમાર્ગપ્રકાશકનું નિત્ય અધ્યયન કરીને તેમાંથી આત્માને મળતાં શાન્ત રસના આસ્વાદનથી પોતાને કૃતકૃત્ય માની સહસ્રમુખે પં૦ ટોડરમલ્લજીની પ્રશંસા કરવામાં પોતાનું સૌભાગ્ય સમજે છે. યથાર્થપણે તેમનું નામ આચાર્યોની શ્રેણિમાં લખવા યોગ્ય છે.

તેવા પંડિતપ્રવરના અધ્યાત્મના ગૂઢ રહસ્યોથી પૂર્ણ ચિઠ્ઠી-ને અમે નાનુંસૂનું શાસ્ત્ર પણ કહીએ તો અત્યુક્તિ નથી. તે એક પ્રાચીન ભંડારમાંથી પ્રાપ્ત થઈ છે; તે તેમણે પોતાના મુલતાન નિવાસી શિષ્યોના પ્રશ્નોના ઉત્તરરૂપે લખી છે. પંડિત ટોડર-મલ્લજીએ પ્રશ્નોના ઉત્તરો કેટલી ખૂબીથી આપ્યા છે તે વિષયમાં અમારે કાંઈ કહેવાની આવશ્યકતા નથી; કેમકે તે તો પાઠકોની સમક્ષ જ છે. પરંતુ આપણા પૂર્વ વિદ્વાન, અધ્યાત્મ રસના રસિક હોવા છતાં પણ વ્યવહારમાં કેટલા દક્ષ હતા તે આ ચિઠ્ઠીના શીર્ષક-વ્યવહારથી જ્ઞાત થાય છે.

‘ તમને સહજાનંદની પ્રાપ્તિ હો ’ કેવું શિષ્ટાચાર પૂર્ણ

આધ્યાત્મિક આનંદદાયક વાક્ય છે. જો પાઠકગણ આ વાક્ય-પર થોડો પણ વિચાર કરે તો માલૂમ પડશે કે આ વાક્ય કેટલું મહત્ત્વપૂર્ણ છે. એ પ્રમાણે ચિઠ્ઠીના સંપૂર્ણ વાક્યોમાં અનુભવની ઝળક દેખાઈ આવે છે. યદ્યપિ વર્ત્તમાન શૈલિની હિન્દી ભાષામાં તેને પ્રકાશિત કરવાથી તેના વિષયો જન સાધારણને વિશેષ સુંદરતાથી સમજાય. પરંતુ જૈન સમાજના એક પ્રસિદ્ધ વિદ્વાનની કીર્ત્તિરક્ષા તથા જે ભાવ વા આનંદ તેમની ભાષામાં વાંચવાથી આવે તે નવીન ભાષામાં ઉતારવાથી આવે કે કેમ તે સંદેહ છે, એમ વિચારી શ્રી છોટેલાલ જૈને તેમની જ ભાષામાં તે પ્રગટ કરેલ છે.

આ જૂની હિન્દી ભાષાને નહિ સમજનાર ગુજરાત કાઠિયાવાડના જૈન સમાજને તે આધ્યાત્મિક ચિઠ્ઠીના મધુર રસનું આસ્વાદન કરાવવાને યથામતિ, તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે. પરંતુ મૂળ વિષયની ભાષા અને આશયને વળગી રહેવા માટે ધર્મસ્નેહી ભાઈશ્રી રામજીભાઈ માણેકચંદ વકીલે મારા ભાષાંતરમાં યોગ્ય ફેરફાર કર્યો છે તે જાણી આનંદ થાય છે. આ ભાષાતરમાં કાંઇ સ્ખલના રહી હોય તો મૂળ સંપાદકની અને વાચકોની ક્ષમા યાચી તથા ભૂલો સૂચવવા વિનતિ કરી વિરમું છું.

કલ્લોલ.
૧૯૯૪ વીરશાસન જયન્તી.

સેવક,
શાહ સોમચંદ અમથાલાલ.

શ્રી

સિદ્ધ શ્રી મુલતાન નગર મહાશુભસ્થાન વિષે સ્વધર્મી ભાઈ અનેક ઉપમા યોગ્ય અધ્યાત્મરસ ભાઈશ્રી ખાનચંદજી, ગંગાધરજી, શ્રીપાલજી, સિદ્ધારથદાસજી, આદિ સર્વ સ્વધર્મી યોગ્ય. લિ૦ ટોડરમલ્લના શ્રી પ્રમુખ વિનય શબ્દ અવધારજો. અહીં યથાસંભવ આનંદ છે. તમારા ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ ચાહું છું.

બીજું, તમારો એક પત્ર ભાઈશ્રી રામસિંઘજી, ભુવાનીદાસજીનો આવ્યો હતો. તેના સમાચાર જહાનાબાદથી અન્ય સ્વધર્મીઓએ લખ્યા હતા. ભાઈશ્રી ! આવા પ્રશ્ન તમારા જેવા જ લખે. આવા વર્તમાનકાળમાં અધ્યાત્મરસના રસિક જીવો બહુ જ થોડા છે. ધન્ય છે તેમને જે સ્વાનુભવની વાર્તા પણ કરે છે. એજ વાત કહે છે કેઃ—

तत्प्रति प्रीतिचित्तेन, येन वार्त्तापि हि श्रुता ।
निश्चितं सः भवेद्भव्यो, भाविनिर्वाणभाजनं ॥

पद्मनन्दिपंचविंशतिका ।

અર્થઃ—જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત જ સાંભળી છે તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનો નિશ્ચયથી પાત્ર થાય છે. અર્થાત્ તે જરૂર મોક્ષમાં જાય છે.

ભાઈશ્રી ! તમે જે પ્રશ્નો લખ્યા તેના ઉત્તર મારી બુદ્ધિ અનુસાર કંઈક લખુ છું તે જાણશો. અને અધ્યાત્મ આગમનો ચર્ચાગર્ભિત પત્ર તો શીઘ્ર શીઘ્ર લખ્યા કરશો. મેળાપ તો કદિ થવો હશે ત્યારે થશે અને નિરંતર સ્વરૂપાનુભવમાં રહેશો. શ્રીરસ્તુ.

હવે સ્વાનુભવદશા વિષે પ્રત્યક્ષ પરોક્ષાદિક પ્રશ્નના ઉત્તર.

તેમાં પ્રથમ સ્વાનુભવનું સ્વરૂપ જાણવા નિમિત્તે લખું છું:—

જીવ [નામનો ચેતન]પદાર્થ અનાદિ [કાળ]થી મિથ્યાદષ્ટિ છે; સ્વ–પરના યથાર્થરૂપથી વિપરીત શ્રદ્ધાનનું નામ તે મિથ્યાત્વ છે. વળી જે કાળે કોઈ જીવને દર્શનમોહના ઉપશમ, ક્ષયોપશમથી સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનરૂપે તત્ત્વાર્થ શ્રધાન હોય ત્યારે તે જીવ સમ્યક્ત્વી થાય છે. સ્વ–પરના યથાર્થ શ્રદ્ધાનમાં શુદ્ધાત્મ શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે વળી જેને સ્વ–પરનું યથાર્થ શ્રદ્ધાન નથી, પણ જૈન મતમાં કહેલાં દેવ, ગુરુ અને ધર્મ–એ ત્રણેને માને છે તથા અન્યમત વિષે કહેલાં દેવાદિ વા તત્ત્વાદિને માને નહિ તો એવા કેવળ વ્યવહાર સમ્યક્ત્વવડે તે [વાસ્તવિક] સમ્યક્ત્વી નામને પામે નહિ. માટે સ્વ–પર ભેદ વિજ્ઞાન પૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન હોય તે સમ્યક્ત્વ જાણવું.

વળી એવા સમ્યક્ત્વી થતાંની સાથે જે જે જ્ઞાન [પૂર્વે] પાંચ ઇંદ્રિય તથા છઠ્ઠા મન દ્વારા ક્ષયોપશમરૂપ મિથ્યાત્વ દશામાં કુમતિ, કુશ્રુતરૂપ થઈ રહ્યું હતુ તે જ્ઞાન હવે મતિ–શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્દષ્ટિ જે કાંઈ જાણે તે સર્વ સમ્યગ્જ્ઞાનરૂપ છે.

એ [સમ્યગ્દષ્ટિ] કદાચિત્ ઘટપટાદિ પદાર્થોને અયથાર્થ પણ જાણે તો તે આવરણજનિત ઉદયનો અજ્ઞાન ભાવ છે, છતાં પણ તે ક્ષયોપશમરૂપ પ્રગટ જ્ઞાન છે, તેથી તે સર્વ સમ્યગ્જ્ઞાન જ છે. કેમકે જાણવામાં પદાર્થસ્વરૂપને વિપરીતરૂપે સાધતો નથી. માટે તે સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. જેમ થોડા ઘણા મેઘપટલ [વાદળાં] રૂપ (અંતરાય) વિલય થતાં જે કંઈ પ્રકાશ પ્રગટે છે તે સર્વપ્રકાશનો અંશ છે.

જે જ્ઞાન મતિ–શ્રુતરૂપ પ્રવર્ત્તે છે તે જ જ્ઞાન વધતું વધતું કેવલજ્ઞાનરૂપે થાય છે, તેથી સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ તો જાતિ એક છે. વળી એ સમ્યગ્દષ્ટિના પરિણામમાં [એ જ્ઞાન] સવિકલ્પ તથા નિર્વિકલ્પરૂપ એમ બે પ્રકારે પ્રવર્ત્તે છે. તેમાં જે વિષય કષાયાદિરૂપ વા પૂજા–દાન–શાસ્ત્રાભ્યાસાદિરૂપ પ્રવર્ત્તે છે તે સવિકલ્પરૂપ જાણવું.

પ્રશ્ન:—જ્યાં શુભ–અશુભરૂપ જ્ઞાન પરિણમતું હોય ત્યાં સમ્યક્ત્વનું અસ્તિત્વ કેવી રીતે હોય?

સમાધાન:—જેમ કોઈ ગુમાસ્તો શેઠના કાર્યમાં પ્રવર્ત્તે છે, તે કાર્યને પોતાનું કાર્ય પણ કહે છે, હર્ષ–વિષાદને પણ પામે છે. એ કાર્યમાં પ્રવર્ત્તતાં તે પોતાની અને શેઠની આપસમાં જુદાઈ પણ સમજતો નથી. પરંતુ તેને એવું અંતરંગ શ્રદ્ધાન છે કે 'આ મારૂં કાર્ય નથી' એ પ્રમાણે કાર્ય કરનાર તે ગુમાસ્તો શાહુકાર છે. વળી તે શાહુકારના ધનને ચોરી તેને પોતાનું માને તો તે ગુમાસ્તો ચોર જ કહેવાય. તેમ કર્મોદયજનિત શુભાશુભ કાર્યનો કર્ત્તા થઈ તદ્રૂપ પરિણમે તોપણ તેને એવા પ્રકારનું અંતરંગ શ્રદ્ધાન છે કે 'આ કાર્ય મારાં નથી.' તેમ દેહાશ્રિત વ્રત–સંયમને પણ પોતાનાં માને (અર્થાત્ પોતાને તેનો કર્ત્તા માને) તો તે મિથ્યાદૃષ્ટિ છે. આવી રીતે સવિકલ્પ પરિણામ હોય છે.

હવે સવિકલ્પના દ્વારવડે નિર્વિકલ્પ થવાના વિધાન [વિધિ] કહીએ છીએ:—

સમ્યગ્દષ્ટિ કદાચિત્ સ્વરૂપ ધ્યાન કરવાનો ઉદ્યમી થાય છે ત્યારે પ્રથમ સ્વ–પર સ્વરૂપનું ભેદ વિજ્ઞાન [વિવેક] કરે.

નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મરહિત ચૈતન્ય ચિત્ત ચમત્કાર માત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર પણ છૂટી જાય. અને કેવલ સ્વાત્મ વિચાર જ રહે છે; ત્યાં નિજસ્વરૂપમાં અનેક પ્રકારની અહંબુદ્ધિ ધારે છે. હું ચિદાનંદ છું, શુદ્ધ છું. સિદ્ધ છું. ઇત્યાદિ વિચાર થતાં સહજ જ આનંદ તરંગ ઊઠે છે, રોમાંચ [ઉલ્લાસિત] થાય છે, ત્યાર પછી એવા વિચારો પણ છૂટી જાય અને [પોતાનું] સ્વરૂપ કેવલ ચિન્માત્રરૂપ ભાસવા લાગે ત્યાં સર્વ પરિણામ તે રૂપે એકાગ્ર થઈ પ્રવર્તે. દર્શન-જ્ઞાનાદિકના વા નય પ્રમાણાદિનો વિચાર [વિકલ્પ] પણ વિલય થઈ જાય.

સવિકલ્પ ચૈતન્ય સ્વરૂપવડે જે નિશ્ચય કર્યો હતો તેમાં જ વ્યાપ્ય-વ્યાપકરૂપ થઈ એવો પ્રવર્તે કે જ્યાં ધ્યાતા-ધ્યાયપણું [ધ્યેય] દૂર થઈ જાય. અને એવી દશાનું નામ નિર્વિકલ્પ અનુભવ છે. મોટા નયચક્ર ગ્રંથમાં પણ એમજ કહ્યું છે કેઃ-

तच्चाणिसेण काले समय बुझेदि जुत्तमो गणणो ।
आराहसमिरा पच्चक्लो अणुहवो जम्हा ॥

અર્થ:—તત્વના અવલોકન કાળે સમય અર્થાત્ શુદ્ધાત્માને નય પ્રમાણ સહિત તે [નય પ્રમાણ] વડે પહેલાં જાણે ત્યાર પછી આરાધન સમય જે અનુભવ કાળ છે તેમાં નય, પ્રમાણ છે નહિ. કારણ ત્યાં તો પ્રત્યક્ષ અનુભવ [વર્તે] છે. જેમ રત્નની ખરીદ વખતે તો અનેક વિકલ્પ થાય છે. પણ જ્યારે તે રત્ન પ્રત્યક્ષ પહેરવામાં આવે ત્યારે વિકલ્પ હોતો નથી ત્યાં તો રત્નને પહેરવાનું સુખ જ વર્તે છે. એ પ્રમાણે સવિકલ્પદ્વારા નિર્વિકલ્પ અનુભવ હોય છે.

વળી જે જ્ઞાન પાંચ ઇંદ્રિય અને છઠ્ઠા મનદ્વારા પ્રવર્ત્તતું હતું તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ અનુભવમાં

કેવલસ્વરૂપ સન્મુખ થયું. કેમકે જે જ્ઞાન ક્ષયોપશમરૂપ છે તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે. હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહજે જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકારી હોવા છતાં પણ સ્વરૂપ-ધ્યાનીને તેની કાંઈ ખબર નથી. એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપ સન્મુખ થયું. વળી નયાદિના વિચારો મટવાથી શ્રુતજ્ઞાન પણ સ્વરૂપ સન્મુખ થયું. આવું છે/વર્ણન સમયસારની આત્મખ્યાતિમાં/તથા આત્માવલોકનાદિમાં /છે તેટલા માટે જ નિર્વિકલ્પ અનુભવને અતીન્દ્રિય કહીએ છીએ કારણ કે ઇન્દ્રિયોનો ધર્મ તો એ છે કે તે સ્પર્શ, રસ, ગંધ વર્ણને જાણે તે અહીં નથી અને મનનો ધર્મ એ છે કે તે અનેક વિકલ્પ કરે તે પણ અહી નથી, [અર્થાત્ એ બન્ને અહીં સ્વરૂપ ધ્યાનીને નથી.] તેથી જે જ્ઞાન ઇન્દ્રિયો તથા મન-દ્વારા પ્રવર્ત્તતું હતુ તે જ જ્ઞાન નિજ અનુભવમા પ્રવર્ત્તે છે, તથાપિ આ જ્ઞાનને અતીન્દ્રિય કહીએ વળી આ સ્વાનુભવ મનદ્વારા થયો એમ પણ કહીએ કેમકે આ અનુભવમા મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન જ છે, અન્ય કોઇ જ્ઞાન નથી.

મતિશ્રુતજ્ઞાન ઇંદ્રિય તથા મનના અવલમ્બન વિના હોય નહિ પણ ઇન્દ્રિય તથા મનનો તો અહી અભાવ જ છે, કારણ કે ઇન્દ્રિયનો વિષય મૂર્ત્તિક પદાર્થો જ છે. વળી અહી મતિજ્ઞાન છે. કારણ મનનો વિષય મૂર્ત્તિક, અમૂર્ત્તિક પદાર્થો છે. તેથી અહીં મન સંબંધી પરિણામ સ્વરૂપ વિષે એકાગ્ર થઈ અન્ય ચિન્તા [ચિંતવન] નો નિરોધ કરે છે તેથી તેને મનદ્વારા થયું એમ કહીએ.

'एकाग्र चिन्ता निरोधो ध्यानम्' એવું ધ્યાનનુ પણ લક્ષણ કહ્યું છે એમ અનુભવદશામાં સંભવે છે. વળી સમયસાર નાટકના કવિતમાં કહ્યું છે કે:—

દોહા.

वस्तु विचारत +भावतें मन पावै विश्राम ।
रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम ॥

એ પ્રમાણે મન વિના જુદા પરિણામ સ્વરૂપમાં પ્રવર્ત્તતા નથી. તેથી સ્વાનુભવને મનજનિત પણ કહીએ. એટલે તેને અતીન્દ્રિય કહેવામાં અથવા તો મનજનિત કહેવામાં કાંઈ વિરોધ નથી; વિવક્ષા ભેદ છે.

વળી તમે લખ્યું કે 'જો આત્મા અતીન્દ્રિય છે તેથી તે અતીન્દ્રિયવડે જ ગ્રાહ્ય થઈ શકે' તેના ઉત્તરમાં લખવાનું કે–મન અમૂર્ત્તિક [પદાર્થ] ને પણ ગ્રહણ કરે છે. તેથી જ કહ્યું છે કે મતિ–શ્રુતજ્ઞાનનો વિષય સર્વ દ્રવ્યો છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે:—

*'**मतिश्रुतयोर्निबन्धो द्रव्येष्वसर्वपर्यायेषु**' ॥ १–२६ ॥

વળી તમે પ્રત્યક્ષ—પરોક્ષ સંબંધી પત્ર લખ્યો. પણ ભાઈશ્રી ! સમ્યક્ત્વમા કંઈ પ્રત્યક્ષ–પરોક્ષરૂપ ભેદ નથી. ચોથા ગુણસ્થાને ભગવાન સિદ્ધ જેવુ ક્ષાયિક સમ્યક્ત્વ થઈ જાય છે, તેથી સમ્યક્ત્વ તો માત્ર યથાર્થ શ્રદ્ધાન રૂપ જ છે. તે જીવ

+ पाठा० ध्यावतैं

* મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જીવાદિ છએ દ્રવ્યોની સમસ્ત પર્યાયોને જાણતાં નથી, થોડી થોડી પર્યાયોને જ જાણી શકે છે.

શુભ-અશુભ કાર્ય કરતો પણ હોય છે, [તેથી કાંઈ યથાર્થ પદાર્થ શ્રદ્ધાન ન હોય એમ હોતું નથી]. તમે જે લખ્યું હતું કે 'નિશ્ચય સમ્યક્ત્વ પ્રત્યક્ષ છે અને વ્યવહાર સમ્યક્ત્વ પરોક્ષ છે', પણ એમ નથી. સમ્યક્ત્વના તો ત્રણ ભેદ છે. તેમાં ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ તો નિર્મલ છે કેમકે તે મિથ્યાત્વના ઉદયરહિત છે. તથા ક્ષયોપશમ સમ્યક્ત્વ સમલ છે. પણ આ સમ્યક્ત્વવિષે પ્રત્યક્ષ-પરોક્ષરૂપ ભેદ તો છે નહિ.

શુભાશુભરૂપ પ્રવર્ત્તતાં વા સ્વાનુભવરૂપ પ્રવર્ત્તતાં ક્ષાયિક સમ્યક્ત્વમાં સમ્યક્ત્વ ગુણ તો સામાન્ય જ છે, તેથી સમ્યક્ત્વના પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ ન માનવા. પણ પ્રમાણના પ્રત્યક્ષ, પરોક્ષરૂપ બે ભેદ છે. હવે પ્રમાણ સમ્યગ્જ્ઞાન છે, તેથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તો પરોક્ષ પ્રમાણ છે, અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે. યથા—

"आद्ये परोक्षं प्रत्यक्षमन्यत्" ॥ ११-१२ ॥

એવાં સૂત્રો કહ્યાં છે. તેમજ તર્કશાસ્ત્રમાં પ્રત્યક્ષ-પરોક્ષનું આવું લક્ષણ કહ્યું છે.

"स्पष्टप्रतिभासात्मकं प्रत्यक्षमस्पष्टं परोक्षं"

અર્થ:—જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળતારૂપે જાણે તે જ્ઞાન પ્રત્યક્ષ. જે જ્ઞાન સારી રીતે સ્પષ્ટરૂપ નિશ્ચય ન જાણે તે પરોક્ષ. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના વિષય તો ઘણા છે પરંતુ તે એક જ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતા નથી તેથી તે પરોક્ષ છે. અને અવધિ-મનઃપર્યયજ્ઞાનનો વિષય થોડો છે. પરંતુ તે પોતાના

વિષયને સ્પષ્ટ જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે, અને કેવલ [જ્ઞાન] સર્વ જ્ઞેયને પોતે સ્પષ્ટ રીતે જાણે તેથી તે સર્વપ્રત્યક્ષ છે.

વળી પ્રત્યક્ષના બે ભેદ છે. પરમાર્થ પ્રત્યક્ષ અને વ્યવહાર પ્રત્યક્ષ. અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન તો સ્પષ્ટ પ્રતિભાસરૂપ છે તેથી તે પારમાર્થિક [પ્રત્યક્ષ] છે. અને નેત્રાદિવડે વર્ણાદિકને જાણીએ છીએ તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ. પરંતુ એક વસ્તુમાં મિશ્ર અનેક વર્ણ છે તે નેત્રવડે સારી રીતે ગ્રહ્યા જાય છે તેથી તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ.

વળી પરોક્ષ પ્રમાણના પાંચ ભેદ છે; સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમ. તેનું સ્વરૂપ.—

૧. પૂર્વે જાણેલી વસ્તુને યાદ કરીને જાણવી તે સ્મૃતિ કહીએ.
૨. દષ્ટાંતવડે વસ્તુનો નિશ્ચય કરીએ તે પ્રત્યભિજ્ઞાન કહીએ.
૩. હેતુથી જે વિચારમા લીધું તે જ્ઞાનને તર્ક કહીએ.
૪. હેતુથી સાધ્ય વસ્તુનુ જે જ્ઞાન તેને અનુમાન કહીએ.
૫. આગમથી જે જ્ઞાન થાય તે આગમ કહીએ.

એ પ્રમાણે પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણના ભેદ કહ્યાં છે. તે સ્વાનુભવ દશામા આત્માને જે જાણવામાં આવે છે, તે શ્રુતજ્ઞાનવડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ છે. તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન પરોક્ષ કહેલ છે તેથી ત્યાં આત્માનું જાણવું પ્રત્યક્ષરૂપ હોતું નથી. વળી અવધિ, મનઃપર્યયજ્ઞાનનો વિષય રૂપી પદાર્થો જ છે; તથા કેવલજ્ઞાન છદ્મસ્થ જીવોને હોય નહિ, તેથી [સ્વ] અનુભવ વિષે અવધિ–મન પર્યય–કેવળજ્ઞાનવડે આત્માનું જાણવુ હોય નહિ. વળી અહીં જે આત્માને સારી રીતે સ્પષ્ટ

જાણે છે તેમાં પારમાર્થિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી. વળી જેમ નેત્રાદિવડે જાણવામાં આવે છે તેમ એકદેશ નિર્મળતાપૂર્વક પણ આત્માના અસંખ્યાત પ્રદેશાદિ જાણવામાં આવતા નથી તેથી સાંવ્યવહારિક પ્રત્યક્ષપણું પણ સંભવતું નથી.

અહીં તો આગમ અનુમાનાદિક પરોક્ષજ્ઞાનવડે આત્માનો અનુભવ હોય છે. જૈનાગમમા જેવુ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેને તેવું જાણી તેમાં પોતાના પરિણામોને મગ્ન કરે છે તેથી તેને આગમ પરોક્ષ પ્રમાણ કહીએ, અથવા હું આત્મા જ છુ તેથી મારામાં જ્ઞાન છે; જ્યાં જ્યાં જ્ઞાન છે ત્યાં ત્યાં આત્મા છે, જેમકે:—સિદ્ધાદિક. વળી જ્યાં આત્મા નહિ ત્યાં જ્ઞાન પણ નહિ જેમકે.-મૃત કલેવરાદિક. એ પ્રમાણે અનુમાનવડે વસ્તુનો નિશ્ચય કરી તેમાં [તે પોતાના] પરિણામોને મગ્ન કરે છે. તેથી તેને અનુમાન પરોક્ષ પ્રમાણ કહીએ; અથવા આગમ અનુમાનાદિવડે જે વસ્તુ (સ્વરૂપ) જાણવામાં આવ્યુ તેને યાદ રાખીને તેમાં [પોતાના] પરિણામોને મગ્ન કરે છે તેથી તેને સ્મૃતિ કહીએ ઇત્યાદિ પ્રકારથી સ્વાનુભવમાં પરોક્ષ પ્રમાણ વડે જ આત્માને જાણવાનુ હોય છે. પછી જે સ્વરૂપ જાણ્યુ તેમા જ પરિણામ મગ્ન હોય તેનું કંઇ વિશેષ જાણપણુ હોતુ નથી.

પ્રશ્ન:—સવિકલ્પ નિર્વિકલ્પ દશામાં જો જાણવાનું વિશેષ નથી તો અધિક આનંદ કેમ હોય ?

સમાધાન:—સવિકલ્પ દશામા જ્ઞાન અનેક જ્ઞેયને જાણવારૂપે પ્રવર્તતું હતું તે નિર્વિકલ્પ દશામા માત્ર આત્માને જ જાણવામાં પ્રવર્તે છે. એક તો એ વિશેષ છે. બીજુ એ વિશેષ છે કે જે પરિણામ વિવિધ વિકલ્પમાં પરિણમતા હતા તે માત્ર

સ્વરૂપમાં જ તાદાત્મ્યરૂપ થઈ પ્રવર્ત્યો, ત્રીજું એ વિશેષ છે કે એ બન્ને વિશેષતાઓથી કોઈ વચનાતીત અપૂર્વ આનંદ થાય છે કે વિષય સેવનના આનંદમાં તે આનંદના અંશની જાત પણ હોતી નથી તેથી એ આનંદને અતીન્દ્રિય આનંદ કહીએ છીએ.

પ્રશ્ન:—એ સ્વાનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે તો ગ્રંથોમાં એ અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે? કારણ કે ઉપરની ગાથામા જ કહ્યું છે કે '**पच्चक्खो अणुहवो जम्हा**' .

સમાધાન:—અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશનો આકાર તો ભાસતો નથી. પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતા જે સ્વાનુભવ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે એ સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમ-અનુમાનાદિક પરોક્ષ પ્રમાણાદિવડે જણાતો નથી. પોતેજ એ અનુભવના રસાસ્વાદને વેદે છે. જેમ કોઈ અંધ મનુષ્ય સાકરનો આસ્વાદ કરે છે ત્યાં સાકરના આકારાદિ તો પરોક્ષ છે પણ જીભવડે જે સ્વાદ લીધો છે તે સ્વાદ પ્રત્યક્ષ છે એમ [તે અનુભવના સંબંધમા] જાણવું .

અથવા જે પ્રત્યક્ષ જેવું હોય તેને પણ પ્રત્યક્ષ કહીએ, જેમ લોકમાં પણ કહીએ છીએ કે 'અમે સ્વપ્નમાં વા ધ્યાનમાં ફલાણા પુરુષને પ્રત્યક્ષ દીઠો', હવે તેને પ્રત્યક્ષ દીઠો તો નથી, પરંતુ પ્રત્યક્ષ માફક પ્રત્યક્ષવત્ [તે પુરુષને] યથાર્થ દેખ્યો તેથી તેને પ્રત્યક્ષ કહી શકાય તેમ અનુભવમાં આત્મા પ્રત્યક્ષ માફક યથાર્થ પ્રતિભાસે. આ ન્યાયે આત્માનું પણ પ્રત્યક્ષ જાણવું હોય છે એમ કહીએ તો તેમાં દોષ નથી. કથન તો અનેક પ્રકારનું

હોય છે પણ સર્વ આગમ-અધ્યાત્મ શાસ્ત્રથી વિરોધ ન આવે તેમ વિવક્ષા ભેદવડે કથન જાણવાં.

પ્રશ્ન:—એવો અનુભવ કયા ગુણસ્થાનમાં કહ્યો છે?

સમાધાન:—ચોથા ગુણસ્થાનથી જ હોય છે. પરંતુ ચોથા ગુણસ્થાને તો ઘણા કાળનાં અંતરાળે હોય છે અને ઉપરના ગુણસ્થાને શીઘ્ર શીઘ્ર થાય છે.

પ્રશ્ન:—અનુભવ તો નિર્વિકલ્પ છે તો ઉપરના અને નીચેના ગુણસ્થાનકે [સ્વાનુભવમાં પરસ્પર] ભેદ શો?

ઉત્તર:—પરિણામોની મગ્નતામાં વિશેષ છે, જેમ બે પુરુષ નાવ લે છે અને બન્નેના પરિણામ નાવવિષે છે. ત્યાં એકને તો વિશેષ મગ્નતા છે જ્યારે બીજાને થોડી છે. તેમ આમા પણ જાણવુ.

પ્રશ્ન:—જો નિર્વિકલ્પ અનુભવમાં કોઈ વિકલ્પ નથી તો શુક્લધ્યાનનો પ્રથમ ભેદ જે પૃથક્ત્વવિતર્ક વિચાર કહ્યો છે તેમાં પૃથક્ત્વવિતર્ક નાના પ્રકારના શ્રુત [રૂપ], અને વિચાર અર્થ, વ્યંજન, યોગ, સંક્રમણરૂપ એમ કેમ કહ્યું હશે?

ઉત્તર:—કથન બે પ્રકારે હોય છે. એક સ્થૂલરૂપ છે અને બીજુ સૂક્ષ્મરૂપ છે. જેમ સ્થૂલરૂપે તો છઠ્ઠા ગુણસ્થાને જ સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત કહ્યુ; પણ સૂક્ષ્મતાએ તો નવમા ગુણસ્થાન સુધી મૈથુનસંજ્ઞા કહી, તેમ અહીં સ્વાનુભવમાં નિર્વિકલ્પતા સ્થૂલરૂપે કહી છે. વળી સૂક્ષ્મતાએ તો પૃથક્ત્વવિતર્કવિચારાદિ ભેદ વા કષાયાદિક દશમા ગુણસ્થાન સુધી કહ્યા હવે પોતાના તથા અન્યના જાણવામા આવી શકે એવા ભાવનુ કથન સ્થૂલ જાણવું.

અને જે પોતે પણ ન જાણી શકે, [માત્ર] કેવલી ભગવાન જ જાણી શકે એવા ભાવોનું કથન સૂક્ષ્મ જાણવુ ચરણાનુયોગમાં સ્થૂલ કથનની મુખ્યતા છે અને કરણાનુયોગમાં સૂક્ષ્મ કથનની મુખ્યતા છે એવા ભેદ અન્ય ઠેકાણે પણ જાણવા. એ પ્રમાણે નિર્વિકલ્પ અનુભવનુ સ્વરૂપ જાણવુ.

વળી ભાઈશ્રી! તમે ત્રણ દૃષ્ટાંત લખ્યાં અથવા દૃષ્ટાંતદ્વારા પ્રશ્ન લખ્યા પણ દૃષ્ટાંત સર્વાંગ મળતાં આવે નહિ. દૃષ્ટાંત છે તે એક પ્રયોજનને દર્શાવે છે. અહીં બીજનો ચન્દ્ર, જળબિન્દુ, અગ્નિકણ તો એકદેશ [અંશ] છે અને પૂર્ણિમાનો ચન્દ્ર, મહાસાગર, અગ્નિકુંડ એ સર્વ દેશ છે. તે જ પ્રમાણે ચોથા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિ ગુણો એકદેશ પ્રગટ થયા છે તેની તથા તેરમા ગુણસ્થાનવર્તી આત્માને જ્ઞાનાદિગુણો સર્વદેશરૂપ પ્રગટ થયા છે તેની એક જ જાતિ છે. [એમ સમજવુ]

પ્રશ્ન:—જો એક જાતિ છે તો જેમ કેવલી સર્વ જ્ઞેયને પ્રત્યક્ષ જાણે છે તેમ ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ આત્માને પ્રત્યક્ષ જાણતો હશે?

ઉત્તર:—ભાઈશ્રી! પ્રત્યક્ષતાની અપેક્ષાએ તે [બન્નેની] એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ [એ બન્નેની] એક જાતિ છે. ચોથા ગુણસ્થાને મતિ–શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન છે, અને તેરમા ગુણસ્થાને કેવલરૂપ સમ્યગ્જ્ઞાન છે. વળી એકદેશ, સર્વદેશમાં અંતર તો એટલો જ છે કે મતિ–શ્રુતજ્ઞાનવાળા અમૂર્તિક વસ્તુને અપ્રત્યક્ષ અને મૂર્તિક વસ્તુને પણ પ્રત્યક્ષ વા અપ્રત્યક્ષ કિંચિત્ અનુક્રમપૂર્વક જાણે છે. તથા કેવલજ્ઞાની સર્વ વસ્તુને

સર્વથા યુગપત્ જાણે છે. પ્રથમનો પરોક્ષરૂપે જાણે છે, અને બીજો પ્રત્યક્ષરૂપે જાણે છે, એટલુ જ તેમાં વિશેષ છે. વળી જો સર્વ પ્રકારે એ બન્ને જ્ઞાનની એક જ જાતિ કહીએ તો જેમ-કેવલજ્ઞાની પ્રત્યક્ષ અપ્રયોજનરૂપ જ્ઞેયને નિર્વિકલ્પરૂપ જાણે છે. તેમ આ ચોથા ગુણસ્થાનવર્તી જીવે પણ જાણવું જોઈએ પણ એમ તો નથી તેથી [તે બન્નેમાં] પ્રત્યક્ષ, પરોક્ષનું વિશેષ જાણવુ. કહ્યું છે કે.—

स्याद्वादकेवलज्ञाने, सर्वतत्त्वप्रकाशने ।
भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत् ॥

अष्टसहस्री-दशमःपरिच्छेदः-१०५.

અર્થ—સ્યાદ્‌વાદ જે શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન-એ બન્ને સર્વ તત્ત્વોને પ્રકાશનારા છે. ભેદ એટલો જ કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. વસ્તુરૂપે એ બન્ને એક બીજાથી અન્યરૂપે નથી. વળી તમે લખ્યુ કે.—

પ્રશ્નઃ—નિશ્ચય અને વ્યવહાર સમ્યક્ત્વનુ સ્વરૂપ શું ?

ઉત્તરઃ—તે [બે પ્રકારે] સત્ય છે; પરંતુ એટલુ જાણવુ કે સમ્યક્ત્વીને વ્યવહાર સમ્યક્ત્વમાં નિશ્ચય સમ્યક્ત્વ ગર્ભિત છે. નિરંતર ગમન [પરિણમન] રૂપ છે. વળી તમે લખ્યુ કે કોઈ સાધર્મી કહે છે કે—

'આત્માને પ્રત્યક્ષ જાણે તો કર્મવર્ગણાઓને પ્રત્યક્ષ કેમ ન જાણે ? તે માટે કહ્યું છે કે આત્માને પ્રત્યક્ષ તો કેવલી જ જાણે છે તો કર્મવર્ગણાને અવધિજ્ઞાન પણ જાણે છે. વળી તમે લખ્યુ કે 'બીજના ચંદ્રની જેમ આત્માના પ્રદેશ થોડા ખુલ્લા છે એમ કહો છો ?

ઉત્તરઃ—એ દૃષ્ટાંત પ્રદેશની અપેક્ષાએ નથી પણ ગુણની અપેક્ષાએ છે. અને સમ્યક્ત્વ, સ્વાનુભવ, પ્રત્યક્ષાદિક સંબંધી તમે જે પ્રશ્નો લખ્યા હતા તેનો પ્રત્યુત્તર મારી બુદ્ધિ અનુસાર લખ્યો છે. તમે પણ જિનવાણીને, પોતાની પરિણતિ સાથે મેળવી લેશો, અને વિશેષ ક્યાં સુધી લખીએ? કારણ જે વાત જાણવામા આવે તે લખવામા આવી શકે નહિ. મળ્યે કાંઈક કહી શકાય; પરંતુ મળવું તો કર્માધીન છે. માટે, સારૂં તો એ છે કે ચૈતન્યસ્વરૂપની પ્રાપ્તિના ઉદ્યમમાં–અનુભવમાં રહેવુ–વર્ત્તવુ. વર્તમાનકાળમાં અધ્યાત્મતત્ત્વ તો આત્મા છે.

તે સમયસાર ગ્રંથની શ્રીઅમૃતચંદ્ર આચાર્યકૃત ટીકા સંસ્કૃતમાં છે અને આગમની ચર્ચા ગોમટ્ટસારમાં છે તથા બીજી પણ અન્ય ગ્રંથોમાં છે. જે જાણી છે તે સર્વ લખવામાં આવે નહિ. તેથી તમે અધ્યાત્મ તથા આગમ ગ્રંથોનો અભ્યાસ રાખજો. અને નિજસ્વરૂપમા મગ્ન રહેજો. વળી તમે કોઈ વિશેષ ગ્રંથોમાં જાણ્યુ હોય તો મને લખી મોકલજો. સ્વધર્મીને તો પરસ્પર [ધર્મ] ચર્ચા જ જોઇએ, વળી મારી તો એટલી બુદ્ધિ છે નહિ, પરંતુ તમારા જેવા ભાઇઓથી [આ] પરસ્પર વિચાર છે તે હવે કયા સુધી લખીએ? જ્યાં સુધી મળવું થાય નહીં ત્યાં સુધી પત્ર તો શીઘ્ર જ લખ્યા કરો. મિતિ ફાગણ વદ ૫ સંવત ૧૮૧૧. ૐ શાંતિ.

કલોલ	અનુવાદક,
આષાઢ સુદ ૭ ૧૯૯૩.	**સોમચંદ અમથાલાલ શાહ.**

રાગ-બિલાવલ.

ઐસૈ યો પ્રભુ પાઇયે, સુન પંડિત પ્રાની;
જ્યોં મથિ માખન કાઢિયે, દધિ મેલિ મથાની-ઐસૈ૦ ૧

જ્યોં રસલીન રસાયની, રસરીતિ અરાધૈ;
ત્યોં ઘટમે પરમારથી, પરમારથ સાધૈ-ઐસૈ૦ ૨.

જૈસૈં વૈદ્ય વિથા લહૈ, ગુણ દોષ વિચારૈ,
તૈસે પંડિત પિંડકી, રચના નિરવારૈ-ઐસૈ૦ ૩

પિંડસ્વરૂપ અચેત હૈ, પ્રભુરૂપ ન કોઇ,
જાનૈ માનૈ રમિ રહૈ, ઘટ વ્યાપક સોઇ-ઐસૈ૦ ૪.

ચેતન લચ્છન હૈ ધની, જડ લચ્છન કાયા;
ચચલ લચ્છન ચિત્ત હૈ, ભ્રમ લચ્છન માયા-ઐસૈ૦ ૫

લચ્છન ભેદ વિલેચ્છકો, સુ વિલચ્છન વેદૈ;
સત્તસરૂપ હિયે ધરૈ, ભ્રમરૂપ ઉછેદૈ-ઐસૈ૦ ૬.

જ્યો રજ સોધૈ ન્યારિયા, ધન સૌ મનકી લૈ.
ત્યોં મુનિ કર્મવિપાકમે, અપને રસ ઝીલૈ-ઐસૈ૦ ૭

આપ લખૈ જબ આપકો, દુવિધા પદ મેટૈ;
સેવક સાહિબ એક હૈ, તબ કો કિહિ ભેટૈ-ઐસૈ૦ ૮

બનારસીદાસ.

નાટક સમયસાર સિદ્ધાંતોના પાઠાંતર કલશોનો (ભાષાનુવાદ)

મનહર છંદ

પ્રથમ અજ્ઞાની જીવ કહૈ, મૈં સદીવ એક,
દૂસરો ન ઔર મૈ હી કરતા કરમકો.
અંતર વિવેક આયો આપા પર ભેદ પાયો.
ભયો બોધ ગયો મિટ ભારત ભરમકો.
ભાસે છઉ દ્રવ્યનકે ગુણ પરજાય સબ,
નાશે દુઃખ લખ્યો મુખ પૂરણ પરમકો,
કરમકો કરતાર માન્યો પુદ્ગલ પિંડ,
આપ કરતાર ભયો આતમ ધરમકો. ૧

દોહા

જીવ ચેતના સંજુગત, સદાકાલ સબ ઠૌર,
તાતૈં ચેતનભાવકો, કર્તા જીવ ન ઔર ૨

ગીતિ

જે પૂર્વકર્મઉદયવિષયરસ, ભોગમગન સદા રહૈ,
આગમ વિષયસુખ ભોગ વાંછહિ, તે ન પંચમગતિ લહૈ
જિસ હિયે કેવલ વૃક્ષ અંકૂર, શુદ્ધ અનુભવ દીપ હૈ;
કિરિયા સકલ તજ હોહિ સમરસ, તિનહિં મોક્ષ સમીપ હૈ ૩
કોઊ વિચક્ષણ કહે મો હિય, શુદ્ધ અનુભવ સોહયે,
મૈ ભાવિ નય પરિમાણ નિર્મલ, નિરાશી નિરમોહયે,
સમધ્યાન દેવલ માહિ કેવલ દેવ પરગટ ભાસહી,
કર ભ્રષ્ટયોગ વિભાવ પરિણતિ, અષ્ટ કર્મ વિનાશહી ૪

બનારસીદાસ.

આપ સ્વભાવકી સજઝાય.

આપ સ્વભાવમે રે, અબધુ સદા મગનમેં રહેના:
જગત્ જીવ હૈ કર્માધિના, અચરજ કછુઅ ન લિના. આ૦ ૧.

તુમ નહીં કેરા કોઇ નહીં તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હૈ સો તેરી પાસે, અવર સબી અનેરા. આ૦ ૨.

વપુ વિનાશી તૂ અવિનાશી, અબ હૈ ઇનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આ૦ ૩.

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા,
જબ તુમ ઇનકો દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા. આ૦ ૪.

પરકી આશા સદા નિરાશા, એ હે જગ જન પાશા;
તે કાટનકુ કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા. આ૦ ૫.

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમે કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી આ૦ ૬.

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન, ધ્યાન મનોહારી,
કર્મ કલકકુ દૂર નિવારી, 'જીવ' વરે શિવ નારી આ૦ ૭.

ઇતિ શુભ.

શુદ્ધિ.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધિ	શુદ્ધિ.
૫૪	૯	મન	મને
३९	१५	पच्चक्यो	पच्चक्खो